वर्ष : 5 ◆ અંક : 3
મે-જૂન 2015
સળંગ અંક : 27

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

...પૂર્વનાં પર્વત શિખરો જાણે સાદ પાડી રહ્યાં છે. સૂર્ય પણ જાણે એક શિખરને ખભે ચડી સમગ્ર પર્વતશ્રેણી અને ભાગીરથીની ઘાટીને પોતાના તડકાથી રસી રહ્યો છે; પરંતુ જમણે હાથે ભાગીરથીની પેલે પાર દક્ષિણે એક શ્વેત પર્વત આછા સંચારમાણ ધુમ્મસમાં વીંટળાયેલો છે. એક રહસ્યાવૃત્ત ભવ્યતાનો એ અનુભવ કરાવે છે. કોમળ તડકો એ રહસ્યને હજી ભેદી શક્યો નહોતો. પણ એ કોમળ તડકામાં પંખીઓનો કલનિનાદ ભાગીરથીના ગર્જન વચ્ચે પણ સાંભળી શકાતો હતો.'

('દેવતાત્મા હિમાલય', પૃ. ૪૧)

'થોડેક દૂર જતી ગાડીનો અવાજ સ્તબ્ધતાને જગાડે છે. એની તીણી વ્હીસલ સ્તબ્ધતાને ચીરે છે. હજી હમણાં તો હોલાનો અવાજ એ સ્તબ્ધતાને વાઢ કરતો હતો. ગાડી હવે દૂર જતી ગઈ છે. દૂરથી માત્ર એનાં પૈડાંના સંગીતનો વિલંબિત સ્વર વહી આવે છે. ધીરે ધીરે તેય વિલીન થઈ જાય છે. ફરી સ્તબ્ધતા વ્યાપી વળે છે.' ('કાંચનજંઘા' પૃ. ૧૩૧)

– ભોળાભાઈ પટેલ

✴

કશો ભાર ન વેંઢારતા. સ્વસ્થ અને હસમુખા ! ઊંડી સમજદારી અને નિસ્બતની સાથોસાથ પ્રસંગ પડ્યે ઉગ્ર અને સ્પષ્ટ વક્તા બની શકતા, અત્યારે તો સૌને અનિવાર્ય એવા સંઘર્ષો – વિસંવાદોમાં અટવાયા હોય ત્યારે સચિંત અને ક્વચિત્ સહેજ ગળગળા કે ભીની થતી આંખવાળા; તરુણ વિદ્યાર્થીઓથી લઈને, શિષ્ય-મિત્ર રઘુવીર તથા ઉમાશંકરભાઈ અને નગીનદાસભાઈ સુધીના મનીષીઓની અંતરનો એકાદ ખૂણો કે ભાગ રોકી બેસતા; બંગાળ, ઊડિસા, આસામ / અહોમ, ઉત્તર પ્રદેશ – એમ અનેક ભાષાપ્રદેશના સાહિત્યજીવો અને સાહિત્યરસિયાઓ સાથે સ્નેહગાંઠે સંકળાયેલા – આવા, 'આસન સે મત ડોલ' એ મંત્ર સાધ્યો હોય તેવા સાહિત્યનિષ્ઠ ભોળાભાઈ.

– હરિવલ્લભ ભાયાણી



**કે. બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગરનું ભવન**






માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૫, અંક : ૩, મે-જૂન, ૨૦૧૫; સળંગ અંક : ૨૭

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : વર્લ્ડ રેન્કિંગ અને આપણી યુનિવર્સિટીઓ — મણિભાઈ પ્રજાપતિ ૧
- ૧. સંસ્થા પરિચય : કે. બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગર ૬
- ૨. એલસા બાસ્કોલીટનું મૃત્યુ — હાઈનરીખ બ્યૉલ, અનુ. મોહનલાલ પટેલ ૭
- ૩. ઘર — ભોળાભાઈ પટેલ ૧૧
- ૪. કૃષિયજ્ઞ — ભગીરથ બ્રહ્મભટ્ટ ૧૪
- ૫. મહામના સર્જક, વૈશ્વિક દૃષ્ટિવાળા ચિંતક : દર્શક — મનસુખ સલ્લા ૧૬
- ૬. કર્મયોગી સ્વ. ધનાભાઈ વકીલ — કાન્તિભાઈ ના. પટેલ ૨૧
- ૭. બાળસાહિત્યના સિતારા : ઈશ્વર પરમાર — તુલસીભાઈ પટેલ ૨૩
- ૮. સફળતાના દશ મંત્રો — અઝીમ પ્રેમજી; સારાનુવાદ : અરુણા જાડેજા ૨૬
- ૯. દિલ સે... — પ્રિ. કેશુભાઈ પટેલ ૨૮
- ૧૦. લીઓનહાર્ડ ઑઈલર — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૦
- ૧૧. તર્ક અને ક્રાંતિનો સમય — પ્રહ્લાદભાઈ છ. પટેલ ૩૭
- ૧૨. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૪૧
  - મારી આનંદયાત્રા
  - Pre-Modern Kutchi Navigation Techniques and Voyages


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### વર્લ્ડ રેન્કિંગ અને આપણી યુનિવર્સિટીઓ

વર્ષ ૨૦૦૩-૦૪થી કેટલીક સંસ્થાઓ / એજન્સીઓ દ્વારા વિશ્વની યુનિવર્સિટીઓને તેમની સર્વાંગી ઉપલબ્ધિઓને ધ્યાને લઈને વૈશ્વિક સ્તરે અગ્રતાક્રમ (World Ranking) આપવાની પ્રથા શરૂ કરવામાં આવી છે. અગ્રતાક્રમ એનાયત કરતી ૯ સંસ્થાઓ / એજન્સીઓ પૈકી Times Higher Education, Quacquarelli Symonds અને Academic Ranking = Shanghai Ranking વૈશ્વિક સ્તરે સવિશેષ સ્વીકૃત અને ખ્યાતિપ્રાપ્ત છે. આ બધી સંસ્થાઓ દ્વારા અગ્રતાક્રમ એનાયત કરવા માટે પોતપોતાની રીતે ચોક્કસ માપદંડો અને તેનો પ્રમાણભાર નિયત કરવામાં આવ્યાં છે. આ હેતુસર સામાન્યતઃ નીચે દર્શાવ્યા મુજબની પ્રમુખ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે :

૧. અધ્યયન–અધ્યાપન પર્યાવરણ અને ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ.

૨. યુગપ્રભાવક ગુણાત્મક અને જથ્થાત્મક સંશોધન અને તેના પરિણામે પ્રાપ્ત થતી આવક અને પ્રતિષ્ઠા. અધ્યાપકોનાં સંશોધનો જે તે વિષયનાં વિશ્વનાં પ્રતિષ્ઠિત જર્નલ્સમાં – Quality Peer Reviewed Journalsમાં કેટલાં પ્રકાશિત થયાં છે ? 'Nature' અને 'Life'માં લેખ પ્રકાશિત છે કે કેમ ? સહલેખક તરીકે વિદેશની યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત વિદ્વાન છે કે કેમ ? વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે. ધ્યાનમાં રાખવું રહ્યું કે કેટલાક અપવાદોને બાદ કરતાં કોઈ યુનિવર્સિટી

દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પ્રતિ વર્ષ સરેરાશ ૨૦૦થી ઓછા સંશોધન–લેખો પ્રકાશિત કરવામાં આવ્યા હોય તો તે યુનિવર્સિટીને અગ્રતાક્રમ આપવા માટે ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૩. નિર્દેશ (Citatio) અને સંશોધન પ્રભાવ મૂલ્ય. અધ્યાપકો દ્વારા સંશોધન–લેખો (Research Papers) પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રકાશિત થવા જોઈએ કે જે Science Citation Index કે Social Science Citation Indexમાં નિર્દેશિત થતા હોય અથવા જે તે વિષયના હાર્દરૂપ સામયિક (Core Journal)માં ઉદ્ધૃત કરવામાં આવ્યા હોવા જોઈએ, તેમજ અધ્યાપકદીઠ નિર્દેશ અને આવા નિર્દેશોનું પ્રભાવ મૂલ્ય પ્રમાણ ખાસ ધ્યાને લેવામાં આવે છે.

૪. ઉદ્યોગગૃહો અને યુનિવર્સિટી વચ્ચે સંબંધો : ઉદ્યોગગૃહોને માર્ગદર્શન, મદદ, જ્ઞાનનું સ્થાનાંતરણ, નવી શોધોનો લાભ લેતાં ઉદ્યોગગૃહો તરફથી પ્રાપ્ત આવક.

૫. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાપ્ત ખ્યાતિ.

૬. વિશ્વના અસાધારણ પ્રતિભાસંપન્ન અધ્યાપકોની યુનિવર્સિટીમાં ઉપસ્થિતિ અને તેમની સંખ્યા તેમજ અભ્યાસ માટે વિદેશી વિદ્યાર્થીઓની યુનિવર્સિટીમાં સંખ્યા.

૭. યુનિવર્સિટીના અધ્યાપકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા નોબેલ પારિતોષિક કે અન્ય પ્રતિષ્ઠિત ઍવૉર્ડ મેળવવો.

૮. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો ગુણોત્તર.

૯. નોકરી કે વ્યવસાય મેળવવામાં યુનિવર્સિટીના સ્નાતકોનું બજાર મૂલ્ય કેટલું, તેમજ પોતાના દેશ બહાર કેટલી સફળતા મેળવે છે.

૧૦. નવું જ્ઞાન અને નવા વિચારો ફેલાવાવમાં યુનિવર્સિટીનું પ્રદાન

૧૧. સ્નાતકથી ડૉક્ટર સુધીની ડિગ્રી એનાયત કરવામાં આવેલા વિદ્યાર્થીઓની સંખ્યા

આ પ્રમુખ માપદંડોના આધારે આપણી યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન કરવા પ્રયાસ કરીએ તો તેનું પરિણામ અપેક્ષિત આશાસ્પદ ન જ સાંપડે તેવું સ્પષ્ટ પ્રતીત થાય છે. યુનિવર્સિટીઓના વર્લ્ડ રેન્કિંગ આપતા Times Higher Educationના વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના સર્વે અનુસાર પ્રથમ ૪૦૦ યુનિવર્સિટીઓ પૈકી ભારતની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (૨૭૯), પંજાબ યુનિવર્સિટી (૨૮૧) આઈ. આઈ. ટી, મુંબઈ (૩૬૨) અને રૂડકી (૨૬૩) સ્થાન પામી છે. આ જ બાબતને ખુદ આપણા મહામહિમ રાષ્ટ્રપતિજીએ સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ કેરાલા, કસરગોડ દ્વારા તા. ૧૮ જુલાઈ, ૨૦૧૪ના રોજ આયોજિત દીક્ષાંત સમારોહમાં ઉદ્બોધન કરતાં સ્વીકારેલ કે "Indian Universities are absent from the top two hundred ranks in the world as per reputed survey." વધુમાં જણાવ્યું હતું કે "We are faced with a scarcity of good teachers in our universities. The challenge before us is two-fold-fill up vacant teaching positions, and attract the best talent. Innovative measures like appointing eminent resources on short-term basis from research institutions, industry or from abroad have to be adopted to reduce vacancies without dilution of standards." નાગાલેન્ડ સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બી. કે. કુંવરના મતાનુસાર સમગ્ર દેશમાં કૉલેજોમાં ૨૫%થી વધુ અને યુનિવર્સિટીઓમાં ૩૫%થી અને NIT, IIT, IMM વગેરે સંસ્થાઓમાં આશરે ૪૦% અધ્યાપકોની જગ્યાઓ ખાલી છે. રાષ્ટ્રીય જ્ઞાન આયોગ દ્વારા તેના અહેવાલમાં દેશમાં ૧૫૦૦ યુનિવર્સિટીઓની આવશ્યકતા માટે ભારપૂર્વક સૂચન કરવામાં આવ્યું હતું તે સમયે ૩૫૦ જેટલી યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં હતી. યુજીસીની વેબસાઈટ અનુસાર (તા. ૨૭-૦૫-૨૦૧૫) હાલમાં ૭૧૨ યુનિવર્સિટીઓ કાર્યરત છે. આ પૈકી ૩૩૦ રાજ્ય યુનિવર્સિટીઓ, ૧૨૮ ડિમ્ડ, ૪૬ કેન્દ્રિય અને ૨૦૮ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ છે. અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે યુનિવર્સિટીઓની સંખ્યા અને ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વચ્ચે કોઈ સંબંધ ખરો ? જ્ઞાન આયોગને બહુવિદ્યવિદ્યાશાખાકીય અને ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ જ અભિપ્રેત હશે, નહીં કે નહિવત્ માળખાગત સુવિધાઓવાળી યુનિવર્સિટીઓ !

આપણી યુનિવર્સિટીઓમાં યુગપ્રભાવક સંશોધનોનો પ્રાયઃ અભાવ જ જોવા મળે છે અથવા કહી શકીએ કે આપણી યુનિવર્સિટીઓને સંશોધન કેન્દ્રો તરીકે વિકસાવી જ શક્યા નથી, તેમજ અધ્યાપકોને સંશોધન માટે અદ્યતન સાધન-સામગ્રી સાથેની પ્રયોગશાળાઓ અને સમૃદ્ધ ગ્રંથાલયો સાથે સ્વાયત્તતા પૂરી પાડવામાં ઊણા રહ્યા છીએ. હકીકતમાં આપણી યુનિવર્સિટીઓનવું સરકારીકરણ જ થઈ ગયું છે. સ્વાયત્તતાનો પ્રાયઃ છેદ જ ઉડાડી દેવામાં આવ્યો છે.

અધ્યાપકોની ભરતી કે બઢતી માટે યુજીસી દ્વારા ગુણાંકની ગણતરી માટે ISBN નંબર ધરાવતું પુસ્તક અને સંશોધનલેખ ISSN નંબર ધરાવતા સામયિકમાં પ્રગટ થયેલ હોય તેને જ ગ્રાહ્ય રાખવાનો નિયમ કરવામાં આવ્યો છે. હકીકતમાં આ બંને નંબરો પુસ્તક કે સામયિકને ઓળખવા / શોધવા માટેના નોંધણી નંબરો છે. ગુણવત્તા સાથે તેને સ્નાનસૂતકનો પણ સંબંધ નથી. આ હકીકત હોવા છતાં સદર નિયમના કારણે આજે આ નંબરો સાથે પુસ્તક કે લેખ પ્રગટ કરવાનો મોટો ધંધો બની ગયો છે. બધું જ વ્યાપારી ધોરણે ઉપલબ્ધ થઈ રહ્યું છે. Plagiarism - સાહિત્યિક ચોરી પણ પૂરજોશમાં ફૂલીફાલી રહી છે. વળી, યુજીસીના સદર નિયમના કારણે છેલ્લા કેટલાંક વર્ષોમાં ISSN નંબર ધરાવતાં અને તે પણ International Peer Reviewed, International Referred Journal વગેરે વગેરે લોભામણાં શીર્ષકો દર્શાવતાં જર્નલ્સ ચોમાસાના પ્રારંભમાં ફૂટી નીકળતા બિલાડીના ટોપની જેમ પ્રકાશિત થઈ રહ્યાં છે. ભારતમાં વર્ષ ૨૦૦૭માં ISSN નંબર ધરાવતાં જર્નલ્સની સંખ્યા ૫૧૪૫ હતી, જેનો આંકડો વર્ષ ૨૦૧૨માં ૧૩૮૫૧ એ પહોંચ્યો છે. આપણા ગુજરાતમાં જ ઠેર ઠેર આ પ્રકારનાં જર્નલ્સ પ્રકાશિત થઈ રહ્યાં છે, જેમાં લેખ પ્રકાશન માટે આશરે ૧૫૦૦થી ૨૫૦૦ જેટલો ચાર્જ વસૂલવામાં આવે છે. આ પ્રકારના જર્નલ્સમાં પ્રકાશિત થયેલા લેખો તપાસતાં જ તેના સ્તરનો સહજમાં અંદાજ મેળવી શકાય તેમ છે. વળી, ડૉક્ટરેટની ડિગ્રી હેતુ રજૂ થતા ઘણાખરા શોધપ્રબંધોના વિષયવસ્તુની સંશોધન ક્ષમતા, રજૂ કરેલ સંશોધિત (?) વિષયવસ્તુ, મૌલિકતા, કાયચિકિત્સા અર્થાત્ સંદર્ભનોંધ અને વાઙ્મયસૂચિની શાસ્ત્રીયતા, રજૂઆત વગેરેની દૃષ્ટિએ મુલવણી કરવામાં આવે તો છાસ વલોવવા જેવું ચિત્ર ઊપસી આવે.

ગુજરાતને કેવા પ્રકારની યુનિવર્સિટીની ખપ છે તે સંદર્ભે દીર્ઘદ્રષ્ટા ઉદ્યોગપતિ સ્વ. ધીરુભાઈ અંબાણીના વિચારો અને આ સંબંધી કરેલ કાર્યોની જાણકારી માટે પૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજીભાઈ દેસાઈના સચિવ રહી ચૂકેલ શ્રી હસમુખ શાહે તેમની સ્મરણકથા ‘દીઠું મેં...’ (અમદાવાદ : રંગદ્વાર પ્રકાશન, ૨૦૧૩)માં નોંધેલ શબ્દો ધ્યાનાર્હ બની રહે છે : “આપણે અહીં એવી યુનિવર્સિટી ઊભી કરો કે બહારનાં છોકરાં છોકરીઓ અહીં ભણવા આવે. આપણે પહેલાં હતું ને – કોઈએ ઉમેર્યું : નાલંદા – બસ એવું કરો, પણ વાર ન કરતા... એક હજાર કરોડ આપવાની તેમણે બાંહેધરી આપી અને વધુ જોઈએ તો પણ મળશે. પણ કોઈની દખલ નહીં ચાલે”... ધીરુભાઈની ઇચ્છા આ યુનિવર્સિટી જામનગરને આપવાની હતી. એ કહે “ફેકલ્ડી – બેકલ્ટીને ત્યાં રહેવાની પૂરી વ્યવસ્થા કરીશું. મોટો પંડિત હોય તો વરસમાં ત્રણ કે પાંચ દિવસ આવે તો તેનું ખર્ચ કરતાં અચકાતા નહીં”. જામનગરમાં એક હજાર એકર જમીન શોધીને કલેક્ટર સાથે વાટાઘાટો શરૂ કરી... ધીરુભાઈએ કોરો ચેક આપ્યો... અમે અમેરિકાની દસ ઉત્તમ યુનિવર્સિટીઓની મુલાકાતે ઉપડ્યા... દરેક યુનિવર્સિટીમાંથી અમારા ઉદ્દેશની પૂર્તિ માટે કાંઈક ને કાંઈક પ્રાપ્ત થતું. કેટલાક ભારતીય સિનિયર અધ્યાપકો પણ નવી યુનિવર્સિટીમાં જોડાવા તૈયાર થતા. એક મુદ્દો સ્પષ્ટ થયો કોઈ પણ યુનિવર્સિટીએ રિસર્ચને મહત્ત્વ આપવું જોઈએ. ફેકલ્ટીની પસંદગીમાં વ્યક્તિએ રિસર્ચ કેટલી ખરી છે એને મહત્ત્વ આપવું જોઈએ... અમેરિકાથી અમે પાછા ફર્યા ત્યારે અમારું મગજ વિચારોથી ઊભરાતું હતું અને નવસર્જનની કલ્પનાને અમારામાં નવી ચેતનાનો સંચાર કર્યો હતો. અહેવાલ લખવાનું કામ ચાલતું હતું... (પરંતુ) ગુજરાતના મુખ્યમંત્રીની ઇચ્છાનુસાર તાત્કાલિક છ માસમાં જ ગાંધીનગરમાં DAICTની સ્થાપના થઈ”. અલબત્ત ધીરુભાઈ અને હસમુખભાઈએ સેવેલ સ્વપ્નો અનુસાર નહીં.

હવે, આપણા ગુજરાતની યુનિવર્સિટીઓ તરફ દૃષ્ટિપાત કરીએ. આપણું ગુજરાત પણ યુનિવર્સિટીઓની સ્થાપનામાં (રાજ્ય સરકાર કે ખાનગી ટ્રસ્ટો / સંસ્થાઓ

દ્વારા સ્થાપિત) દ્રુતગતિએ વિકાસ કરી રહ્યું છે, પરંતુ ઘણી યુનિવર્સિટીઓમાં અનિવાર્યપણે આવશ્યક એવી માળખાગત સુવિધાઓનો પ્રાયઃ અભાવ જોવા મળે છે. કોઈ પણ યુનિવર્સિટી તેના અસાધારણ પ્રતિભસંપન્ન કુલપતિ કે જે તે વિષયના વિદ્વાન અધ્યાપકોના નામથી ખ્યાત હોય છે અને થાય છે, નહીં કે આકર્ષક ભવનોની સાજસજ્જાથી. પરંતુ, આ બંને બાબતોમાં કેટલાંક વર્ષોથી પ્રાયઃ ઉપેક્ષા સેવવામાં આવે છે. પોતાના અધ્યયન – અધ્યાપનના વિષયમાં ખ્યાત પ્રતિભાશાળી, યુનિવર્સિટીને દૃષ્ટિસંપન્ન અને પ્રભાવક નેતૃત્વ પૂરું પાડવાનું સામર્થ્ય ધરાવનાર, યુનિવર્સિટી શિક્ષણના તથા કુલપતિપદના હાર્દને સમજનાર વિદ્યાપુરુષ કુલિપતિ તરીકે અપેક્ષિત છે. પરંતુ કોઈ કારણોસર આ બાબતોને ધ્યાને લીધા સિવાય કુલપતિ તરીકે નિયુક્તિ કરવામાં આવે છે, તો ક્વચિત્ વર્ષો સુધી રેગ્યુલર નિમણૂક ન કરતાં કાર્યકારી કુલપતિથી ચલાવવામાં આવે છે. પરિણામે ઈચ્છા કે અનિચ્છાએ આંતરસત્વ ન ધરાવનારા ગઠબંધનની નીતિ સ્વીકારીને ટર્મ પૂરી કરતા હોય છે. યુનિવર્સિટીનું હિત ભગવાન ભરોશે ! આ ઉપરાંત યુનિવર્સિટીના સંચાલન માટે અનિવાર્યપણે આવશ્યક એવા કુલસચિવ, યુનિવર્સિટી લાઇબ્રેરિયન, પરીક્ષા નિયામક અને મુખ્ય હિસાબી અધિકારીની રાજ્ય સરકારની જ યુનિવર્સિટીઓમાં એક યા બીજી જગ્યાઓ વર્ષોથી – ક્વચિત્ એકાદ દશકથી – ખાલી છે. આશ્ચર્ય તો એ છે કે કચ્છ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી ત્યારથી આજદિન સુધી આ પૈકીના એકપણ અધિકારીની રેગ્યુલર ભરતી કરવામાં આવી નથી. આથી બીજી કઈ મોટી વિડમ્બના હોઈ શકે ? વળી, આ બધી જગ્યાઓ માટે લાયકાતનાં ધોરણો યુજીસીનાં અને પગારધોરણ રાજ્ય સરકારનું નિયત કરવામાં આવેલ હોવાથી સ્વાભાવિક રીતે જ સુયોગ્ય વ્યક્તિ અહીં આવવાનું પસંદ ન જ કરે. આઝાદી બાદનાં બધાં જ શિક્ષણપંચોએ યુનિવર્સિટી લાઇબ્રેરિયનને યુનિવર્સિટી પ્રોફેસર સમકક્ષનો દરજ્જો સ્વીકારીને પગારધોરણ, લાયકાત વગેરે નિયત કરેલ હોવા છતાં અહીં લાયકાત યુજીસી મુજબની અને પગારધોરણ રાજ્ય સરકારનું સ્વીકારવામાં આવ્યું છે, જ્યારે કૉલેજ લાઇબ્રેરિયન માટે યુજીસી પગારધોરણ સ્વીકારેલ હોવાથી ભારે મોટી વિસગંતતા પેદા કરવામાં આવી છે. વિસંગતતાનું એક તાજું ઉદાહરણ એ કે રાજ્ય સરકાર દ્વારા કૉલેજના અધ્યાપકો, શારીરિક શિક્ષણના અધ્યાપકો અને કૉલેજ ગ્રંથપાલોનાં લાયકાત અને પગારધોરણો યુજીસી અનુસાર અમલમાં હોવા છતાં તાજેતરમાં આ સંવર્ગોની ભરતી માટે અલગ ધોરણો અપનાવવામાં આવ્યાં છે. અર્થાત્ કૉલેજ અધ્યાપકોની સીધી ભરતી પ્રાપ્ત ગુણાંકની મૅરિટ યાદીના આધારે અને રૂ. ૧૬૫૦૦/-ના ફિક્સ પગારથી, જ્યારે શારીરિક શિક્ષણના અધ્યાપકો અને કૉલેજ ગ્રંથપાલોની ભરતી માટે ૬૦% પ્રાપ્ત ગુણાંક + ૪૦% લેખિત કસોટીના આધારે મૅરિટ યાદીથી અને ફિક્સ પગાર રૂ. ૧૩૭૦૦/- નિયત કરવામાં આવેલાં છે. આ ત્રણેય સંવર્ગનું પગારધોરણ એક જ હોવા છતાં આ વિસંગતતા ઊભી કરવામાં કોઈ તર્કસંગતતા ખરી ? વળી, રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત યુનિવર્સિટીઓ વચ્ચે અનુદાનની ફાળવણી, અનુદાનિત અનુસ્નાતક વિભાગોની સંખ્યા, માળખાગત સુવિધાઓ વગેરેમાં પણ ભારે અસમતુલા જોવા મળે છે. નવી યુનિવર્સિટીઓ પાછળ વિશેષ કાળજી લેવાની જરૂરિયાત હોવા છતાં વર્ષો સુધી ઉપેક્ષિત રહેલી જોવા મળે છે. હા, સંભવતઃ તે પ્રદેશની પ્રજા અને કેટલાક રાજકારણીઓ પોતાની આગવી સ્વતંત્ર યુનિવર્સિટી મેળવ્યાનો સંતોષ અનુભવતાં હશે. વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં કેટલા અધ્યાપકો વિદેશના છે કે કેટલા વિદ્યાર્થીઓ વિદેશથી અભ્યાસ માટે આવ્યા છે તે પણ ધ્યાને લેવામાં આવે છે. આપણી યુનિવર્સિટીઓમાં વિદેશના અધ્યાપકોની ઉપસ્થિતિ અધ્યાપનનું માધ્યમ અને અન્ય આનુસંગિક પ્રશ્નોના કારણે ન હોય તે સમજી શકાય તેમ છે, પરંતુ અન્ય રાજ્યોના કે અમુક ધર્મો, જાતિઓ વગેરેના અધ્યાપકોની પસંદગીમાં કેટલી તટસ્થતા અને પારદર્શિતા જાળવી શકીએ છીએ ? અધ્યાપક ઉચ્ચપ્રતિભાસંપન્ન જ હોવો જોઈએ અન્યથા સામાન્ય સ્તરના અધ્યાપકની ભરતીથી થતા નુકસાનનો અંદાજ અકલ્પ્ય હોય છે. રાષ્ટ્રહિત હૈયે હોય તો આ બાબત ધ્યાને લેવી રહી ! રાજ્ય સરકાર અનુદાનિત યુનિવર્સિટીઓમાં આ સ્થિતિ પ્રવર્તતી હોય તો કેટલાક અપવાદો બાદ કરતાં ખાનગી યુનિવર્સિટીઓ અને સ્વવિત્ત ધોરણે સંચાલિત કૉલેજોની સ્થિતિ વિશે કલ્પના જ કરવી રહી !

ગુજરાતી ૯ અનુદાનિત યુનિવર્સિટીઓ પૈકી નીચેની ૮ યુનિવર્સિટીઓનાં અનુસ્નાતક ભવનો, અધ્યાપકોની મંજૂર થયેલ અને ભરતી ન થયેલ જગ્યાઓ અને ચાવીરૂપ અધિકારીઓની નિયમિત ધોરણે ભરોલ કે ઈન્ચાર્જની સ્થિતિ ઘણું બધું કહી જાય છે.

| યુનિવર્સિટી → વિગત ↓ | કચ્છ યુનિ. ભૂજ | જી.ટી.યુ. ગાંધીનગર | ગુજ. યુનિ. અમદાવાદ | ભાવનગર યુનિવર્સિટી | વીર નર્મદ યુનિ. સુરત | સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગર | સૌરાષ્ટ્ર યુનિ. | હે. ઉ.ગુ. યુનિ. પાટણ |
|---|---|---|---|---|---|---|---|---|
| અનુદાનિત વિભાગો | ૮ | - | માહિતી નથી | ૧૭ | ૧૮ | ૨૩ | ૨૪ | માહિતી નથી |
| સ્વવિત્ત વિભાગો | ૫ | ૧૪ | માહિતી નથી | ૭ | ૦૬ | ૪ | ૩૬ | માહિતી નથી |
| મંજૂર થયેલ અધ્યાપકોની સંખ્યા | ૩૫ | ૫ | માહિતી નથી | માહિતી નથી | ૧૩૭ | ૨૧૧ | ૧૪૫ | માહિતી નથી |
| ભરતી ન થયેલ અધ્યાપકોની સંખ્યા | ૨૩ | ૫ | માહિતી નથી | માહિતી નથી | ૬૬ | ૮૪ | ૪૭ | માહિતી નથી |
| નિમણૂક | | | | | | | | |
| – કુલપતિ | ઈન્ચાર્જ | હા | હા | ઈન્ચાર્જ | હા | હા | હા | હા |
| – કુલસચિવ | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | હા | હા | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ |
| – યુનિ. લાઈબ્રેરિયન | જગ્યા નથી | જગ્યા નથી | ઈન્ચાર્જ | જગ્યા નથી | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | હા | ઈન્ચાર્જ |
| – શા. શિ. નિયામક | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | હા | ઈન્ચાર્જ | હા | હા | હા | ઈન્ચાર્જ |
| – પરીક્ષા નિયામક | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | હા | હા | જગ્યા નથી | ઈન્ચાર્જ | હા |
| – મુખ્ય હિસાબી અધિકારી | ઈન્ચાર્જ | હા | ઈન્ચાર્જ | હા | ઈન્ચાર્જ | ઈન્ચાર્જ | હા | હા |

આપણી યુનિવર્સિટીઓની આ યથાતથ સ્થિતિ, નીતિ અને માનસિકતા અને સામે પક્ષે યુનિવર્સિટીઓને વૈશ્વિકસ્તરે અગ્રતાક્રમ આપવાના માપદંડો ઉપર દષ્ટિપાત કરતાં સહજમાં હૃદયોદ્ગાર સરી પડે કે વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓમાં ગુજરાતની કોઈ યુનિવર્સિટીને સ્થાન નથી તે સંબંધી આપણો વસવસો અર્થહીન છે. આ માટે આપણે ઘણો લાંબો પથ કાપવાનો છે અને ઘણું બધું સિદ્ધ પણ કરવાનું છે. યુનિવર્સિટીઓના કુલપતિઓ અને અધ્યાપકોની પસંદગીમાં પ્રખર બૌદ્ધિકતાના સ્થાને આપણે પ્રદેશવાદ, પ્રાન્તવાદ, જિલ્લાવાદ, જાતિવાદ વગેરે અકથિત અનેકવિધવાદોમાંથી બહાર નીકળીશું નહીં, સમૃદ્ધ અને જીવંત ગ્રંથાલયો અને પ્રયોગશાળાઓ તથા અન્ય માળખાગત સુવિધાઓ સાથે યુનિવર્સિટીઓને ખરા અર્થમાં સંપૂર્ણ સ્વાયત્તતા આપીશું નહીં અને પ્રત્યેક સહભાગી (Stake holder) રાષ્ટ્રહિતને હૈયે રાખીને પૂર્ણ સભાનતા સાથે પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવશે નહીં ત્યાં સુધી વૈશ્વિકસ્તરની યુનિવર્સિટીઓ આપણા માટે દિવાસ્વપ્ન રહેશે. અત્યારે તો આપણે સૌએ 'आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः'ના ભાવ સાથે ઈશ્વરને પ્રાર્થના કરવી રહી.

**મણિભાઈ પ્રજાપતિ**

જ્ઞાન અસીમ છે, જેટલું શીખીએ એટલું ઓછું છે. એટલે જો આપણે એમ વિચારીએ કે બધું શીખી લીધા પછી બીજાને શીખવીશું, તો એ ભૂલ છે. જેટલું શીખતા જાઓ, એટલું શીખવતા પણ જાઓ. અમારી પાસેથી તમે વિદ્યાર્થીઓ જે કંઈ મેળવો એ ખેડૂતો, વણકરો, હરિજનો, દલિતોને આપો. અને એ રીતે જ્ઞાનનો તંતુ આગળ વધાર્યે જ જાઓ !

✳

માણસ ગમે તેટલું ભણે, ગમે તેટલો કેળવાય, પણ જેનામાં સૂઝ નથી, એ માણસ કહેવડાવવાને લાયક નથી. આપણા જુવાનોમાં સૂઝનો અભાવ છે, એ મને ખૂંચે છે. ઝાડુ વાળો, વાસણ માંજો કે શાક સુધારો, દરેકમાં સૂઝ વાપરવી જોઈએ. જો આપણામાં સૂઝ હોત તો કુંભારનો ચાકડો આજે છે એવો ને એવો ન હોત અને આપણી બહેનોને રોજ ચૂલાનો ધુમાડો ખાવો ન પડત.

**– કાકાસાહેબ કાલેલકર**

સંસ્થા પરિચય

# કે.બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ગાંધીનગર

''કર ભલા, હોગા ભલા'' ના ઉદ્દાત વિચાર સાથે ઈ.સ. ૧૯૧૯માં પૂ. છગનભાએ શિક્ષણ ક્ષેત્રે જે ક્રાંતિબીજ રોપ્યું હતું, તેના પરિપાકરૂપે આજે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એક વિશાળ વટ-વૃક્ષમાં પરિવર્તિત થઈ ગયું છે. આ જ વટ-વૃક્ષની એક શાખા કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ તેની સ્થાપનાનાં વીસ વર્ષ ઊજવી રહી છે.

વીસમી સદીના અંતિમ દાયકામાં ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અર્થે ગુજરાત છોડીને મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવાં રાજ્યોમાં જવું પડતું હતું. વળી કોઈ પ્રકારના નિયમોના અભાવે વિદ્યાર્થીઓ પાસેથી મન ફાવે તેવી ફી ઉઘરાવવામાં આવતી હતી. આવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયના આધારે તે સમયના ચેરમેનશ્રી-દ્રષ્ટા સ્વ. માણેકલાલ પટેલ સાહેબે ગુજરાત રાજ્યમાં સર્વ પ્રથમ સ્વ-નિર્ભર ફાર્મસી કૉલેજ કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચની શરૂઆત કરી. ઈ.સ. ૨૦૦૭ સુધી ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન રહ્યા બાદ આજે તે કડી સર્વ વિશ્વવિદ્યાલયનું અભિન્ન અંગ બની, ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, વાઈસ ચાન્સેલર શ્રી ડી.ટી. કાપડિયા અને પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ શાહ જેવા સબળ નેતૃત્વમાં પ્રગતિ કરી રહી છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરના હાર્દ સમા સેક્ટર ૨૩માં ૨૦,૦૦૦ ચોરસ ફૂટની વિશાળ જગ્યામાં ઇન્સ્ટિટ્યૂટનું કેમ્પસ આવેલું છે. આ કેમ્પસમાં ઇન્સ્ટિટ્યૂટનું મુખ્ય મકાન, બ્રહ્માણી કૃપા ઓડિટોરિયમ, એનિમલ હાઉસ, હૉસ્ટેલ્સ, કાલુપુર બૅંક, સ્ટાફ ક્વાર્ટર્સ, સ્ટુડન્ટ સ્ટોર, ગેસ્ટ હાઉસ તેમજ મેડિસિનલ પ્લાન્ટ્સ ગાર્ડનનો સમાવેશ થાય છે. ઇન્સ્ટિટ્યૂટમાં ૧૮ પ્રયોગશાળાઓ કે જેમાં રૂ. ૨ કરોડથી પણ વધારે કિંમતનાં સાધનો અને મશીનો છે, હવા-ઉજાસ વાળા તેમજ ઓવરહેડ પ્રોજેક્ટર જેવાં ઉપકરણોથી સજ્જ વાતાનુકૂલિત વર્ગખંડો તથા સેમિનાર હૉલ, અને રૂ. ૧ કરોડથી પણ વધારે કિંમતના ૧૫૦૦૦થી અધિક પુસ્તકો, વિદ્વત્ત જર્નલ્સ અને અમર્યાદ ઇન્ટરનેટની સગવડ ધરાવતી લાઇબ્રેરી, તેમજ છોકરાઓ અને છોકરીઓ માટેના અલાયદા કોમન રૂમ્સ ધરાવે છે. આ ઉપરાંત ગુજરાતમાં સર્વ પ્રથમ ડ્રગ ઇન્ફોર્મેશન સેન્ટર શરૂ કરવાનો યશ પણ આ ઇન્સ્ટિટ્યૂટના ફાળે જાય છે.

ઇન્સ્ટિટ્યૂટ ખાતે હાલમાં બી. ફાર્મ., એમ.ફાર્મ. તેમજ ફાર્મ. ડી.ના અભ્યાસક્રમો ચાલે છે. આ તમામ અભ્યાસક્રમો ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયા અને એ. આઈ. સી. ટી. ઈ.ની માન્યતા પ્રાપ્ત છે. વળી, ફાર્મ.ડી. જેવો પ્રતિષ્ઠિત અભ્યાસક્રમ ગુજરાતમાં સર્વ પ્રથમવાર શરૂ કરવાનું શ્રેય પણ ઇન્સ્ટિટ્યૂટના ભાગે છે.

રાજ્યની તમામ ફાર્મસી કૉલેજોના કેન્દ્રબિંદુ જેવી ઇન્સ્ટિટ્યૂટ વિદ્યાર્થી:શિક્ષકના ગુણોત્તરમાં ઉચ્ચતમ સ્થાને બિરાજે છે. એટલું જ નહિ, ઇન્સ્ટિટ્યૂટનો સ્ટાફ રાજ્યની અન્ય કૉલેજોની સરખામણીએ સૌથી વધારે પીએચડી. ધરાવતા શિક્ષકોથી શોભે છે. આ શિક્ષકો અને તેમના દ્વારા પ્રોત્સાહિત કરાયેલા વિદ્યાર્થીઓએ આજ સુધીમાં ૪૦૦ થી પણ વધારે રિસર્ચ આર્ટિકલ્સ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં પ્રકાશિત કરેલાં છે. ઇન્સ્ટિટ્યૂટને ૮ પેટન્ટ મળી ચૂક્યા છે અને ત્રણ હમણાં જ ફાઈલ કરવામાં આવ્યા છે. ઇન્સ્ટિટ્યૂટના ૪૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ અત્યારે વિદેશોમાં વૈજ્ઞાનિક કે ફાર્માસિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમાંથી કેટલાક તો હાર્વર્ડ, US-FDA અને SUNY જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ઇન્સ્ટિટ્યૂટ દ્વારા રાજ્ય તેમજ દેશની પ્રતિષ્ઠિત કંપનીઓના ૧૦૦ થી પણ વધારે

કન્સલ્ટન્સી પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂરા કરવામાં આવેલા છે. ઇન્સ્ટિટ્યૂટ પ્રોજેક્ટ્સ અને રિસર્ચ ગ્રાન્ટ્સ દ્વારા રૂ. ૭૫,૦૦,૦૦૦ જેટલું ભંડોળ ઊભું કરવામાં સફળ રહી છે.

ઇન્સ્ટિટ્યૂટમાં નિયમિત અભ્યાસક્રમોના ભાગરૂપે વિદ્યાર્થીઓને ઇંગ્લિશ સ્પીકિંગ, સેમિનાર પ્રેઝન્ટેશન, અને પસંદગીના વિષયો દ્વારા બહારની દુનિયા માટે તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત GPAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓને ઇન્સ્ટિટ્યૂટ ખાતે અપાતી પ્રાયોગિક તાલીમને વધુ દૃઢ કરવા માટે તેમને વિવિધ કંપનીઓની મુલાકાતે લઈ જવામાં આવે છે. વધુમાં, વિદ્યાર્થીઓમાં નૈતિકતા અને સમાજસેવા જેવા ગુણો ખીલવવા ઇન્સ્ટિટ્યૂટ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાનું એકમ ઊભું કરાયેલ છે જે નિયમિત ધોરણે આજુબાજુનાં ગામડાંઓમાં જઈને સેવા કાર્યો કરે છે. સ્થાપનાનાં વીસ વર્ષ દરમિયાન સોળ જેટલા સાતત્યપૂર્ણ અભ્યાસના કાર્યક્રમો યોજીને ઇન્સ્ટિટ્યૂટ પોતાના તેમજ રાજ્યની બીજી કૉલેજોના શિક્ષણગણને છેલ્લામાં છેલ્લી માહિતી પહોંચાડવા કટિબદ્ધ બની રહેલ છે.

શ્રી વલ્લભભાઈ પટેલ અને પ્રો. ગૌરાંગ શાહની રાહબરી હેઠળ ઇન્સ્ટિટ્યૂટ વધુ પ્રગતિના માર્ગે જવા થનગની રહી છે. ભવિષ્યમાં ઇન્સ્ટિટ્યૂટ એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું PRECLINICAL RESEARCH CENTER ઊભું કરવા ધારે છે. આ ઉપરાંત POST-BACCALAURETE ફાર્મ. ડીનો અભ્યાસક્રમ શરૂ કરવાની પણ ઇન્સ્ટિટ્યૂટની નેમ છે. વિદેશોની યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત શિક્ષકોની SKYPE વ્યાખ્યાન-માળા યોજવા માટે વાતચીત ચાલી રહી છે.

આમ, ગત વીસ વર્ષોમાં જે પ્રગતિનાં સોપાનો સર કર્યાં છે તેને ઓળંગીને નવા માપદંડો સ્થાપિત કરવા ઇન્સ્ટિટ્યૂટ સુસજ્જ છે. આવતાં વીસ વર્ષોમાં ઇન્સ્ટિટ્યૂટ ફરી એક વાર રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાનું, કડી સર્વ વિશ્વવિદ્યાલયનું, તેમજ પિતૃ સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું નામ રોશન કરશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

# એલસા બાસ્કોલીટનું મૃત્યુ*

**– લે. હાઈનરીખ બ્યૉલ, અનુ. મોહનલાલ પટેલ**

*[હાઈનરીખ બ્યૉલ (૧૯૧૭-૧૯૮૫) : બીજા વિશ્વયુદ્ધ પછીના જર્મન નવલકથાકારો અને વાર્તાકારોમાં હાઈનરીખ બ્યૉલ સૌથી વધારે પ્રભાવશાળી લેખકોમાંના એક છે. તર્કશૂન્ય યુદ્ધની નિરર્થકતા અને આધુનિક જીવનપદ્ધતિમાં નર્યા દંભ પરના એમના વિચારો ધ્યાનાર્હ અને પ્રભાવક છે. અત્યારના જર્મન અને યુરોપીય સાહિત્ય ઉપર એમનો પ્રભાવ જોઈ શકાય છે. એમનાં પુસ્તકો જગતની ૩૦ કરતાં વધારે ભાષાઓમાં અનુવાદ પામ્યાં છે.*

*એમના જાણીતા પુસ્તકોમાં મુખ્ય, 'Adam, Where art Thou ?' 'Tomorrow and Yesterday', 'Billiards at Half-past Nine', 'The Clown', '18 Stories' વગેરે છે. ૧૯૭૨માં એમને નોબેલ ઇનામ મળ્યું હતું.*

*એમનો જન્મ ૧૯૧૭માં થયો અને ઈ. સ. ૧૯૮૫માં એમનું અવસાન થયું.*

*બીજા વિશ્વયુદ્ધ વખતે એ જર્મન લશ્કરમાં હતા. યુદ્ધમાં ઘવાયા એ અગાઉ એ રશિયા સમેત અનેક મોરચે લડ્યા હતા.]*

* જર્મનમાંથી લૈલા વેનીવિટ્ઝે કરેલા અંગ્રેજીનો ગુજરાતી અનુવાદ

અમે જેનો રહેણાંક તરીકે ઉપયોગ કરતા હતા તે મકાનનું બૅઝમેન્ટ (ભોંયરું) બાસ્કોલીટ નામના એક દુકાનદારને ભાડે આપવામાં આવ્યું હતું. આ દુકાનદાર દુકાનમાં અવરજવરના માર્ગોની આસપાસ અને ગમે ત્યાં નારંગીના કરંડિયા ખડકતો. બગડવા માંડેલાં ફળને એ કચરાગાડીમાં પધરાવવાના હેતુથી બહાર રાખતો. અહીંથી સડેલાં ફળની વાસ ફેલાતી.

આ બાસ્કોલીટ સ્વભાવનો રમૂજી માણસ હતો પણ તે ખરાબ સમય વિશે ખૂબ ફરિયાદ કરતો. આવો બળાપો કાઢવો હોય ત્યારે એ એના મૂળ વતન પૂર્વ પ્રશિયાની તળપદી બોલીમાં મોટેથી બોલતો. ધુમ્મસથી આચ્છાદિત કાચની બારી પાછળનો એનો મોટા ઘાંટાનો અવાજ અમે સાંભળી શકતા. અમને બાળકોને, અમારી સમજ પ્રમાણે બાસ્કોલીટનો સોગંદ સાથેનો આ બળાપો એક રમત જેવો લાગતો.

ઘણીવાર બૅઝમેન્ટમાંથી ત્રણ-ચાર પગથિયાં ચઢીને એ ફળિયાના લેવલ સુધી આવીને ખિસ્સામાં ભરી રાખેલાં સફરજન અને નારંગી અમારી તરફ રબરના દડાની જેમ ફેંકતો.

પણ બાસ્કોલીટ અંગે રસમય બાબત એની દીકરી એલસા હતા. એ એક નર્તકી બનવા માગતી હતી. કદાચ એ નર્તકી થઈ ચૂકી હતી. ગમે તેમ, પણ એ સતત નૃત્યની પ્રૅક્ટિસ કરતી. બૅઝમેન્ટમાં બાસ્કોલીટના રસોડાની બાજુમાં પીળી દીવાલોવાળા રૂમમાં એ પ્રૅક્ટિસ કરતી. અંધારું થાય એ પછી મારા બેડરૂમની બારીમાંથી લીલા રંગનાં વસ્ત્રોમાં આવૃત્ત એ છોકરીને હું જોઈ શકતો. નાજુક કાયા, ફિક્કો અને તંગ ચહેરો, મનોહર મસ્તક-પગના અંગૂઠાનો આધાર લઈને હંસની માફક ઝળૂંબીને એ ઘૂમરીઓ લેતી. ક્યારેક એ કૂદકો ભરતી ત્યારે એનું મસ્તક વીજળીના લટકતા ગોળાને સ્પર્શી જતું અને ગોળો આંદોલિત થતો. આમ થવાથી વીજળીનું પ્રકાશવર્તુળ વિસ્તાર પામીને ઓસરીમાં વ્યાપી જતું.

કેટલાક લોકો એલસાની આ નૃત્યપ્રવૃત્તિ જોઈને તિરસ્કારમાં મોટા અવાજે 'વેશ્યા' શબ્દ ઉચ્ચારતા. આ 'વેશ્યા' એટલે શું એની મને એ વખતે ખબર નહોતી. કેટલાક લોકો એલસાના નૃત્યને અનુલક્ષીને, 'આ ઘૃણાભર્યું છે' એવું બોલતા. ઘૃણાભર્યું કોને કહેવાય એની તો મને ખબર હતી પણ એને એલસા સાથે કંઈ લાગતું-વળગતું હોય એવું મારા મનમાં આવતું નહોતું. લોકો તરફથી આવું હરકતભર્યું સંભળાય ત્યારે બાસ્કોલીટની બારી ધડાક કરતી ખૂલી જતી અને રસોડાની વરાળ સમેત બાસ્કોલીટનું ટાલિયું માથું ડોકાતું. બોલનારાઓ સામે એ ગુસ્સાભર્યા શબ્દોનો મારો ચલાવતો. આવું વારંવાર થતું એટલે પછીથી એલસાની બારી ઉપર લીલા રંગના ઘટ્ટ કાપડનો પડદો લાગી ગયો.

અમે સ્થળાંતર કરીને બીજા એક શહેરમાં રહેવા ગયા. મારી ઉંમર વધી અને 'વેશ્યા' કોને કહેવાય એ હું સમજતો થયો. ઘૃણા વિશે તો મારી જાણકારી હતી. મેં ઘણી નૃત્યાંગનાઓ જોઈ પણ એમાંની કોઈ એલસા જેવી નહોતી.

આ નવા શહેરમાં થોડા વસવાટ પછી વળી અમે બીજા એક શહેરમાં રહેવા ગયા. યુદ્ધ આવ્યું. લાંબું યુદ્ધ. હવે એલસા વિશે વિચારો આવતા નહોતા.

અમે વળી પાછું શહેર બદલ્યું. અને અમારા મૂળ શહેરમાં આવ્યા. અહીં એલસા હોય. પણ હવે મનમાં એલસા વિશેના કોઈ વિચારો આવતા નહોતા. આ શહેરમાં કામ મેળવવા માટે હું ઘણી મથામણ કરતો હતો અને એ મેળવવા માટે ખૂબ વ્યસ્ત રહેતો. આખરે એક શાકભાજીના હોલસેલ ધંધાદારીની કંપનીમાં ટ્રક ડ્રાઇવર તરીકે મને કામ મળ્યું. એક જ એવું આ કામ હતું જે હું સારી રીતે કરી શકતો હતો. રોજ સવારે મને એક લિસ્ટ સાથે સફરજન, નારંગી અને પ્લમનાં ખોખાં સોંપવામાં આવતાં. આ સોંપણી સાથે હું શહેરમાં હંકારી જતો.

એક દિવસ કંપનીની વખાર આગળ મારી ટ્રકમાં માલ ભરાતો હતો. વખારનો માણસ મારી પાસેના લિસ્ટ પ્રમાણે બધું મુકાવતો હતો અને હું તેની ચકાસણી કરતો હતો. આ કામ ચાલતું હતું તે વખતે કંપનીના હિસાબનીસે તેની સાંકડી ખોલીમાંથી બહાર નીકળીને વખારના માણસને પૂછ્યું : 'આપણે બાસ્કોલીટને માલ આપી શકીએ ?'

વખારના માણસે સામો પ્રશ્ન કર્યો : 'એણે જાંબલી રંગની દ્રાક્ષનો ઑર્ડર આપેલો છે ?'

'હા.' કહી હિસાબનીસે કાન પાછળ ખોસેલી

પેન્સિલ કાઢીને વખારના માણસ તરફ આશ્ચર્યથી જોયું.

વખારવાળા માણસે કહ્યું : 'કોઈક વાર એનો ઑર્ડર હોય છે. સમજાતું નથી કે એ જાંબલી રંગની દ્રાક્ષનો ઑર્ડર કેમ આપે છે. પણ આપણે એને એણે માગેલી દ્રાક્ષ આપી શકતા નથી.'

હિસાબનીસ એની ખોલીમાં પાછો ગયો અને મેં લિસ્ટ પ્રમાણે મુકાતા માલની ચકાસણી કરવાનું બંધ કર્યું. અત્યારે મારી નજરે બાસ્કોલીટના રહેઠાણવાળા બૅઝમેન્ટની બારીનું ચોકઠું આવી રહ્યું. લીલા રંગના વસ્ત્રમાં સજ્જ નાજુક અને ફિક્કી એલસાને નૃત્ય કરતી હું જોઈ રહ્યો.

એ સવારે મારા રોજિંદા માર્ગ કરતાં મેં જુદો રસ્તો લીધો. એક એવા વિસ્તારનો આ માર્ગ હતો જ્યાં યુદ્ધના કારણે ભારે તારાજી થઈ હતી. અમે દીવાબત્તીના જે થાંભલાની બાજુમાં રમતા હતા એ એક જ અસ્તિત્વમાં રહ્યો હતો અને તેનું માથું તો ડૂલ હતું ! મોટા ભાગનાં ઘર ધરાશાયી થઈ ચૂક્યાં હતાં. મારી ટ્રક ઊબડખાબડ થયેલી જમીનમાં ઊછળકૂદ કરતી આગળ વધતી હતી. જે ફળિયું બાળકોથી ઊભરાતું હતું તેમાં આજ એક છોકરો તૂટેલી દીવાલના એક ભાગ ઉપર બેસીને નીચેની ધૂળમાં લીટીઓ દોરતો હતો. એની બાજુમાં થઈને મારી ટ્રક પસાર થઈ એટલે એણે ઊંચે જોયું અને પછી તરત માથું નમાવી દીધું.

મેં બાસ્કોલીટના રહેઠાણ આગળ ટ્રક થોભાવી. હું નીચે ઊતર્યો. રહેઠાણની બારીઓ ઉપર ધૂળનો પટ ચઢી ગયેલો હતો. બહાર પાર્સલોના પિરામિડ ઢસી પડેલા હતા. લીલા રંગનું કાર્ડબૉર્ડ મેલું થઈને કાળું થઈ ગયું હતું. દીવાલ થાગડથીગડવાળી થઈ ચૂકી હતી. અચકાતાં-અચકાતાં મેં બારણું ખોલ્યું અને ધીરેથી હું દુકાનમાં પ્રવેશ્યો. ત્યાં દરવાજાની બાજુમાં કાર્ડબૉર્ડના એક બૉક્સમાં જામી ગયેલા કોઈ સૂપમાંથી અણગમતી વાસ આવતી હતી. મેં બાસ્કોલીટની પીઠ જોઈ. એની ટોપી નીચે રાખોડી રંગના વાળ દેખાતા હતા. એક મોટા પીપમાંથી એ એક બૉટલમાં વિનેગાર (દારૂ સાથે અન્ય મિશ્રિત ખટાશભર્યું માદક પીણું) ભરી રહ્યો હતો. આ કામ એના માટે અણગમાભર્યું અને મુશ્કેલ હતું એ જોઈ શકાતું હતું. નાળચાને બૉટલ ઉપર કેવી રીતે ગોઠવવું એ એને ફાવતું નહોતું. બૉટલમાં ભરતી વખતે વિનેગાર એની આંગળીઓને ખરડીને એના પગ નીચેના પાટિયા ઉપર જમા થતો હતો. કાઉન્ટર આગળ ઊભેલી એક સ્ત્રી બાસ્કોલીટને આ કામ કરતો કશા ભાવ વગર જોઈ રહી હતી.

આખરે બાસ્કોલીટ બૉટલ ભરી રહ્યો હોય એવું જણાયું. એણે બૉટલ ઉપર ઢાંકણ બંધ કર્યું. મેં દરવાજામાં પ્રવેશતી વખતે એને જે કહ્યું હતું તે ધીમા સ્વરે ફરીથી કહ્યું : 'ગુડ મૉર્નિંગ !' પણ કશો જવાબ ન મળ્યો. એણે પેલી બૉટલને કાઉન્ટર ઉપર મૂકી. એનો ફિક્કો ચહેરો શેવિંગ કર્યા વગરનો હતો. એણે કાઉન્ટર આગળ ઊભેલી સ્ત્રી તરફ જોયું અને બોલ્યો : 'મારી દીકરી ગુજરી ગઈ છે – એલસા.'

સ્ત્રીએ કર્કશ અવાજે વળતું કહ્યું : 'મને ખબર છે.' પછી ઉમેર્યું : 'હું એ પાંચ વર્ષથી જાણું છું. મારે ક્રોકરી સાફ કરવા માટેનો પાઉડર જોઈએ છે.'

'મારી દીકરી ગુજરી ગઈ છે' બાસ્કોલીટ બોલ્યો અને એલસાનું મોત હમણાં જ થયું હોય એમ એ પેલી સ્ત્રી સામે નિઃસહાયપણે જોઈ રહ્યો.

પેલી સ્ત્રી બોલી : 'છુટ્ટો પાઉડર જોઈએ છે. એક પાઉન્ડ (૪૫૫ ગ્રામ).

બાસ્કોલીટે કાઉન્ટર નીચેથી એક કાળું પીપ ખેંચી કાઢ્યું અને ધાતુનું એક માપિયું એમાં ખોસીને ધ્રૂજતા હાથે પીપમાંથી થોડાઘણા ગઠ્ઠાનું રૂપ પામ્યો હોય એવો પાઉડર બહાર કાઢ્યો અને કાગળની કોથળીમાં ભર્યો.

'મારી દીકરી ગુજરી ગઈ છે.' બાસ્કોલીટ બોલ્યો. પણ પેલી સ્ત્રીએ એના તરફ કંઈ ધ્યાન ન આપ્યું. મેં આસપાસ જોયું. હું જે કંઈ જોઈ શક્યો તે – ધૂળ ખાધેલાં કેટલાંક નૂડલ્સનાં પેકેટ, ટપકતી ચકલીવાળું વેનેગારનું પીપ, પાઉડરનું પીપ, એક ચૉકલેટની જાત કે જેનું અસ્તિત્વ ઘણાં વર્ષોથી મટી ગયું હતું તેની જાહેરાત માટે ચૉકલેટ ખાતા હસમુખા એક છોકરાનું ચિત્ર...

પેલી સ્ત્રીએ બૉટલને એની શોપિંગ બૅગમાં મૂકી. અને પાઉડરની કોથળીને બૉટલની બાજુમાં ઠાંસી. કાઉન્ટર ઉપર થોડા સિક્કા નાખ્યા. અને પીઠ ફેરવીને ચાલવા લાગી. એ મારી બાજુમાં થઈને નીકળી એ વખતે એણે કપાળ ઉપર આંગળી અડકાડીને મારી તરફ જોઈને

હસી લીધું.

મેં ઘણી બાબતોનો વિચાર કર્યો. હું જ્યારે નાનો હતો અને મારું નાક આ દુકાનના કાઉન્ટરની ધાર સુધી પહોંચતું નહોતું તે દિવસનો મેં વિચાર કર્યો. આજે હું વિના પ્રયત્ને બિસ્કિટની એક કંપનીના નામવાળા કાચના શો-કેસને જોઈ શકું છું. હવે એ શો-કેસમાં બ્રેડની કરચોનાં ધૂળ ખાતાં પૅકેટ ભરેલાં છે. આ વિચારો દરમિયાન થોડી જ પળોમાં સંકોડાઈને હું અગાઉનો પેલો કિશોર બની ગયો. ગંદા કાઉન્ટરની ધાર નીચે મારું નાક હોય એવું મને લાગ્યું અને કેન્ડી ખરીદવા માટે મારા હાથમાં થોડા પેનીના સિક્કા હોવાનો અત્યારે મને માનસિક અનુભવ થયો. મેં એલસાને નૃત્ય કરતી જોઈ. લોકોને મોટા અવાજે 'વેશ્યા' અને 'આ ધૃણાભર્યું છે.' એવું બોલતાં સાંભળ્યા.

મારી આ વિચારતંદ્રાનો બાસ્કોલીટના, 'મારી દીકરી ગુજરી ગઈ છે.' શબ્દોથી ભંગ થયો. હું સભાન થઈને મૂળ સ્થિતિમાં આવી ગયો. લાગણીના કશા આવેગ વગર માત્ર યાંત્રિક ઢબે બાસ્કોલીટ આવું બોલ્યો હતો. એ શો-કેસની બાજુમાં ઊભો હતો અને એની નજર બહાર ફળિયા તરફ મંડાયેલી હતી.

'હા.' મેં કહ્યું.

'એ ગુજરી ગઈ છે.'

મેં ફરીથી 'હા' કહી.

એણે મારી તરફ પીઠ ફેરવી.

'એને જાંબલી રંગની દ્રાક્ષ બહુ ભાવતી, પણ હવે તો એ અવસાન પામી છે.'

એણે 'તમારે શું જોઈએ છે ?' અથવા 'તમને હું શી મદદ કરું ?' એવું કંઈ કહ્યું નહીં. મારા તરફ જોયા વગર જ એ 'મારી દીકરી ગુજરી ગઈ છે.', 'એ મૃત્યુ પામી છે' એવા બોલ સાથે એ શો-કેસની બાજુમાં ટપકતા વિનેગારના પીપ પાસે ઊભો રહ્યો.

શૂન્યમનસ્ક થઈને અને સઘળું ભૂલી જઈને હું અમર્યાદ સમયથી ત્યાં ઊભો હોઉં એવું મને લાગ્યું. સમય મારી બાજુમાં થઈને પસાર થઈ રહ્યો હતો. એવામાં બીજી કોઈ સ્ત્રી દુકાનમાં પ્રવેશી ત્યારે જ હું સભાન થયો. પ્રવેશનાર સ્ત્રી ટૂંકી અને મેદસ્વી હતી. એણે એની શોપિંગ બૅગને પેટ પર રાખી હતી. બાસ્કોલીટ એના તરફ ફર્યો અને બોલ્યો : 'મારી દીકરી ગુજરી ગઈ છે.'

પેલી સ્ત્રીએ 'હા' કહ્યું અને એકાએક રડી પડી. પછી જરાક સ્વસ્થ થઈને બોલી : 'થોડો પાઉડર, પ્લીઝ; છુટ્ટો એક પાઉન્ડ.'

બાસ્કોલીટ કાઉન્ટર પાછળ ગયો અને પાઉડરના પીપમાં ધાતુનું માપિયું ખોસ્યું.

હું ત્યાંથી નીકળી ગયો ત્યારે પણ પેલી સ્ત્રી રડતી હતી.

પેલો ફિક્કો અને કાળા વાળવાળો છોકરો જે તૂટેલી દીવાલ પર બેઠેલો હતો એ અત્યારે મારી ટ્રકના રનિંગ બૉર્ડ ઉપર ઊભો હતો. એ નજીકથી અંદરનું ડેશબૉર્ડ જોઈ રહ્યો હતો. બારીના ખુલ્લા કાચમાંથી એણે હાથ લંબાવીને એક પછી એક એમ જમણા અને ડાબા ઇન્ડિકેટરો ઊંચાં કર્યાં. મને એકાએક એની પાછળ આવી ગયેલો જોઈ એ રનિંગ બૉર્ડ પરથી નીચે કૂદ્યો. પણ મેં એને પકડી લીધો. એના ફિક્કા અને ભયભીત ચહેરા તરફ મેં જોયું. ટ્રકમાંના ખોખામાંથી મેં એક સફરજન લીધું અને એ છોકરાને આપ્યું. મેં એને જતો કર્યો અને સફરજન આપ્યું તેથી ભારે આશ્ચર્યથી એ મારી સામે જોઈ જ રહ્યો.

હું અન્ય રીતે હેબતાઈ ગયેલો હતો. મેં બીજું સફરજન લીધું અને બીજું... મેં એનાં ખિસ્સાંમાં સફરજન ભર્યાં. એના જેકેટ નીચે પણ ખોસ્યાં.

અને હું ટ્રક હંકારી ગયો.

(૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫
મો. ૯૯૦૪૪૮૦૫૨૨)

ધર્મને સમજવા માટે 'બાઇબલ' અને સાહિત્યરસ પામવા માટે શેક્સપિયર અંગ્રેજીમાં જુદાં જુદાં વાંચવાં પડશે, પણ બન્નેને સાથે માણવાં હોય તો 'રામચરિતમાનસ' જેવો સારો ગ્રંથ મળવો મુશ્કેલ છે.

**વિનોબા ભાવે**

# ઘર

## ભોળાભાઈ પટેલ

ગામડામાંથી શહેરમાં સ્થિર થયા પછી, લગભગ બંધ રહેતું અમારું એ ગામડાગામનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર આવ્યો. જે વાસમાં અમારું ઘર હતું ત્યાંના જૂના પડોશીઓ પણ હવે શહેરમાં રહેતા થઈ ગયા હતા. મોટા ભાગનાએ તો પોતાનાં ઘર કાઢી પણ નાખ્યાં હતાં. એટલે પરણમરણ જેવા કોઈ સામાજિક પ્રસંગે કે લાંબી રજાઓમાં ગામડાના એ ઘરમાં થોડા દિવસ રહેવા જતા ત્યારે ઘણું અડવું પણ લાગતું. નવા પડોશીઓ આવી ગયા હોય અને તેમની સાથે નાતો બંધાયો જ ન હોય. અમને પણ તેઓ જાણે આગન્તુક જ ગણે. એટલે હવે એ ઘર રાખી રાખવાનું કોઈ આકર્ષણ રહ્યું નહોતું.

વળી બંધ રહેવાને કારણે જૂનું ઘર વધારે જીરણ બનતું જતું હતું. ચોમાસું ભારે હોય તો પતરાંના છાપરામાંથી પણ પાણી અંદર ઊતરે. પરિણામે એક કરામાં થોડી તિરાડ જેવું પડી ગયું છે. ખુલ્લી અરક્ષિત ઓસરી અને આંગણામાં કચરાના થર જામ્યા કરે. એટલે ઘરડી બાની સંમતિ લઈ ઘર કાઢી નાખવાનો વિચાર પાકો કર્યો. યોગ્ય ઘરાક મળે તો વેચવા માટે ગામમાં રહેતા અમારા એક વ્યવહારકુશળ મિત્રને ભલામણ કરી શહેર ચાલ્યા આવ્યા. પછી એક દિવસ 'ઑફર' આવી પણ ખરી. ઑફર વાજબી હતી. ઑફર કરનાર માણસ પણ સારો અને ભરોસાપાત્ર હતો, એટલે હવે વિલંબ કે આનાકાનીનો પ્રશ્ન નહોતો.

પણ એ જ ક્ષણેથી મનમાં વ્યથા જાગી, રહી રહીને વ્યગ્ર કરતો વિચાર આવવા લાગ્યો કે શા માટે બાપદાદાનું ઘર કાઢી નાખવું ? ત્રણચાર પેઢીથી ચાલ્યા આવતા માટીના ખોરડાને સ્થાને ત્યાં આ ઘર, ઈંટોનું પાકુ ઘર મારા બાપાએ બંધાવેલું, કહો કે ઘણીખરી મજૂરી ઘરના સૌએ જાતે કરીને બાંધેલું. તે માટે પોતાના બળદગાડામાં ઈંટો તાણી લાવેલા. ચણતર માટે ગાર કરવા ગામના આંબા તળાવની ચીકણી માટી જાતે ગોડી લાવેલા. લાકડા માટે અમારા ખેતરના જૂના લીમડા પાડેલા. છેક મોભારા સુધી ગારના તગારાં મારી બાએ ઉપર ચઢાવેલાં. પછી શહેરમાં અમે છોકરાઓએ જ્યારે નવાં ઘર બંધાવવા માંડ્યાં ત્યારે પોતાના દીકરાઓના એ મકાનો નોકરિયાત સુપરવાઈઝરોની દેખરેખ નીચે મજૂરો દ્વારા બંધાતાં જોઈ, મનમાં થોડું રાજી થતાં બા-બાપા ઘણી વાર ગામડાગામનું અસલવારીનું એ ઘર કેવું નવેસરથી જાતમહેનતથી પોતે બાંધેલું તેની ભાવુકતાથી વાત કરતાં.

જે ઘરમાં જ અમ સૌ ભાઈ-ભાંડુઓનો જન્મ થયેલો. એટલું જ નહિ, એ જ ઓરડામાં અમારા દાંપત્યજીવનનો આરંભ થયેલો અને એ જ ઓરડામાં મારા સંતાનોનો જન્મ પણ થયો. અનેક સારામાઠા પ્રસંગો જીવનમાં આવ્યા, આ ઘર તેનું સાક્ષી.

ઘરના આંગણામાં કેટલું રમેલા ! એક દિવસ એ આંગણું વટાવી ખભે થેલી ભરાવી ગામની નિશાળે ભણવા બેઠેલા. એક દિવસ એ જ આંગણું વટાવી દૂર પરગામ સુધી ભણવા ગયા. એક દિવસ એ જ આંગણું વટાવી શહેરમાં જઈ વસ્યા. એ ઘરના આંગણામાં અમારી બહેનોના અને અમ ભાઈઓના લગ્નમંડપો બંધાયેલા. ત્યાં જ્ઞાતિજનો સાથે ઝઘડાઓ અને સ્નેહમિલનો થયેલાં. ત્યાં પાડોશીઓ સાથે ઊંચા અવાજે બોલાચાલી અને શિયાળામાં તાપણાની આસપાસ મધુર વિશ્રંભકથાઓ થયેલી. એ જ આંગણામાં અમારા પરિવારના અબોલ સભ્યો બંધાતા - ભેંસ, પાડરાં, બળદ, રેલ્લા.

એ ઘરની ઓસરીમાં મારાં દાદી અને પછી દાદાનો ચોકો થયેલો, અને થોડાં વર્ષો પર મારા બાપાનો.

અમારા એ ઘરની બંને બાજુએ બીજાં ઘર છે. એક ઘર છે મારા ખરેખરના આજન્મ સાથીનું. તે પણ બંધ

છે. મારો મિત્ર રોટલો રળવા દેશનાં અનેક સ્થળોએ ફરી ગૃહભંગ થઈ હવે અમદાવાદમાં રહે છે. તે પછીના મકાનમાં કાશીફોઈ રહેતાં. તેમને ઊઠી ગયે તો વર્ષો થયાં. જ્યાં વર્ષો સુધી રેતની કલાકની શીશી લઈને રોજ સામાયિક કરતાં તે ઓસરીમાં હવે ફાંદવાળા એક બારોટ સૂતા જોવા મળે છે. સામેના ઘરનો માલિક પ્રૌઢ વયે, પણ કુંવારો જ ઊઠી ગયો. તે પછી જેણે મકાન લીધું. તેણે આંગણાના ઝઘડાઓથી પાડોશીહક સ્થાપેલો. એ ઘર પણ એક દિવસ પડી ગયું અને નવી દિશાને બારણે નવું થયું છે.

આમ બધું બદલાઈ ગયું છે. છતાં થવા માંડ્યું કે શા માટે અમારે અમારું એ ઘર વેચી નાખવું. જૂનું તોયે બાપદાદાનું ઘર. એ ઘર છે, માત્ર ચાર દીવાલો ને છાપરાનું મકાન નથી. મકાન પૈસાથી ખરીદી શકાય, બાંધી શકાય, પૈસા લઈ વેચી શકાય, પણ 'ઘર' ? ઘર એ તો ભાવના છે. ઘર ના હોય તોયે ઘરની ભાવના પણ ભલી. એ માત્ર પૈસાથી ખરીદી કે બાંધી શકાય નહીં. એટલે થવા માંડ્યું કે ભલે ઘર જૂનું થાય, જીરણ થાય, ભલે પડી જાય, પણ ઘર છો રહેતું.

બીજી બાજુ પાછું મન તર્ક કરે કે આ બધા લાગણીવેડા છે. જો ગામમાં જવાનું જ ના હોય તો ત્યાં ઘર રાખી રાખવાનો શો અર્થ છે ? સારા પૈસા ઊપજે છે. એટલા પૈસા ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકોને, તોયે...

છેવટે ઘર કાઢી નાખવાનો વિચાર રહ્યો. પણ અમે બધા ભાઈઓએ છેલ્લે છેલ્લે સપરિવાર બાપદાદાના એ ઘરમાં સાથે રહેવાનો વિચાર કર્યો. કાયમ માટે કાઢી નાખવાનું છે, તો એ ઘરમાં બધાં સાથે રહી લઈએ.

વળી પાછું ઘણા વખતનું બંધ ઘર ખૂલ્યું.

જોતજોતામાં તો નાનાંમોટાં પરિવારજનોથી એ સૂનું ઘર ગાજતું-ગુંજતું થઈ ગયું. મારા એક નગરવાસી મિત્રને પણ આ વેળા તો ગામડાગામનું ઘર જોવા સાથે લઈ ગયો. પુરાણા દિવસો પાછા આવ્યા હતા. બાપાના મૃત્યુ પછી મારી બા લગભગ ઉદાસીન રહેતી. ઘરના પ્રસંગોમાં રસ લેતી નહીં. તે પણ અહીં આવીને સૌની વચ્ચે પ્રસન્ન લાગી.

પરંતુ હવે ઘરની પ્રત્યેક દીવાલ મને ઠપકો આપવા લાગી. ઓસરીમાં જ્યાં હું હંમેશાં બેસતો, જ્યાં બેસીને પહેલો એકડો ઘૂંટેલો અને જ્યાં બેસીને પછી દરેક રજામાં ઉચ્ચ અભ્યાસના ગ્રંથો ઉથલાવતો ત્યાં બેઠો. ત્યાં ભીંતે ટેકો દેતાં જ તે મને અંદરથી હચમચાવી રહી. મેં પાછા વળી તેના પર હાથ ફેરવ્યો, તે કહી રહી, 'આટલે દહાડે આવ્યા અને હવે બસ...'

હું વ્યગ્ર બની ગયો. આંગણામાં ખાટલો ઢાળીને બેઠો. હવે ત્યાં ગમાણ ખાલી હતી, ખીલા હતા અને ઢોરઢાંખર નહોતાં. પરંતુ એ બધાં જ જાણે એ તરફ નજર જતાં એકસાથે ભાંભરી ઊઠ્યાં. હું એકદમ ઊભો થઈ ગયો. શૂન્ય આંખે ભરાયેલું આંગણું જોતો રહ્યો... ઘરનાં આ નેવાં. કેટલાં બધાં ચોમાસાં એનું સંગીત સાંભળ્યું છે ! અહીં તોરણ નીચે મારી બહેનો પરણવા બેઠી હતી. અને અહીં દાદી, દાદા અને બાપુની નનામીઓ બંધાઈ હતી. ગળે ડૂમો ભરાવા જેવું થયું.

ઘરના ઓરડામાં ગયો. બંધ જીરણ ઓરડો વધારે મુખર લાગ્યો. પછીતની એક નાની જાળીમાંથી થોડું અજવાળું આવતું હતું. આ ઓરડો એક વેળા કોઠીઓ કોઠલાઓથી ભરેલો રહેતો. એ બધું ક્યારનુંય કાઢી નાખ્યું છે, પણ ત્યાં હજી ખૂણામાં વલોણાની મોટી ગોળી અને ખીંટીએ મોટો રવૈયો લટકે છે. અહીં હું જન્મેલો, મારાં સંતાનો પણ... હવે ?

વચલા ખંડમાં, જ્યાં અમે સૌ જમતાં, ત્યાં થઈ ફરી વાર ઓસરીમાં આવું છું. બા એકલી બેઠી છે. અત્યારે સૌ આઘાંપાછાં છે. જોઉં છું તો ઘરડી બા રડતી હતી. બાને ઓછું ભળાય છે, ઓછું સંભળાય છે. હવે ઝાઝું કાઢે એમ પણ નથી. મેં પાસે જઈ પૂછ્યું, 'આ શું ? તું રડે છે બા ?'

અને એનાથી મોટેથી રડાઈ ગયું. 'આ ઘર...' એટલું માંડ આંસુ અને હીબકાં સાથે બોલી. બાપુજીના અવસાન વખતે નહોતી રડી એટલું બા રડી રહી હતી. ધીરે ધીરે હીબકાં વચ્ચે એણે કહ્યું, 'આ ઘર, હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો. હવે હું ઝાઝા દિવસ નથી. પછી તમતમારે...'

'પણ બા, તેં કહ્યું હતું ને ?'

'કહ્યું હશે. પણ હવે પાછા અહીં આવ્યા પછી... ના તમે ના કાઢશો.' એનું રડવાનું અટકતું નહોતું.

બાને રડતી જોઈ મને દુઃખ તો થયું પણ વિશેષ

આનંદ થયો. થયું કે એનું હૃદય હજી જીવતુંજાગતું છે. એને હજી જગતમાં જીવનમાં રસ છે. અમે તો માનતા હતા કે બા માત્ર દહાડા કાઢે છે. પણ ઘર માટેનો આ રાગ...

મારા મનમાં પણ ઊંડે ઊંડે અપરાધભાવ તો હતો ઘર કાઢવાની વાતથી. પણ હવે તો રીતસરનો સણકો ઊપડ્યો. ઘર સૌની સંમતિથી વેચવાનું વિચારેલું. બાનાખત પણ થઈ ગયું હતું. જોકે તે દિવસથી દરેક જણ ઘરની વાત આવતાં મૂંગું બની જતું.

એટલામાં નાનો ભાઈ મકાન ખરીદનારની સાથે આવ્યો. ઘરનાં બીજાં સૌ પણ ભેગાં થઈ બાની આસપાસ બેસી ગયાં હતાં. બાને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં, 'આપણે નવું સગવડોવાળું મકાન આ ગામમાં જ બંધાવીશું, આ જ ઘરના પૈસામાંથી, તમે કહેશો તેવું...'

બા કહે, 'આ ઘરને મોભે મેં ઈંટો ચઢાવી છે. તમારા બાપે કેટલી હોંશથી બાંધ્યું છે. એટલે તમતમારે મારા ગયા પછી ભગવાન કરેને મહેલ ચણાવજો... પણ આ ઘર તો...' નાનો ભાઈ સ્થિતિ પામી ગયો. એણે મકાન ખરીદનારને કહ્યું, 'ભાઈ હમણાં ખમી જાઓ. આ ઘર આપીશું ત્યારે તમને જ આપીશું.'

મેં જોયું કે અમ સૌની છાતી પરથી પથ્થર ઊતરી ગયો હતો. વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર હસી રહ્યું હતું. અદૃષ્ટ ગૃહદેવતાની પ્રસન્નતાનો સૌને સ્પર્શ થયો હતો.

અમદાવાદ — લેખક કૃત

૫-૮-'૮૧ — 'તેષાં દિક્ષુ'માંથી સાભાર

## આઇન્સ્ટાઈનને અનુપમ ગુરુદક્ષિણા આપી !

ભારતના ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય ભૌતિક વિજ્ઞાની સત્યેન્દ્રનાથ બોઝ અને જર્મનીમાં વસતા વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઈન વચ્ચે ગાઢ સંબંધ હતો. સત્યેન્દ્રનાથ બોઝે પોતાના ગુરુ આઇન્સ્ટાઈનની અનુમતિ મેળવીને એમના સાપેક્ષવાદ વિશેના લેખોના અંગ્રેજી અનુવાદનું પુસ્તક પ્રગટ કર્યું હતું. સત્યેન્દ્રનાથે એક બ્રિટિશ સામયિકે અસ્વીકૃત કરેલો લેખ આઇન્સ્ટાઈનને મોકલી આપ્યો અને આઇન્સ્ટાઈને એ લેખને અમૂલ્ય અને સીમાચિહ્નરૂપ ગણાવ્યો.

૧૯૨૫-'૨૬માં સત્યેન્દ્રનાથ બોઝે તૈયાર કરેલો એક લેખ આઇન્સ્ટાઈને સ્વયં જર્મન ભાષામાં અનુવાદિત કર્યો હતો. સત્યેન્દ્રનાથ બોઝ બર્લિન ગયા, ત્યારે આઇન્સ્ટાઈનને એમને ઉમળકાભેર આવકાર્યા હતા અને બર્લિનમાં પ્લાંક, શ્રોડિંજર, પાઉલી, હેઝનબર્ગ જેવા ભૌતિકવિજ્ઞાનીઓ સાથે મુલાકાત કરાવી હતી.

આઇન્સ્ટાઈન પોતાની જિંદગીના પાછલા સમયમાં 'યૂનિફાઈડ ફિલ્ડ થિયરી' પર સંશોધન કરતા હતા. સત્યેન્દ્રનાથ બોઝે એક સંશોધનલેખ તૈયાર કર્યો, જેમાં આઇન્સ્ટાઈનના એ સિદ્ધાંતની વિવેચના કરવાની સાથોસાથ એમણે એમની અનેક ધારણાઓનો ખુલાસો કર્યો હતો. સત્યેન્દ્રનાથ આ લેખ આઇન્સ્ટાઈનને બતાવવાના હતા અને એમની સાથે વિચારવિમર્શ કર્યા બાદ વિશ્વસમક્ષ પ્રસ્તુત કરવાના હતા, પરંતુ સત્યેન્દ્રનાથ બોઝ આઇન્સ્ટાઈનને મળે તે પહેલાં એમને જાણ થઈ કે ગુરુતુલ્ય આઇન્સ્ટાઈનનું અવસાન થયું છે. આ સાંભળી સત્યેન્દ્રનાથ મૂર્છિત થઈ ગયા અને જ્યારે એ બેહોશીમાંથી બહાર આવ્યા, ત્યારે એ તમામ શોધપત્રો નષ્ટ કરી દીધા.

આ શોધપત્રો પોતાના ગુરુના આઇન્સ્ટાઈનના સિદ્ધાંતની વિવેચના પર હતા અને આથી એમની સહમતિ વિના એને પ્રકાશિત કરવા એ ગુરુનું અપમાન ગણાય. બૌદ્ધિક દૃષ્ટિએ કે સંશોધનની દૃષ્ટિએ સત્યેન્દ્રનાથનું આવું પગલું ઉચિત ન લાગે, પણ એમના મનમાં આઇન્સ્ટાઈન પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. જો આ સંશોધનપત્રો આઇન્સ્ટાઈનની અનુમતિ વિના પ્રકાશિત થઈ ગયા હોત તો સત્યેન્દ્રનાથ બોઝની કીર્તિ સવિશેષ ફેલાઈ હોત, પણ એ સંશોધનપત્રો નષ્ટ કરીને સત્યેન્દ્રનાથ બોઝે આઇન્સ્ટાઈનને અનુપમ ગુરુદક્ષિણા આપી.

**– કુમારપાળ દેસાઈ**

('ગુજરાત સમાચાર'માંથી સાભાર)

# કૃષિયજ્ઞ

ભગીરથ બ્રહ્મભટ્ટ

આદિકાળમાં યજ્ઞ-સંસ્કૃતિની સામે રાજા જનકે કૃષિ-સંસ્કૃતિનો પરિચય કરાવેલો, એ કૃષિ-સંસ્કૃતિને હું ઉત્તમ પ્રકારનો યજ્ઞ કહું છું. કૃષિકાર્યની દીક્ષા લીધા પછી જીવનની સાત્ત્વિકતાની સરહદમાં પ્રવેશ મેળવે છે. કૃષિ એ વ્યવસાય નથી અખંડ જીવન છે. જેમાં 'સ્વ'નો ઓછો અને 'સર્વ'નો ઝાઝો વિચાર કરવામાં આવે છે. જેને એમાં 'સ્વ' દેખાય અને મન વ્યવસાય પણ 'પર'ની 'સર્વ'ની કલ્યાણભાવનાનાં જેને દર્શન થાય એને મન એ યજ્ઞ. ખેતરથી ખળા સુધીની એ સાત્વિકયાત્રા 'ખેડ'ના પાયા ઉપર રચાય છે. 'કૃષિયજ્ઞ'માંથી સંપૂર્ણ જીવનની તાલીમ મળે છે.

કૃષિકનો યજ્ઞ કેવો ? ખેતર એક મોટો હવનકુંડ... ખેડ કરી એમાં બીજ વેરવાં એટલે એમાં સમિધ મેલવાં. અગ્નિ પ્રગટે એમ જ અંકુર પ્રકટે ભીતર... અંકુર પાંગરે... જેમ યજ્ઞમાં જવતલ હોમાય, આગની જ્વાળા નીકળે એમ અંકુર વધે... ફૂલ... ફળ સુધી પ્રગતિ કરે. પછી ખેતર ખળે પહોંચે... ખળાનું ધાન કૃષિકની કોઠીએ જાય... પછી ઉદરમાં... ક્ષુધા ઠારે. આમ ઉદરને ઠારવાનો વિધિ એ યજ્ઞ નહિ તો બીજું શું ? વિશિષ્ટ પ્રકારનો યજ્ઞ છે. અન્ય યજ્ઞોમાં તો પરિણામની પ્રતીક્ષા લાંબા સમય સુધી કરવી પડતી હોય છે. એ પરિણામ અમૂર્ત હોય છે. જ્યારે કૃષિયજ્ઞનું પરિણામ ત્વરિત આવે છે અને તેનું ફળ મૂર્ત હોય છે.

કૃષિયજ્ઞના પ્રત્યેક પગલે તમે પ્રભુપરિચયને પામી શકો. એની અકળ લીલાને ઉકેલવાના સંકેતોને પામી શકો. ખેતરમાં ખેડ થાય ત્યારે માટી ઊંચે આવે, ધરતીના ઉદરમાં ચાસ પડે... ચાસની માટીની ગંધ તમારા બીજ સાથે ભળે એ માટીમાં ગંધની સાથે કીડી, અળસિયાં, અનામી જીવાત ધ્યાનથી જુઓ તમને દેખાશે. એ આખું જગત એ ગંધને સહારે... એ બધા જીવો માટીમાં ક્યાં કેવી રીતે શું ખાઈને નિવાસ કરતા હશે ? એને અને માટીને શો સંબંધ... ખેતર કંઈ એકલા ખેડૂતનું થોડું છે ? આ બધા જીવો એના માલિકો ન કહેવાય ? આવા અનેક પ્રશ્નો તમને થાય, જેનો ઉકેલ તમે શોધી જ ન શકો. ખેડ કર્યા પછી પાળા બંધાય, પાણી અપાય. પાણીને કારણે માટીમાં રૂપાંતરણ આવે... તરસ્યો માણસ પાણી ગટગટાવી જેવી શાતા અનભવે એવું જ કંઈ ખેતરના ઉદરને નહિ થતું હોય ? એ શાતાની પ્રતીતિ માટીના હરખમાંથી પામી શકાય... જળ માટીમાં શોષાય અને માટી ઉપર પરપોટા થાય... પાણી પીધાનો ઓડકાર પણ આવે. પાણી અને માટીના મિલન પછી એમાં બીજ હોમાય. પેલા ધરતીજળનો સંવાદ એમાં ભળે પછી કેવી પ્રસવક્રિયા પ્રારંભાય ! ધી... રે ધી... રે બે-ત્રણ દિવસમાં યજ્ઞનું ફળ-અંકુર થઈને બહાર આવે એ અંકુર... નવા તાજા જન્મેલા બાળક જેવો. એનો કૂણો રંગ સ્હેજસાજ નીલોપીળો રંગ... રતાશ પડતો ધોળો રંગ કે એ બધાના મિશ્રણવાળો નૂતન રંગ ! સૂર્યપ્રકાશની એ સાક્ષીએ એ રંગ ઊર્ધ્વતા ધારણ કરે... પુખ્ત બનવા કોશિશ કરે... પવન એના ઉપર એનાં ટેરવાં વડે સ્પર્શ કરે. આકાશ એની ઉપર અમી ઢોળે... પળે પળે એ અંકુર નવતા ધારણ કરતો કરતો ઊર્ધ્વતા પ્રાપ્ત કરે એ લીલા જોવા જેવી ! સમજવા જેવી... પ્રત્યેક પળે પ્રભુનો પ્રગાઢ પરિચય પામી શકાય.

એ અંકુર છોડ બને ત્યાં કોણ જાણે ક્યાંથી ફૂદાં-પતંગિયાં ઝીણી જીવાત એ છોડને ચુંબન ચોડવા દોડી આવે. એ આસપાસ ઊડાઊડ કરે... ખેડૂતની નજર સમક્ષ એમનું તારામૈત્રક રચાય.. એ આશ્લેષ પણ જોવા જેવો ! ખેડૂત એનો સ્વાર્થ વચ્ચે લાવી જીવાતને હટાવવા કોશિશ કરે, દવા છાંટે... લાખ પ્રયત્નો કરે... પણ પેલા છોડ સાથેનો પેલા જીવોનો પ્રેમ અમર થઈ જાય. એ

પ્રેમના બળથી છોડ માથું બહાર કાઢી સંવર્ધિત થઈ બહાર આવે. બેઠો થાય. પવન હાલરડાં ગાય. આભ અમી ઢોળે... મજૂર નિંદામણ કરી એને સાચવે... જળ એની નસેનસમાં રક્ત બની વહેવા માંડે... પછી તો છોડને ફૂલ બેસે... યૌવન આવે. ફળ આવવાની ઘટના... દાણા બેસે... નર્યું આશ્ચર્ય !! રસાળ ઘટના. એ છોડ હવામાં હિલ્લોળાય ત્યારે કેવો આનંદ લેતો હશે ? એને કયા શબ્દોમાંથી બાંધવો ? એક છોડનું ડૂંડું મોટું હોય, બીજા છોડનું ડૂંડું સહેજ નાનું હોય ત્યારે બીજો છોડ પહેલા છોડની ઈર્ષા કરતો નથી. બંને આનંદનાં સદસ્યો જ છે. બંનેની આંખોમાંથી તમે એંધાણ નિહાળી શકો. ખેતરના શેઢે આવી ગેલ કરતાં મોર-ઢેલ, સારસ-સારસી દામ્પત્યભાવનું દૃષ્ટાંત બની જાય છે અને એ જ ખેતરમાં ભર્યા મોલમાં ત્રાટકતાં વાનરો એક પરિવાર ભાવનાને વ્યક્ત કરે છે. એકલ-દોકલ ભૂલું પડી જતું બકરીનું બચ્ચું તેના પરિવારને શોધે છે – એ એકલું રહી શકતું નથી એવી એ યાતનામાંથી આપણે સમાજભાવનાનો બોધ ગ્રહી શકીએ. ખેતરનો ખેડૂત – ખેડૂતપત્ની એ જ દામ્પત્યભાવનું સેવન કરતાં નજરે ચઢે છે. ખેતરમાં પણ શેઢે ઊગેલા વેલા વાડ પર ચઢી જતા હોય છે ત્યારે પણ એ વીંટળાઈ વળવાની ઘટના મસ્ત પ્રણયના રંગરાગનો સંકેત રચે છે.

ખેતરમાં પાક પાકી જાય, ત્યારે એ છોડનો રંગ બદલાય, બાજરીનો લીલોછમ્મ છોડ જ્યારે એનાં ડૂંડાં ભરાઈ જાય, એમાં દાણા પાકા થઈ જાય પછી એની પાંદડી પીળી થઈ જાય છે. એ લીલો રંગ પીળાશ ધારણ કરે.. વસંતની લીલા પાનખરની પીળાશ પકડે છે એ ઘટના પણ ઓછી પ્રેરણાદાયી નથી હોતી. તૈયાર થયેલાં મગ, બાજરી, તુવર અન્ય કોઈ ધાન્યના દાણા અલગ કરી, બાકીનો ભાગ છોડી દેવામાં આવે છે જે ઉપયોગી છે એને જ ઘરે લઈ જઈ કોઠારમાં ભરાય છે. સમગ્ર જીવતર સંદર્ભે પણ એવું જ છે. સઘળી માયા ત્યાગીને કેવળ આત્મા જ એની ઊંચાઈ પ્રાપ્ત કરે એટલે એનું જ મહત્ત્વ વધારે છે. બાકીની બધી જ માયા ક્રમશઃ છૂટતી જાય છે. સમગ્ર કૃષિપરિવારમાંથી કેટકેટલા સંદેશા આપણને મળે છે ? આપણે જો સજાગ હોઈએ તો એ આપણું અધ્યાત્મમંદિર સમજી લઈએ એવો પ્રેરણાપાઠ એમાં ભર્યો છે.

કૃષિકાર્યની દીક્ષા પામેલા કૃષિકો ખરા અર્થમાં ઋત્વિજો છે. એનાં સહાયકો બળદ, ગાય, ભેંસ, મરઘાં-બતકાં, કૂતરાં, ફૂદાં અળસિયાં, પતંગિયાં ઝીણી પાર વગરની જીવાતો, મજૂર, દાડિયાં અને ખેડુકન્યા સર્વે એ યજ્ઞનાં સહાયકો છે. સાથીઓ છે. વૃક્ષ, જમીન, પવન, આકાશ, તડકો, પવન-પાણી એ સર્વેનો પણ આ યજ્ઞમાં ફાળો નાનોસૂનો હોતો નથી. કોને મહત્ત્વ આપવું ? આ યજ્ઞ કોઈ એકને યશ આપતો નથી. આખું સંઘકાર્ય છે... સમૂહયજ્ઞ જ કહોને ? આ યજ્ઞના પાઠ ભલે આપણે વિદ્યાર્થીઓને ભણાવતા નથી પણ સાચું ભણતર જ મને તો અહીં દેખાય છે.

આખી રાત ઝાકળ ગુપ્તતાથી વરસ્યા કરે અને સવારે છોડવે છોડવે મોતીની સવારીરૂપે અનુભવાય અને જેવો તડકો સ્પર્શ કરવા આવે અને માનુનિ રિસાઈ જાય એમ ઝાકળ છૂં... એ ઝાકળને કોણ મોકલે છે ? રસવતી વસુંધરા કે અસીમ આકાશ ? એ ઝાકળને કોણ લાવે છે તિમિરનાં પુષ્પો કે નટખટ પવન ? આ વિલસતી બ્રહ્મલીલા પણ યજ્ઞનો સૂક્ષ્મ હિસ્સો નથી તો છે શું ? ઉનાળો આવે ત્યારે ખેતર તડકો ખાય, છોડ તડકો ખાય... ત્યારે શું થાય છે ? ખેતરનું બધું જ ઐશ્વર્ય એ તડકાને આભારી હોય છે. તડકે ખેતર ગરમ થતું નથી, તડકે તપ કરે છે. ત્યાં તાપ શબ્દ નહિ, તપ શબ્દ મને વંચાય છે. એ તપને કારણે જ યજ્ઞ સફળતાને આરે પહોંચે છે ને ? વરસાદને એ તપ બોલાવી લાવે છે... ખેંચી લાવે છે. શિયાળાની કડકડતી ઠંડી પણ એ પેલા યજ્ઞની સહાયકા છે. એ શીતળતા જ સમગ્ર ઘટનાની સમૃદ્ધિમાં રહેલી છે. ગરમીના અસહ્ય તાપથી ધરતીને શાતા આપવાનું ભગીરથ કાર્ય એ શીતકાલીન અવસ્થામાં થતું હોય છે. ચોમાસું તો પોતે જ યજ્ઞ છે... પ્રત્યેક વર્ષાનું બુંદ એ યજ્ઞની પ્રસાદી છે... આપણે અન્ય વ્યવસાયોની તુલનામાં આ કૃષિયજ્ઞનો જો ખરેખરો મહિમા કરીએ તો પૃથ્વી પર એ પ્રભુ માટે પાથરણાં પાથરવા જેવી ઘટના બની રહેશે.

(એ/૩, યુનિવર્સિટી સ્ટાફ કૉલોની,
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦
મો. ૯૮૭૯૫૨૩૨૭૬)

# મહામના સર્જક, વૈશ્વિક દૃષ્ટિવાળા ચિંતક : દર્શક

મનસુખ સલ્લા

મનુભાઈ પંચોળી – 'દર્શક' ગુજરાતી સાહિત્યમાં અને પ્રજાજીવનમાં એક ઘટનારૂપ (Phenomenon) વ્યક્તિત્વ હતા. કોઈ એક વ્યક્તિ ઇતિહાસ મીમાંસામાં, ધર્મનાં ચિરંતન તત્ત્વોની ગવેષણામાં, કેળવણીના નૂતન અને રાષ્ટ્રીય તત્ત્વોને અપ્રતિમ રીતે પ્રગટાવવામાં, અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્રની ગંભીર અભિજ્ઞતામાં, માનવવિકાસની પૂર્વ અને પશ્ચિમની ગતિવિધિઓ અને ચિંતનધારાઓની સુરેખ સ્પષ્ટતામાં અને ઉત્કૃષ્ટ સાહિત્યસર્જનમાં અગ્રણી હોય અને તેમણે માત્ર નવમા ધોરણ સુધીનો જ વૈધિક અભ્યાસ કર્યો હોય એ ઝટ માન્યામાં ન આવે તેવી ઘટના છે. દર્શકમાં એ શક્ય બન્યું છે, કારણ કે લગાવ, સાતત્યપૂર્ણ પરિશ્રમ અને વિચારનિષ્ઠાથી તેમણે ગંભીર સ્વાધ્યાયતપ કરેલું હતું. પ્રજાજીવનનાં તમામ ક્ષેત્રો ઉપર એમની આંખ નિસ્બતપૂર્વક મંડાયેલી રહેતી. પ્રશ્નો વિશેનું એમનું નીતર્યું દર્શન હૃદયસ્પર્શી છે, તો એને વ્યક્ત કરવામાં 'નિર્વૈર સ્પષ્ટતા' (પંડિત સુખલાલજી) અસરકારક બનતી. તેઓ પોતાના સમયમાં ક્યારેય ગેરહાજર રહ્યા ન હતા. પ્રશ્નોના ચિંતનમાં એમની દૃષ્ટિ વૈશ્વિક રહેતી, સાથે જ પ્રશ્નોના ઉકેલ માટે જીવનના અંત સુધી તેઓ સક્રિય રહ્યા હતા.

એક જ વ્યક્તિમાં આટલાં ગુણલક્ષણો હોય તેવું ગુજરાતમાં બહુ ઝૂઝ વ્યક્તિઓમાં બન્યું છે. આ સંદર્ભે કહી શકાય કે દર્શક અનેક રીતે અનન્ય હતા. આવા પ્રચંડ મનોઘટનાશીલ અગ્રણી સર્જક, ચિંતક અને કર્મપુરુષ મળ્યા તેને ગુજરાતનું મહત્‌ભાગ્ય ગણી શકાય.

દર્શકનો જન્મ આજના રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના પંચાશિયા નામના ગામમાં તા. ૧૫-૧૦-૧૯૧૪ના રોજ થયો હતો. એ રીતે આ વર્ષ એમનું જન્મશતાબ્દી વર્ષ છે. એમના પિતા રાજારામભાઈ પ્રાથમિક શાળાના શિક્ષક હતા. માતા મોતીબાઈ વાર્તા કહેવાની આવડત ધરાવતાં ગૃહિણી હતાં. શાળાનું પુસ્તકાલય અને સ્વરાજની લડતની આબોહવા તેમનાં પ્રેરક બન્યાં. મીઠાના સત્યાગ્રહ વખતે ગાંધીજીની હાકલથી અભ્યાસ છોડીને સ્વરાજના સૈનિક બન્યા. ૧૯૩૦ થી ૪૨ વચ્ચે ચાર વખત સાબરમતી, નાસિક, વીસાપુર અને ભાવનગરની જેલમાં રહ્યા. જેલ તેમની યુનિવર્સિટી બની. અનેક વિષયોનું ગંભીર અધ્યયન કરીને તેમણે જાતને સંપ્રજ્ઞ બનાવી. જેલમાં અને બહાર અનેક મહાનુભાવોના સત્સંગથી વિચારનિષ્ઠા અને દેશ માટેના સમર્પણભાવને ધાર નીકળી.

દર્શકનાં સ્વભાવ, કાર્યગતિ અને પ્રશ્નોની પરખ એવાં હતાં કે તેઓ રાજકીયક્ષેત્રમાં જ જાત, પરંતુ ગાંધીજી અને નાનાભાઈ ભટ્ટના પ્રભાવથી જીવનભર કેળવણીક્ષેત્રમાં સાર્થકતા અનુભવી. સાથે જ તેમાં મહત્ત્વનું પ્રદાન કર્યું.

ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં દર્શક ગૃહપતિ થયા. નાનાભાઈ ભટ્ટના નિકટ પરિચયમાં આવ્યા. ૧૯૩૭માં નાનાભાઈ ભટ્ટ દક્ષિણામૂર્તિ સંસ્થા છોડીને ગ્રામકેળવણી માટે આંબલા આવ્યા અને ગ્રામદક્ષિણામૂર્તિની સ્થાપના કરી ત્યારે એમના સૌપ્રથમ સાથીદાર દર્શક બન્યા. સમયાન્તરે નાનાભાઈએ એમને નિયામકનો કાર્યભાર સોંપ્યો. ગ્રામદક્ષિણામૂર્તિ આર્થિક સ્વાવલંબન કરી શકે એ માટે કૃષિ વૈજ્ઞાનિક ઇસ્માઈલભાઈ નાગોરી પાસે ચાર મહિના રહીને દર્શક કૃષિનિષ્ણાત બન્યા. ઇસ્માઈલભાઈએ મનુભાઈ માટે કહેલું કે 'શીખવા માટે આતુર દૃષ્ટિવાળો અને પરિશ્રમી આવો વિદ્યાર્થી પછી મને મળ્યો નથી.' ગાંધીજીએ નઈ

તાલીમમાં ઉદ્યોગ તરીકે કાંતણ અને વણાટ સૂચવેલાં હતાં. મનુભાઈએ સૂચવ્યું કે ભારત માટે ખેતી-ગોપાલન જ ઉદ્યોગ તરીકે સહજ અને સ્વાભાવિક છે. ઉદ્યોગ તરીકે ખેતી-ગોપાલનને તેમણે અનેકવિધ પ્રયોગો દ્વારા સિદ્ધ કર્યા અને રાજ્ય પરીક્ષા બોર્ડમાં વિષય તરીકે એનો સ્વીકાર કરાવ્યો. આવું માત્ર ગુજરાતમાં જ બન્યું છે. શિક્ષણપદ્ધતિઓ, પાઠ્યપુસ્તક નિર્માણ, સહઅભ્યાસ પ્રવૃત્તિ વગેરેમાં તેમણે વિધવિધ પ્રયોગો કર્યા. ગુજરાતમાં નઈ તાલીમના વ્યાપ અને ગુણવત્તામાં દર્શકનો ફાળો બહુઆયામી છે. ભારતમાં નઈ તાલીમની સંસ્થાઓ મૃતપ્રાય બની ગઈ ત્યારે ગુજરાતની હજારેકથી વધારે જેટલી નઈ તાલીમની સંસ્થાઓને સક્ષમ અને દષ્ટિવાન રાખવામાં મનુભાઈ પ્રેરક અને જોડાણતત્ત્વ (Binding Force) નીવડ્યા હતા.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના સણોસરા ગામમાં ૧૯૫૩માં થઈ ત્યારે તેના વિચારની આધારશિલા મનુભાઈ પંચોળી બન્યા. પછી તેઓ નિયામક બન્યા અને મરણપર્યન્ત (ચાલીશેક વર્ષ) તેના માર્ગદર્શક તરીકે પ્રદાન કર્યું. વર્ધા-સેવાગ્રામના નઈ તાલીમના પ્રયોગો મુખ્યત્વે પ્રાથમિક શિક્ષણના હતા, થોડે અંશે માધ્યમિક શિક્ષણના હતા. ગુજરાતમાં નઈ તાલીમના તત્ત્વ આધારિત ઉચ્ચશિક્ષણની સ્થાપના, દિશાદર્શન અને પ્રયોગશીલ કાર્યગતિમાં મનુભાઈ પંચોલી અગ્રણી હતા. શિક્ષણ સમાજાભિમુખ હોય, છાત્રાલયમાં ચારિત્રનો અમૃતકુંભ પાકે છે માટે છાત્રાલય શિક્ષણનો અનિવાર્ય ભાગ હોય, વિજ્ઞાન અને માનવીય વિદ્યાઓનો સમન્વય અને સમાન સ્થાન હોય, શિક્ષણ-સંશોધન વિસ્તરણની એકરૂપતા હોય (જેનો પછીથી યુ. જી. સી.એ આગ્રહ રાખ્યો) આ સઘળાંને સિદ્ધ કરવામાં દર્શકનું પ્રદાન મહત્તમ છે.

લોકશાહી જીવનપદ્ધતિ અને છેલ્લા માણસના ઉદયમાં દર્શકને અંતરથી શ્રદ્ધા હતી એ માટે તેઓ જીવનભર લેખન દ્વારા, વક્તવ્ય દ્વારા અને સંગઠિત પ્રયત્નો દ્વારા સક્રિય રહ્યા. એથી જ કટોકટીનો (૧૯૭૫) તેમણે વિરોધ કર્યો, રાજ્યપાલને તામ્રપત્ર પરત કર્યું. કટોકટીને તેમણે 'લોકતંત્રનાં મૂળિયાં ખોદનાર' તરીકે વર્ણવી. લખીને અને વક્તવ્ય દ્વારા તેમણે છડેચોક આ કહ્યું. એ માટે જેલવાસ પણ વેઠ્યો.

દર્શક સર્વોદય વિચારના મૌલિક ભાષ્યકાર હતા. માકર્સવાદ, મૂડીવાદ, સમાજવાદ વગેરેના મૂલગામી અભ્યાસ પછી લોકશાહીમાં તેમની પ્રતીતિ સ્થિર રહી અને ગાંધીવિચારમાં અચળ રહ્યા. વિનોબા-જેપીની વિચારણાના તેઓ સમર્થ પુરસ્કર્તા હતા. તેમના ચિંતનમાં અને સાહિત્યમાં આ તત્ત્વો ભૂમિકારૂપ બન્યાં છે.

દર્શક પાસે ધર્મની વ્યાપક, સર્વજનકલ્યાણકારક અને દેશકાળ નિરપેક્ષ એવી સાબૂત સમજ હતી. 'રામાયણનો મર્મ' અને 'મહાભારતનો મર્મ' તથા 'મધ્યે મહાભારત' (ગીતા)માં એની નિરામય વિચારણા થયેલી છે. આનંદશંકર ધ્રુવની 'હિન્દુધર્મની બાળપોથી' પછી દર્શકની સાદો હિન્દુધર્મ પુસ્તિકાની વિચારણા વિશદ તેટલી જ સરળ અને માર્મિક તેટલી જ મૌલિક છે. એમની ધર્મવિચારણાનું સાહિત્યિક સ્વરૂપ એટલે નીવડેલું નાટક 'પરિત્રાણ'. (૧૯૬૭) 'પરિત્રાણ' નાટકની સંવાદશક્તિ, વાતાવરણ નિર્માણ પાત્રસંયોજનને કારણે જશવંત ઠાકર અને માર્કન્ડ ભટ્ટ જેવા ઉત્તમ દિગ્દર્શકોએ એની ભજવણી કરી અને ૧૦૦ જેટલા શો થયા. નાટકનું આગવું અર્થઘટન દર્શકનું છે. શકુનિ કહે છે કે, 'આ યુદ્ધ ભીમ કે દુર્યોધન વચ્ચે નથી, કર્ણ કે અર્જુન વચ્ચે નથી, પાંચાલો અને કૌરવો વચ્ચે નથી, પણ શકુનિ અને શ્રીકૃષ્ણ વચ્ચેનું છે. હું કહું છું કે બળવાન કહે તે ધર્મ. શ્રીકૃષ્ણ કહે છે કે ધર્મ પાળે તે બળવાન'. ધર્મગોપ્તા શ્રીકૃષ્ણનો મત મહાભારતમાં નિર્ણાયક બને છે. દર્શકનું આ મૌલિક અર્થઘટન આખા નાટકની ધરી છે. તો 'વસ્ત્રાવરણ'માં પણ દર્શકનું અનન્ય અર્થઘટન છે. વસ્ત્રાહરણ વખતે શ્રીકૃષ્ણ દ્રૌપદીનાં ચીર પૂરે છે તે જાણીતું છે. પરંતુ દર્શકે દર્શાવ્યું છે કે શ્રીકૃષ્ણ સૂર અને સુગંધરૂપે પરોક્ષ રહે છે, ગાંધારી અને કુલવધૂઓ પોતાનાં વસ્ત્રો ઓઢાડીને દ્રૌપદીના શીલની રક્ષા કરે છે. એટલે નાટકનું શીર્ષક છે–'વસ્ત્રાવરણ' મહાભારત જેવી વિશાળ કૃતિની પ્રચલિત ઘટનાને દર્શકે સર્જક પ્રતિભાથી નવો આયામ આપ્યો છે.

ત્રણ એકાંકીઓના સંગ્રહ 'અંતિમ અધ્યાય'માં દર્શકે ધર્મતત્ત્વને વિશિષ્ટ રીતે ઉજાગર કર્યું છે. તેમાં દુર્દાંત હિટલરનો પરાભવ અને અપાર કષ્ટો વચ્ચે

માનવીના ગૌરવ અને ધર્મપાલનની મથામણનું અદ્દ્ભુત આલેખન થયું છે. હિટલર ચાહે છે કે પાદરી પેસ્ટર નિમોલિયર તેને ટેકો આપતો પ્રચાર કરે ત્યારે દર્શકે નિમોલિયરને મોંએ આવી શાંતિ અને પ્રેમની નિશ્ચલ વાણી ઉચ્ચારાવી છે. 'પ્રેમથી જ બધું જીવે છે અને પ્રેમથી જ ઊઝરે છે, દ્વેષથી નહિ. તમે રાજ્ય, તેનું લશ્કર, તેનું વ્યવસ્થાતંત્ર અને તેનાં મોટાં તોતિંગ ભોંયરાં બનાવે છે, તેનું જ શરણ સાચું છે તેમ માનો છો, એટલું જ નહિ, પરાણે મનાવવા ઇચ્છો છો. એ તો ઈશુને છોડીને શેતાનની પૂજા કરવાનું થયું.' માનવીની સહનશક્તિ અને શ્રદ્ધાનું આ હૃદયસ્પર્શી નાટક છે. આ એકાંકીમાં આલ્બર્ટ સ્પીયર દ્વારા દર્શકે એક મૌલિક દર્શન વ્યક્ત કર્યું છે : 'પ્રમાણભાન જ સત્ય છે.' અને 'પોતાની જવાબદારી સ્વીકારવી તેની સજા સ્વીકારવી.' સ્પીયરે શસ્ત્રોત્પાદનમાં જ ધ્યાન આપ્યું, રાજકારણની ઉપેક્ષા કરી એ એકાંગિતામાં પ્રમાણભાન ન રહ્યું ને અંતે સ્વીકારે છે.

દર્શક ધર્મવિચારણામાં અને સાહિત્યકૃતિના ધ્વનિમાં કેવા એકરૂપ, સર્વદેશીય અને સૂક્ષ્મતાથી જોનારા હતા તેનો અનુભવ એમની કૃતિઓમાં થાય છે.

દર્શકની નવલકથાઓને સમજવા માટે કેળવણીકાર દર્શકને સમજવા પડે અને કેળવણીકાર દર્શક તો સમજાય જો ઇતિહાસનો બોધ પામનારા દર્શકને પારખીએ. આવું એટલા માટે બન્યું છે કે દર્શકનો ઉછેર ગાંધીયુગની આબોહવામાં થયો છે. તેમણે જીવનભર અહિંસક સમાજ માટે પોષક એવી કેળવણી માટે પુરુષાર્થ કર્યો. એથી એમનું ચિંતન અને દર્શન સમગ્ર વિશ્વને પોતાના ઊંડળમાં લે છે. કારણ કે દર્શક કેવળ સાહિત્યોપાસક નથી, પરંતુ જીવનોપાસક છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં એમની જીવનભરની શોધ રહી છે કે સાચું જીવન એટલે કેવું જીવન ? 'સોક્રેટિસ' નવલકથામાં મીડિયા સોક્રેટિસને પૂછે છે કે તમે મરવાનું જ નક્કી કર્યું હતું ને ? નહિ તો ન્યાયાલયમાં આવી દલીલો શા માટે કરી ? ત્યારે સોક્રેટિસ સામે પૂછે છે કે, 'મીડિયા, લાંબું જીવન મહત્ત્વનું કે સાચું જીવન ?' મીડિયા કહે છે, 'સાચું જીવન' ત્યારે સોક્રેટિસ સમજાવે છે કે, 'સાચા જીવન માટે જ મેં મૃત્યુનું વરણ કર્યું છે.' દર્શકના દર્શનમાં, સર્જનમાં અને કર્મમાં આ શોધ સતત રહી છે. સ્પર્ધા, શોષણ અને યુદ્ધનો વિકલ્પ માનવતા છે, બંધુતા છે, સહકાર છે. એટલે દર્શકની તમામ કૃતિઓમાં યુદ્ધનું આલેખન આવે છે. 'યુદ્ધસ્ય કથા રમ્યા' એમ કહેવાયું છે. પરંતુ દર્શકે માત્ર કથાને રમ્ય બનાવવા માટે, આકર્ષક બનાવવા માટે જ યુદ્ધનું વર્ણન નથી કર્યું અહિંસક સમાજની સ્થાપના માટે યુદ્ધનાબૂદી જરૂરી છે. યુદ્ધને દર્શકે ચાર આર્યસત્ય ઉપરાંતનું પાંચમું સત્ય ગણાવ્યું છે. એટલે યુદ્ધને સમજવું પડશે, એનાં કારણો (અહંકાર, લોભ, ઈર્ષા) ને સમજવાં પડશે, એના ઉપાયો અમલી બનાવવા પડશે એ તેમનું દર્શન છે. 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' નામના મોમ્બાસામાં આપેલ વ્યાખ્યાનમાં તેમણે કહ્યું છે કે વીસમી સદીની મોટામાં મોટી શોધ અણુબૉમ્બ, રોકેટ, ઝડપી સાધનો, તોતિંગ કારખાનાં વગેરે નથી, પરંતુ મોટામાં મોટી શોધ બાળશિક્ષણની છે. બુદ્ધ, મહાવીર, અનેક સંતો-મહાત્માઓનાં તપ-ત્યાગ-સમજ અપાર હતાં, છતાં તેમની અસર મર્યાદિત થઈ, કારણ કે જેમની અહંકારની ગાંઠો મજબૂત થઈ ગઈ હોય તેવા મોટી ઉંમરનાઓ સાથે તેમણે કામ પાડ્યું. જો તેમણે બાળકોના શિક્ષણથી કામ કર્યું હોત તો વધુ અસરકારક બનત. કારણ કે યુદ્ધનાં બીજ પહેલાં માનસમાં વવાય છે, પછી મેદાન પર યુદ્ધ લડાય છે. એટલે મનુષ્ય ચિત્તમાંથી દુજોભાવ, સ્વહિત બુદ્ધિ, સંકુચિત વફાદારી દૂર કરવાનો વિકલ્પ શોધવો પડશે.

એટલે દર્શકે નઈ તાલીમના તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કર્યો. એના સ્વરૂપમાં પ્રયોગજન્ય ઉમેરણ પણ કર્યું. શ્રમ, સમૂહજીવન, સમાજાભિમુખતા, અનુબંધ અને જીવનનું અખંડદર્શન ઉપર ભાર મૂક્યો. આ જ દર્શન એમની કૃતિઓમાં પણ પ્રગટ થયું છે. મીડિયા સોક્રેટિસને મળવા આવી ત્યારે સોક્રેટિસ સાદો ખોરાક જમી રહ્યા હતા. મીડિયા પૂછે છે, તમે ખોરાકમાં મસાલા નથી નાખતા ? તો સોક્રેટિસ કહે છે, 'નાખ્યો છે ને મસાલો.' કડકડતી ભૂખનો મસાલો નાખ્યો છે. સ્પાર્ટા અને એથેન્સના વિગ્રહ વિશે મીડિયા પૂછે છે ત્યારે જવાબમાં સોક્રેટિસ કહે છે : જાડાં લૂગડાં, પૌષ્ટિક ખોરાક, સાદો આસવ અને સહજ મળતો આનંદ - આટલું મેળવવાથી આગળ જવું એટલે યુદ્ધ સિવાય કશુંય હાથમાં ન આવે. (પૃ. ૯૦) આ

અર્થઘટન દર્શકનું છે.

'ઝેર તો પીધાં છે જાણી જાણી' એ શીર્ષક જ સૂચવે છે કે બત્રીસ લક્ષણાઓએ ચાહીને વેદના સ્વીકારીને બીજાને અમૃત આપવું પડશે. માંડણભગત, ગોપાળબાપા, સત્યકામ, રોહિણી, હેમંત, રેથન્યૂ, ક્રિશ્ચાઈન, અચ્યુત, મર્સી, શાંતમતિ વગેરે પાત્રો તેનાં વાહકો છે. માંડણ ભગત માત્ર બે પાનામાં આવે છે પરંતુ ૧૪૦૦ પાનાંની નવલકથા ઉપર તેમનો શીતળ પ્રકાશ પથરાઈ રહે છે. માંડણ ભગતની પત્ની રાત્રે કોઈ છેલબટાઉ યુવક સાથે ભાગે છે. ગોપાળબાપા જાગી જાય છે, ભગતને જગાડીને વાત કરે છે. ભગત આસપાસ જોઈ, બાઈનાં પગરખાં પડી રહ્યાં છે તે ઉપાડી પાછળ જાય છે. પહોંચીને, પગરખાં આપતાં કહે છે, લ્યો, રામને કાંટા વાગશે.' પત્ની ઉપર પણ બળજબરી નહિ. પ્રેમ હોય તો જ રહે, નહિ તો ભલે જાય. ભગત પાછા વળે છે ત્યારે ગોપાળબાપા પોતાને શિષ્ય બનાવવા કહે છે. ભગત ચપટી ધૂળ લઈ આપતાં કહે છે, લ્યો, આને સેવજો રામ મળશે અને કામેય મળશે. યુદ્ધનો અવેજ અહીં છે. કેવું જીવન સાચું તેનો ઉત્તર આમાં છે.

એટલે દર્શકની નવલકથાઓમાં આશ્રમ, વાડી, યુદ્ધ અને સમજણનાં અવતાર જેવાં વૃદ્ધો વિવિધરૂપે પ્રત્યક્ષ થાય છે. સાચા જીવનનું દર્શકનું દર્શન અહિંસક સમાજનું છે. અહિંસક સમાજ એટલે ગીતાની પરિભાષામાં કહીએ તો જે કોઈથી ઉદ્વેગ પામતો નથી અને જે કોઈને ઉદ્વેગ પમાડતો નથી તેવા મનુષ્યનું નિર્માણ. એવા મનુષ્યના નિર્માણમાં વાડી અને આશ્રમોનું જીવન પોષક છે, તો સમજણના શિખર જેવા વૃદ્ધો સાચા જીવનનો પ્રકાશ સર્વત્ર ફેલાવતા રહે છે. વાસુદેવ, મહાકાશ્યપ, ઐલ, ધૌમ્ય, ગોપાળબાપા, સોક્રેટિસ, શાંતમતિ આવાં પાત્રો છે. તેઓ જીવનમાં ઓતપ્રોત છતાં જીવનથી દશાંગુલ ઊર્ધ્વ રહે છે. તેમનો ઝીણા વ્યવહારો દ્વારા ધર્મના પાયાનાં તત્ત્વો પ્રત્યક્ષ થાય છે.

યુદ્ધનું નિર્મૂલન કરવું હોય તો મનુષ્યની મનોવૃત્તિ અને માન્યતા બદલવી પડે. ઉદારતા, ભ્રાતૃભાવ, ન્યાય અને નમ્રતાને સ્વીકારવાં પડે. એ માટે શ્રેષ્ઠજનો હસતાં હસતાં જગતની વેદના પીને એનું અમૃતમાં રૂપાંતર કરે એ દર્શકની નવલકથાઓમાં અંતસ્રોતા જીવનભાવ છે. સત્યકામ - રોહિણી - હેમંત, આનંદ-સુચરિતા, શેખર-સુભગા, સોક્રેટિસ મીડિયા- એપોલોડોરસ, અચ્યુત-મર્સી, રેથન્યૂ-ક્રિશ્ચાઈન આવાં પાત્રો છે. તેઓ લેખકની જીવનભાવનાનાં માત્ર પ્રતીક નથી, પરંતુ વલોવાતાં, સંઘર્ષ કરતાં, પડતાં-આખડતાં પણ હાર ન સ્વીકારતાં, મનુષ્યના મહિમાને પ્રગટ કરે છે.

સમગ્ર ગુજરાતી સાહિત્યમાં 'ઝેર તો પીધા છે'ના ત્રીજા ભાગમાં વિશ્વયુદ્ધનું જે વર્ણન છે તે અનેક રીતે અનન્ય છે. આ નવલકથાને મહાનવલ બનાવવામાં યુદ્ધનો બહુ મોટો ફાળો છે. એક દૃષ્ટાંત પૂરતું થશે. મર્સી એક પક્ષીનાં ઈંડાને સાપથી બચાવવામાં સફળ થાય છે, પરંતુ પોતાનાં બંને બાળકો ખોઈ બેસે છે. અચ્યુતની ભાળ નથી. પોતે કેદ થઈને જર્મન સેનાપતિ કાર્લના કબજામાં જાય છે. યુદ્ધની સૌથી મોટી કરુણતા એ હોય છે કે તેમાં નિર્દોષને સૌથી વધુ સહન કરવાનું આવે છે.

કાર્લને વાયનું દર્દ છે. તે ભયંકર રીતે પીડાઈ રહ્યો છે. લશ્કરના બર્મીજ મેજરને ખબર પડે છે કે કેદી મર્સી નર્સ છે, તેને માલિશ કરતાં આવડે છે. મર્સી હાજર થાય છે ત્યારે જાણે છે કે પોતાના પિતા રેથન્યૂને મારનાર, તેના આખા કુટુંબને દુઃખી કરનાર કાર્લ બીમાર છે. તે કહી દે છે : હું સારવાર નહિ કરું.' મૃત્યુની બીકથી પણ તે ડગતી નથી. એ જ ક્ષણે તેને બાઇબલનું વાક્ય યાદ આવે છે 'બદલો લેવાનું કામ તારું નથી' એનું મન બદલાય છે, ક્ષમા આપીને કાર્લની સારવાર કરે છે. પછી ત્યાંથી ભાગવું પડે છે. ચીંદવીન નદીમાં પૂર છે, કાર્લ અને મર્સી હોડીમાં જાય છે. એક ટાપુ ઉપર આશ્રય લે છે. કાર્લ વૃક્ષ પર ચડી શકતો નથી તેથી નીચે આડો પડે છે, મર્સી વૃક્ષ ઉપર બેસે છે. રાત્રી, અંધકાર, ઊછળતાં પાણી વચ્ચે મર્સી ઊંઘી જાય છે. સવારે જાગીને નીચે જુએ છે તો કાર્લના શરીર ઉપર હજારો કીડીઓના થર જામેલા છે. માત્ર હાડપિંજર રહ્યું છે. જોઈને મર્સી કંપી જાય છે. આર્દ્રતાથી વિચારે છે, અરે, કાર્લનો જીવ જતાં એને કેવી વેદના થઈ હશે ? વેરથી ઉપર ઊઠીને મર્સી કાર્લ માટે સમસંવેદન અનુભવે છે. આ ઘટના પછી થોડી વારે મર્સીનું નદીમાં મૃત્યુ થાય છે; પરંતુ તે મૃત્યુને જીતી ગઈ છે. ખ્રિસ્તી ધર્મમાં બે મહત્ત્વના શબ્દો છે : First Crucification, then Resurrection. જે

ક્રૂસીફિકેશન (વેદનાનો) સ્વીકારે છે તે રિસરેક્શન (પુનરોદ્ધાર, નવો અવતાર) પામે છે. મર્સીનો આ પુનરોદ્ધાર છે. તેણે વેરને જીત્યું છે. મહાયુદ્ધનું આ બલિદાન જ એનું અમૃતફળ છે.

'સોક્રેટિસ' (૧૯૭૪) દર્શકની ઉત્તમ નવલકથા છે. ધારાસભ્ય તરીકે તેમણે ગાંધીનગરમાં લોકશાહીની હરરાજી થતી જોઈ હતી. ધારાસભાનું વિસર્જન થયું અને 'સોક્રેટિસ'નું સર્જન થયું. લોકશાહી રાજ્યવ્યવસ્થા જો જીવનમૂલ્ય ન બને તો માત્ર વ્યવસ્થા ટકી શકતી નથી. એ ટોળાશાહીમાં બદલાઈ જાય છે એ દર્શકનું દર્શન છે. જીવનના ત્રણ અતિમહત્ત્વનાં મૂળભૂત તત્ત્વો આ નવલકથામાં પ્રગટ્યાં છે : સોક્રેટિસના પાત્ર દ્વારા શીલ અને શાણપણ, પેરિક્લીસના પાત્ર દ્વારા સત્તા તથા એસ્પેશિયા અને મીડિયાનાં પાત્રો દ્વારા અનશ્વર સૌંદર્યની અદ્ભુત છબિ ઊપસી શકી છે. એના સમુદ્રમંથનમાંથી અમૃત પમાય છે. દર્શકનું ચિંતન આ પાત્રો દ્વારા દેશ-કાળના સીમાડા વળોટીને મૂર્ત થયું છે એ ખૂબીને ભૂલી શકાય તેમ નથી કે ૨૪૦૦ વર્ષ પહેલાનાં ગ્રીસનાં સ્થળ-કાળ, રીતરિવાજો, વિચારપદ્ધતિઓ, સંઘર્ષો અને જીવનપ્રણાલીઓ એવી રીતે ઉપસ્યા છે કે આપણે એ કાળમાં જીવતાં હોઈએ એવું અનુભવાય છે. તેથી જ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સોક્રેટિસ નવલકથાને ઇતિહાસનું ભવ્ય વિસ્મયપર્વ તરીકે ઓળખાવી છે.

વિનોબાજીએ મહાન સર્જકનું લક્ષણ એ ગણાવ્યું છે કે એ સ્થળ-કાળને વળોટીને કાલાતીતને પ્રગટ કરે છે. દર્શક પોતાના સ્થળ-કાળને વળોટી શક્યા છે. તેમ જ ટી.એસ. એલિયેટે કૃતિની મહાનતા (Greatness)ને ઓળખાવતાં કહ્યું છે કે, ''કવિતા સિદ્ધ થઈ છે કે નહિ તે માપવાનાં ધોરણો તો કવિતાનાં જ હોવાનાં, પરંતુ એ કવિતા મહાન છે કે નહિ એનાં ધોરણો તો ધર્મનાં મહાન મૂલ્યો જ હોવાના''. નિશંક કહી શકાય કે દર્શકે પોતાના સાહિત્ય દ્વારા ધર્મના મહાન મૂલ્યોને રમણીય રીતે, હૃદયસ્પર્શી રીતે અભિવ્યક્ત કર્યાં છે. એમના સાહિત્યનો આસ્વાદ કરનાર ભાવક હૃદયની સમજણ અને સમજણનું હાસ્ય પામી શકશે.

આટલા નિરૂપણથી પારખી શકાશે કે દર્શકમાં કર્મ, જ્ઞાન અને પ્રજ્ઞાની સંવાદિતા હતી. સર્જક, વિચાર અને દર્શનમાં વૈશ્વિકતા હતી. એથી ઉમાશંકર જોશીએ તેમને માનવબંધુઓના નમ્ર ભેરુ તરીકે ઓળખાવ્યા છે તે સર્વથા વાજબી છે.

(સી/૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ્સ, દેવાશિષ સ્કૂલ સામે,
જજીસ બંગલા વિસ્તાર,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
મો. ૯૮૨૪૦૪૨૪૫૩)

ભારતની પ્રજા આજે અનેક વાદોની નાગચૂડમાં ફસાયેલી છે. એ બધા વાદોનો સરવાળો હું બે જ વાદમાં કરું છું : તકસાધુવાદ અને સમન્વયવાદ. આ બે વાદોમાં ભારતીય જનતાની જંગી બહુમતી તકસાધુવાદ તરફ છે. છાપાંથી માંડીને સંન્યાસીઓ સુધ્ધાંની ગણતરી કરશું તો એમની બહુમતી પણ આ વાદમાં જ આવશે.

તકસાધુવાદને ફૂલવાફાલવા માટે આજે બહુ વિશાળ ક્ષેત્ર મળી ગયું છે. સુધારક સ્ત્રીઓની સભામાં તકસાધુ હાથ પછાડીને કહેશે : ''અમે પુરુષોએ આજ સુધી શાસ્ત્ર ને ધર્મને ઓઠે તમને અગણિત અન્યાય કર્યા છે, તેનું અમારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે.'' સનાતનીઓની સભામાં પાછા એ જ ભાઈ મોટું તિલક કાઢીને જશે અને બોલશે : ''આ ધર્મભ્રષ્ટ સરકારે ધર્મને રસાતાળ કાઢ્યો.'' પછી આંખમાં ઝળઝળિયાં લાવીને કહેશે : ''મારું ચાલે તો ધર્મને ભ્રષ્ટ કરનારા આ કાયદાઓને એક જ તડાકે ઉડાવી દઉં ને રામરાજ્ય સ્થાપી દઉં.''

આપણે જરાક નજર ફેરવીને જોઈશું તો ચોમેર આ તકસાધુવાદીઓની દોડમદોડ નજરે ચઢશે.

બીજો વાદ તે સમન્વયવાદ, પણ આજે તો સમન્વયવાદી એકલો અટૂલો પડી જશે. એને નહીં માને સરકારી તંત્ર, નહીં માને ખેડૂતો, નહીં માને કારખાનાંના મજૂરો. સમન્વયવાદી પોતાના સિદ્ધાંતની રક્ષા કરતો કરતો અતિનિકટના સાથીઓનો સંગાથ છોડીને આગેકદમ ભરતો હશે, તો તકસાધુવાદી બીજાઓને ખુશ કરીને ખિસ્સાં ભરવાની જ વેતરણમાં ભમતો હશે. એ તકસાધુવાદીને જરાક જ ચકાસીએ તો તે ઉઘાડો પડી જાય. પણ નાનાંમોટાં સહુ તકવાદી હોય, ત્યાં કોણ કોને કહે ?

– **સંતબાલ**

# કર્મયોગી સ્વ. ધનાભાઈ વકીલ

(પૂર્વ ઉપપ્રમુખ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી)

**કાન્તિભાઈ ના. પટેલ**

**"।। कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।।"**

સન ૧૯૪૮ના જૂનની ૧૦મી તારીખે શાળાનું વૅકેશન પૂરું થતાં અમારા ગામના અમે ત્રણ મિત્રોએ પગપાળા માથે પેટીઓ લઈ એ પુણ્યભૂમિ પર પ્રથમ પગલાં પાડ્યાં. એ નવીન વાતાવરણમાં અમોને નવીન મિત્રોનો પરિચય થયો. આખરે અમને સ્ટેજ પાસેની રૂમ નંબર-૩ ફાળવવામાં આવી. હૈયામાં હરખ અને નવીન જાણવાની તલપમાં અમારો પ્રથમ દિવસ આનંદથી પસાર થયો.

સાંજે પ્રાર્થના બાદ કલ્યાણભાઈ તથા અંબાલાલ સાહેબે આશ્રમમાં આચરણ અંગેની તમામે તમામ સૂચનાઓ આપી દીધી. ત્યારે ખ્યાલ આવ્યો કે તેઓ અમારા ગૃહપતિ હતા. બીજે દિવસે શાળા શરૂ થતાં મધ્યસ્થ હૉલમાં આચાર્ય નાથાભાઈ સાહેબે સર્વને અભિવાદન સહિત નૂતન સત્રના આશીર્વાદ પાઠવ્યા. તેઓ શિસ્તના અતિ આગ્રહી હતા અને તે અંગેની તમામ સૂચનાઓ પણ તેમણે આપી દીધી. અંતે વાલજીભાઈ સાહેબે શાળાનું પ્રાર્થના ગીત ''પ્રિય સર્વ વિદ્યાલય સોહે'' ગવડાવ્યું અને સભાની પૂર્ણાહુતિ થઈ. સૌ વિદ્યાર્થીઓ પોત-પોતાના વર્ગખંડમાં ગયા. અમારે સદ્‌ભાગ્યે વર્ગશિક્ષક રતિલાલ નાયક આવ્યા જે સારા એવા સાહિત્યકાર પણ હતા. આ રીતે એ નવીન ધરતી પર અમારા નૂતન સત્ર અને નવજીવનની શરૂઆત થઈ.

બીજે દિવસે શાળા છૂટ્યા બાદ સાંજના સમયે આશ્રમના મુખ્ય દરવાજા પાસે દેખાવે એક સરળ વિભૂતિનાં દર્શન થયાં. ગાંધીજીના રંગે રંગાયેલી, ખાદીના પોશાકમાં, મધ્યમ બાંધાના એ વ્યક્તિ નાથાભાઈ સાહેબ સાથે ગોષ્ઠી કરી રહ્યા હતા. બાદમાં તેઓ આશ્રમના કાર્યાલયમાં ગયા.

વળી ત્રીજે દિવસે સાંજના એ જ વિભૂતિ આશ્રમના મુખ્ય દરવાજા સામે જૂઈના મંડપ નીચે (હાલ જ્યાં છગનભાનું બાવલું છે) કલ્યાણભાઈ સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. બાદમાં ખ્યાલ આવ્યો કે એ સફેદ વસ્ત્રે સંત જેવા સેવાભાવી સજ્જન ધનાભાઈ વકીલ હતા, જેઓ એ સમયે મહાન સંસ્થાના સેક્રેટરી હતા.

વળી ક્યારેક ધનાભાઈ એમની મિત્રમંડળી સાથે આશ્રમમાં આવતા. છ. રા. વકીલ, ડૉ. માણેકલાલ વગેરે એમના મિત્રો હતા.

હા, અને કોઈ શુભ અવસરે રવિવારના દિવસે ધનાભાઈ સહપરિવાર ઘોડા-ગાડીમાં પધારતા અને કાર્યક્રમમાં સહભાગી થતા. એમ એ પરિવાર માટે આશ્રમની ભૂમિ કાશી, મથુરા અને દ્વારિકા સમાન જાત્રાનું ધામ બની ગઈ. એમ એ તપોભૂમિ પર એમની સાધના સતત ચાલુ હતી. સેવા એ જ મેવા એમનો જીવનમંત્ર બની ગયો. અરે સેવા તો પ્રભુને પણ વહાલી છે.

વળી દૂધમાં સાકર ભળે તેમ ધનાભાઈ સૌ કાર્યકરો સાથે ભળી પ્રેમભાવથી સંસ્થાનું સંચાલન કરતા હતા. એમ નિષ્કામભાવની સેવા અને પ્રેમભર્યા વાતાવરણમાં બાળકોના નવજીવનના ઘડતરનું સુંદર કાર્ય થઈ રહ્યું હતું, પરિણામસ્વરૂપે એ સંસ્થાએ અનેક એન્જિનિયરો અને ડૉક્ટરો સમાજ અને દેશને આપ્યા. સમયના પ્રવાહ સાથે ધનાભાઈ સંસ્થાના લાડીલા સેવક બની ગયા હતા. વળી, શાળા તથા આશ્રમનાં સૌ બાળકોના માનીતા પણ બની ગયા હતા.

હા, ધનાભાઈ વ્યવસાયે વકીલ, પણ આચરણે

સફેદ વસ્ત્રે સંત જેવા હતા. સંસ્થાની સેવામાં તન, મન અને ધનથી એકરૂપ થઈ ગયા હતા. છાત્રોના શ્રેય માટે દિન-રાત પરિશ્રમ કરી સેવાની સરવાણી વહેતી રાખતા હતા. એમ સમગ્ર સંસ્થાનું હિત એમના હૈયે વસ્યું હતું. મૃદુ ભાષા, વિવેકભર્યું વર્તન અને સાદગી એમ ત્રણે ગુણોના ત્રિવેણી સંગમનાં દર્શન એમનામાં થતાં હતાં. ખાસ તો એમને નાથાભાઈ સાહેબ સાથે સારો એવો પ્રેમભાવ અને મન-મેળ હતો. જાણે ગંગા-યમુનાનો સંગમ ! હા, અને દાસકાકા અને છોટુભાઈ જીનવાળા સહકાર્યકરો ખરા, પણ તેઓ વડીલ વર્ગમાં ગણાતા હતા. છતાં એમનાં સલાહ સૂચનો અવશ્ય સ્વીકારતા હતા. એમ અન્યોન્ય સહકાર અને સુમેળથી સંસ્થાનું સુંદર સંચાલન થતું હતું. અને સંસ્થાનો સોળે કળાયે વિકાસ થઈ રહ્યો હતો. શાળાએ રમત-ગમત ક્ષેત્રે સમગ્ર મુંબઈ સ્ટેટમાં નામ રોશન કર્યું હતું. વળી મૅટ્રિકનું પરિણામ પણ ૧૦૦% આવતું હતું.

આજે, આ લખવા બેઠો છું ત્યારે તત્કાલીન સમયનું અનોખી સ્મૃતિનું દૃશ્ય નજર સમક્ષ ખડું થયું છે. ચોમાસામાં ભાદરવો બરાબર જામેલો અને સર્વત્ર જળબંબાકાર ! આશ્રમની ચારે બાજુએ પાણી ભરાયેલાં. આ માહોલમાં મેલેરિયા ફાટી નીકળ્યો. અનેક છાત્રો માંદગીમાં પટકાયા. આ પરિસ્થિતિમાં રાત્રે ૧૨.૦૦ વાગે અનોખા દૃશ્યનાં દર્શન થયાં. ડૉ. માણેકલાલ, નાથાભાઈ અને ધનાભાઈની ત્રિપુટી રૂમે રૂમે ફરે. જાણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ધરતી પર ઊતરી આવ્યા ! ડૉ. માણેકલાલ ઇન્જેક્શન આપે, નાથાભાઈ દવા પાય અને ધનાભાઈ ડૉક્ટરની પેટી પકડી રાખે. આ કળિયુગમાં હાથમાં દીવો લઈ ખોળવા જઈએ તોપણ એવી ત્રિમૂર્તિનાં દર્શન થાય ખરાં ?

આવી સેવાભાવી વિભૂતિઓના પ્રતાપે જ આ સંસ્થા આજે પણ ફળી-ફૂલી પ્રગતિના પંથે પ્રયાણ કરી રહી છે. સાચે જ ''પરોપકારાય સતાં વિભૂતયઃ'' ''ભાગ્ય જાગ્યાં રે એમ જાણવા, થયાં કોટિ કલ્યાણ''. ભાગ્યશાળીને જ એ તપોભૂમિના પ્રાંગણમાં વિદ્યા સંપાદન કરવાનો અવસર મળે. હજારોનાં તન, મન અને ધનથી કલ્યાણ આ ભવમાં થઈ ગયાં. ''હે માતૃ શાળા, શુભ આશિષ યાચું, જન્મો જનમ તુજ સાંનિધ્ય માંગું.''

સમય જતાં ધનાભાઈના પારિવારિક સંબંધોનો પણ ખ્યાલ આવ્યો. તેઓ કડી તાલુકાના ગામ ગણેશપુરાના વતની હતા. પિતાજીને ત્યાં જમીન, જાગીર, ખેતીવાડી અને જાહોજલાલી હતી. વળી, તે એક પ્રતિષ્ઠિત સુખી, સાધનસંપન્ન ગાયકવાડી મુખીના નબીરા હતા. કોઈ વાતે કમી ન હતી. ત્યારે જ એ જમાનામાં ભણી-ગણી ગાયકવાડ સરકારના માનીતા વકીલ બન્યા હોય !

વિશેષમાં એમની પ્રામાણિકતા અને કાબેલિયત જોઈ આઝાદી બાદ મુંબઈ સરકારે તેમને ગણોત ધારાના જમીન એકીકરણના કાર્યમાં જોતરી દીધા. માથાભારે ઠાકોરો, જમીનદારો અને રાજ-રજવાડાંનાં અનેક પ્રલોભનો ઠોકરાવી હજારો ગરીબ બિચારા ગણોતિયાઓનાં આંસુ લૂછી તેમને જમીનના માલિક બનાવ્યા. તેમણે ધાર્યું હોત તો લાખ્ખો રૂપિયા બનાવી શક્યા હોત પરંતુ એ તમામ એમને માટે તૃણ તૂલ્ય હતું.

''HONESTY IS THE BEST POLICY'' એમનો જીવનમંત્ર હતો. એ જ સદ્‌ગુણની સરવાણી આજે પણ એમના પરિવારમાં શ્રવી રહી છે. ઉપસંહાર રૂપે કોઈ કવિએ સાચે જ કહ્યું છે :

**''જનની જણ તો ભક્ત જણ, કાં દાતા, કાં શૂર,**
**નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.''**

આજે, સન્માનનીય વડીલ ધનાભાઈ આપણી વચ્ચે નથી, પરંતુ તેમનાં સેવાકાર્યોની સુવાસ સર્વ વિદ્યાલયમાં મઘમઘી રહી છે. અંતે ધન્ય છે એ સ્વ. ધનાભાઈને કે જેમણે પોતાનું સમગ્ર જીવન સેવાના પથમાં સમર્પણ કરી દીધું હતું. આમ તો ધનાભાઈના જીવન-કવન પર પૂરી પુસ્તિકા લખાય તેમ છે, છતાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે આ પુષ્પાંજલિ અર્પી વિષયની પૂર્ણાહુતિ કરું છું.


**કાન્તિભાઈ ના. પટેલ**
(ડાંગરવા) ભૂતપૂર્વ વિદ્યાર્થી
સને ૧૯૪૮ - ૧૯૫૨
હાલ, ન્યૂજર્સી. (USA)

# બાળસાહિત્યના સિતારા :
# ઈશ્વર પરમાર

**તુલસીભાઈ પટેલ**

સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી સન ૨૦૧૪નો ગુજરાતીમાં બાળસાહિત્ય સર્જન માટે શ્રી ઈશ્વર પરમારને એમના સમગ્ર બાળસાહિત્યને લક્ષ્યમાં લઈને 'બાળસાહિત્ય પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો.

૬ ઑક્ટોબર, ૧૯૪૧ના રોજ રેહા (ભુજ-કચ્છ)માં એમનો જન્મ થયો. એમના પિતા દામજીભાઈ કડિયા-કારીગર અને કૉન્ટ્રાક્ટર હતા. બાળસાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર આ તેજસ્વી સિતારાનું જીવન અને કવન જાણવા જેવું છે. જેમ ઊગતા સૂરજના તેજ અપાર એમ બાળવયમાં જ એમણે ભાવિ સિદ્ધિના અણસારા આપવા માંડ્યા હતા.

ઈશ્વર પરમારનું શૈશવ સ્વયં બાળવારતા જેવું છે. એમણે શૈશવ બરાબર માણ્યું છે. સ્વૈરવિહારી સ્વભાવ. મનમાં જે આવે તે કરે. વાછરડાં અને કુરકુરિયાં રમાડે ! ભાઈબંધો અને ઢોરાં પાછળ પાગલ ! મદારીના ખેલ વિસ્મયપૂર્વક જુએ, ને એની નકલ કરે. ટીંગાટાળો કરીને શાળામાં મૂકવા જતાં કાગારોળ કરી મૂકે. છોરાં ભેગાં કરીને નાટક કરે. ડાયરેક્ટર બને. સીતાનું પાત્ર ભજવનાર ન મળે તો પોતે જ સાડી ઓઢી લે ! સીતા બની જાય. એમની બાળવારતાઓની સફળતાનું રહસ્ય એમની આ રમતિયાળ શૈશવ અવસ્થામાં રહેલું છે.

ઈશ્વર પરમારે પ્રાથમિક શિક્ષણ વતન રેહામાં લીધું. વ્યવસાય માટે પિતાજી સાથે મુંબઈ ગયા. ત્યાં મુલુંડના ''નવભારત વિદ્યાલય''માં સાતમું-આઠમું ધોરણ ભણ્યા. ત્યારે આર્થિક તંગી અને નિરાશાની મનોદશામાં જોડકણાં લખ્યાં. કિશોર મિત્રોએ વખાણ્યાં. ભુજની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મૅટ્રિક સુધી ભણ્યા. પહેલી વાર નાપાસ થયા તો ટાઈપીંગ શીખ્યા. વર્ગમાં કંટાળો આવે. નવમામાં હતા ત્યારે ''મીની માસીએ લાડવા ખાધા'' વારતા 'જનશક્તિ'માં છપાઈ. ખૂબ રાજી થયા. ''રેહા મિત્ર મંડળ''ના ''દીપક'' હસ્તલિખિત અંકની જવાબદારી નિભાવી. કડિયા જ્ઞાતિના છાત્રાલયમાં પ્રગટ થતા 'ઉત્થાન' હસ્તલિખિત અંકમાં સહભાગી થતા.

ભુજના શિક્ષકોની ભલામણ ધ્યાનમાં લઈને કૉલેજના અભ્યાસ માટે ઈશ્વર પરમારે અલીઆબાડા (જિ. જામનગર)ની વાટ પકડી. આ સંદર્ભમાં શિક્ષણવિદ્ ભદ્રાયુ વચ્છરાજાની એમની 'દિવ્ય ભાસ્કર'ની કૉલમમાં લખે છે : ''મારું જીવન કંઈક ઠીક થયું તો અહીંથી અને કોઈએ ઠીક કર્યું હોય તો ડોકાકાએ. આજે પણ અનુભવું છું કે જીવનમાં એક માત્ર બાપુજી એટલે ડોલરરાય માંકડ !'' આટલું બોલતાં તો હાસ્યથી છલકાતા ઈશ્વર પરમાર હીબકે ચઢે છે !''

ઈશ્વરભાઈ અલીઆબાડાના દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયમાં અર્થશાસ્ત્ર સાથે બી. એ. થયા. અર્થશાસ્ત્ર પસંદ કરવાનું રહસ્ય આમ છે : દર્શકની 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથાના નાયક અચ્યુતથી પ્રભાવિત થયા. માનવતાની સેવા માટે ઉપયોગી થવા સારુ અર્થશાસ્ત્ર વિષય પર પસંદગી ઉતારી. અલીઆબાડાની કૉલેજમાં અમે ક્લાસમેટ નહીં, પરંતુ કૉલેજમેટ ખરા. ઈશ્વર પરમાર મારાથી બે વરસ પાછળ. અમે બે વરસ સાથે રહ્યા. [આમ તો આત્મીયતાને કારણે અમે એકવચનમાં સંબોધન કરીએ છીએ. પરંતુ અહીં શિષ્ટાચારવશ બહુવચનનો પ્રયોગ કર્યો છે.]

ઈશ્વર પરમારના વ્યક્તિત્વ અને સાહિત્યિક ઘડતરમાં ડોકાકાનો ફાળો અનિર્વચનીય ગણાય. ઈશ્વર પરમારના એક લેખનું શીર્ષક છે : ''અલીઆ મારું

અક્ષરધામ.'' આ શીર્ષકમાં જ અલીઆબાડાની કૉલેજનો મહિમા સરસ રીતે સૂચવાય છે. ગુજરાતીના અધ્યાપક અને ઉપાચાર્ય શ્રી મોહનભાઈ શં. પટેલના પ્રેરક પ્રોત્સાહનનો ફાળો નોંધપાત્ર ગણાય. સર્જન માટે બીજનિક્ષેપ તો શિશુવયમાં થયો હતો જ, અહીં ખાતર પાણી મળ્યાં. બીજ અંકુરિત થયું અને ફુલ્યું, ફાલ્યું, ફળ્યું !

ઈશ્વર પરમારે પીએચ. ડી.નું ફરફરિયું પણ મેળવ્યું છે. પીએચ. ડી. માટે શોધપ્રબંધનો એમને વિષય વિશિષ્ટ છે. એનું શીર્ષક છે : ''સામાજિક નવલકથામાં શિક્ષણ.'' ગુજરાતીમાં સન ૧૯૫૦થી ૨૦૦૦ સુધી લખાયેલી સામાજિક નવલકથાઓમાં શિક્ષણને લગતા સંદર્ભો, ચર્ચા, આલેખન વગેરેને કેન્દ્રમાં રાખીને તેમણે વિવેચનાત્મક અને ચિંતનાત્મક અભ્યાસ કર્યો છે. એથી સૂચવાય છે કે ઈશ્વર પરમાર સાહિત્ય તથા શિક્ષણ : ઉભયમાં અદ્વૈત રસ-રુચિ ધરાવે છે.

આર્થિક ભીંસ અને સંજોગોએ ઈશ્વર પરમારને ચાલુ અભ્યાસે વિવિધ વ્યવસાય કરવા પ્રેર્યા છે. કૉલેજના અભ્યાસ સાથે ટાઈપિસ્ટની ફરજ બજાવી. લાઇબ્રેરીમાં સેવા આપી. હસ્તઉદ્યોગ કેન્દ્રમાં કાગળ અને પૂંઠાં બનાવ્યાં. ગૂજરાત વિદ્યાપીઠમાં ગ્રંથપાલની તાલીમ પણ લીધી.

બી. એ. થયા બાદ ઓખાની પ્રાથમિક શાળામાં એક વરસ અને અલીઆબાડાના વિનયમંદિરમાં શિક્ષક તરીકે એક વરસ સેવા આપી. ત્યારબાદ અલીઆબાડામાં જ બી.એડ્.ની ઉપાધિ મેળવી. જામનગરની કૉલેજમાં હિન્દી સાથે એમ.એ. થયા. છેલ્લે સન ૧૯૭૨ થી ૨૦૦૪ સુધી સળંગ ૩૨ વરસ દ્વારકાની બી.એડ્. કૉલેજમાં હિન્દી-ગુજરાતીના મેથડમાસ્ટર-અધ્યાપક તરીકે સેવા આપીને વયનિવૃત્ત થયા.

ઈશ્વર પરમાર બાળવારતા લખતા થયા; એ પછવાડે એક ઘટના છે. બી. એડ્. કૉલેજના આચાર્ય ગૌરીભાઈ ભટ્ટની દીકરી મીનાને ઈશ્વરભાઈ વારતા કહેતા. અભ્યાસ પૂરો થતાં અલીઆબાડા છોડતી વખતે મીના રડમસ અવાજે કહે : ''હવે મને વારતા કોણ કહેશે ?'' ઓખા જઈને ઈશ્વરભાઈ ટપાલ દ્વારા વારતા મોકલતા. એ વારતાઓ મુંબઈથી પ્રગટ થતા 'રમકડું' માસિકમાં છપાવા લાગી. એ સંગ્રહ છપાવવા માટે શ્રી મોતીભાઈ પટેલે પ્રોત્સાહિત કર્યા. ગુજરાત સાહિત્ય અકાદમીની સહાય મળી. શ્રી ગણેશભાઈ સિંધવ 'બાદલ' (અમદાવાદ) પ્રકાશક બન્યા, ને આમ 'બહુબીન' (એટલે કેલિડોસ્કોપ) શીર્ષકથી પ્રથમ વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રથમ જ કૃતિને ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૯૮૨-૮૩ વર્ષનું પ્રથમ ઇનામ મળ્યું. લોકનિકેતન, રતનપુરમાં યોજાયેલ જ્ઞાનસત્રમાં પ્રદાન વિધિ થઈ. ઈશ્વરભાઈએ ટૂંકો પ્રતિભાવ આપ્યો. રઘુવીર ચૌધરીએ એમની ''અરસપરસ'' કૉલમમાં એની આ શબ્દોમાં નોંધ લીધી : ''આ પ્રસંગે પ્રત્યેક વિજેતાએ ટૂંકું પ્રવચન આપ્યું, જેમાં શ્રી ઈશ્વર પરમારનું પ્રસન્ન, મધુર, હળવું પ્રવચન સવિશેષ સ્પર્શી ગયું.''

ઈશ્વર પરમારે ગદ્યનાં તમામ સ્વરૂપો પર સફળતાપૂર્વક લેખિની ચલાવી છે. પરંતુ એ પૈકી બાળસાહિત્ય અને એમાંય બાળવારતા પ્રત્યે એમનો પ્રેમ અને પક્ષપાત સુવિદિત છે. એમના કુલ ૧૨ વાર્તાસંગ્રહોમાં લગભગ સવાબસો વાર્તાઓ પ્રગટ થઈ છે. એ પૈકી પસંદ કરેલી ૩૨ વાર્તાઓનું સંપાદન શ્રી યોસેફ મૅકવાને ''ઈશ્વર પરમારની શ્રેષ્ઠ કિશોરકથાઓ'' શીર્ષકથી કર્યું છે. કેવળ કિશોરોને જ નહીં, વયસ્કોને પણ રસ પડે એવી આ વાર્તાઓ છે.

ઈશ્વરભાઈ લઘુકથાકાર તરીકે પણ જાણીતા છે. એમની 'ઢોરાં' અને 'યુનિફૉર્મ' લઘુકથાઓને ગુજરાત તથા મહારાષ્ટ્રનાં પાઠ્યપુસ્તકોમાં સ્થાન મળ્યું છે. 'તુલસીની માળા' લઘુકથાસંગ્રહનો હિન્દીમાં અનુવાદ થયો છે. [આ લખનારે એને આવકાર આપતી વિશદ પ્રસ્તાવના લખી છે.] 'ઢોરાં' લઘુકથા વાંચીને આપણને મોહનલાલ પટેલની ''જાકારો'' લઘુકથા તથા પીતાંબર પટેલની 'અંજળપાણી' (નવલિકા)નું સ્મરણ થઈ આવે. આ ત્રણેય કૃતિઓની કેન્દ્રવર્તી સંવેદના એક સમાન છે. પશુ અને માલિક વચ્ચેની આત્મીયતાનું એમાં કરુણ માર્મિક ચિત્રણ છે. મોહનલાલ પટેલની 'જાકારો''માં એક વિશેષ સંવેદના છે. ગણપત અને એની પત્ની કુંવર, વેચેલી ભેંસ પાછી આવે છે, તો દયા આવવાથી પૈસા પરત કરી પોતે રાખી લે છે. પરંતુ વખાની મારી ઘેર

આવેલી દીકરીને ધમકાવીને સાસરે મોકલેલી; તો સાસરિયાંએ એને કૂટી બાળી. આ લઘુકથા એકસાથે કેટકેટલી સંકુલ વેદનાઓ જગવે છે ! જાણીતા પત્રકાર કાન્તિ ભટ્ટને આ લઘુકથા ખૂબ સ્પર્શી ગઈ હતી. એમણે પોતાની કૉલમમાં એનો આસ્વાદ સવિસ્તર કરાવ્યો હતો.

બાળવારતા, બાળઉછેર, બાળસાહિત્ય વિવેચન, શિક્ષણ, ચરિત્ર વગેરે સ્વરૂપે પ્રગટ થયેલ ઈશ્વરભાઈનાં અનેક પુસ્તકો વિવિધ સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત થયાં છે. એ પૈકી કેટલાક મહત્ત્વના પુરસ્કાર આ પ્રમાણે છે :

'બહુબીન' (બાળવાર્તા, ૧૯૮૨), 'સામાજિક નવલકથામાં શિક્ષણ' (શિક્ષણ, ૧૯૯૯), 'પછીનું પૂછશો મા' (બાળવાર્તા, ૧૯૯૮) : ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા.

'ટણક ટોળી' (બાળવાર્તા, ૧૯૮૯), 'શિક્ષણનો સાદ' (શિક્ષણ, ૧૯૯૦) ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા.

'ઊગતા સૂરજનાં તેજ અપાર' (ચરિત્ર, ૧૯૯૩) : ગુ. સા. અકાદમી, ગુ. સા. પરિસદ અને ગિજુભાઈ બધેકા પુરસ્કાર.

'શિક્ષણના સિતારા' (ચરિત્ર, ૧૯૯૭) : ગુ. સા. અકાદમી તથા ગુ. સા. પરિષદ દ્વારા પુરસ્કૃત થયાં.

અનેક સંસ્થાઓએ એવૉર્ડ આપીને ઈશ્વરભાઈનું સન્માન કર્યું છે, જેમ કે :

- અંજારિયા એવૉર્ડ (ભુજ) ૧૯૯૨
- ઇન્દુબહેન સંઘવી બાલસાહિત્ય પુરસ્કાર (અમરેલી) ૨૦૦૨
- સારસ્વત એવૉર્ડ : અચલા એજ્યુ. ટ્રસ્ટ, (અમદાવાદ) ૨૦૦૭
- સુવર્ણ સન્માન : સરસ્વતી વિદ્યામંડળ (અમદાવાદ) ૨૦૦૦
- ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલેપમેન્ટ (ભુજ) ૨૦૧૩
- બાલસાહિત્ય અકાદમી સન્માન (અમદાવાદ) ૨૦૧૪
- સાહિત્ય અકાદેમી (દિલ્હી) ૨૦૧૪

જાણીતા લેખક શ્રી હરેશ ધોળકિયા બી.એડ્.ની તાલીમ માટે એક વરસ અલીઆબાડા રહેલા, ને એમણે પોતાના અનુભવોની લેખશ્રેણી શરૂ કરેલી, જેના અનેક હપ્તા થયેલા; જ્યારે ઈશ્વર પરમાર તો અહીં ૪+૧=૫ વરસ રહ્યા. જો તેઓ પોતાના અનુભવો લખે તો ખૂબ રસપ્રદ નીવડે અને શિક્ષણજગત માટે પ્રેરક બની શકે.

ઈશ્વરભાઈ માત્ર સાહિત્યસર્જક નથી; યથાશક્તિ કર્મશીલ (Activist) પણ છે. જ્ઞાતિની સંસ્થામાં તેઓ સેવા આપતા રહે છે. પ્રા. ડી. એસ. કેર દ્વારા સ્થાપિત ગ્રામ નિર્માણની સંસ્થામાં તેઓ સક્રિય છે. પ્રોફેસર કેર વિશે એમણે લખેલ ચરિત્રગ્રંથ ''ધગધગતી ધખનાનું બીજું નામ : ડી. એસ. કેર''નો પરિચય, રઘુવીર ચૌધરીએ 'દિવ્ય ભાસ્કર'ની પોતાની કૉલમમાં આપ્યો હતો.

ઈશ્વરભાઈનાં ત્રણ પુસ્તકો પ્રગટ થયાં ત્યારે એમણે મને કહેલું : ''બસ, પાંચનો મનોરથ પૂરો કરવાનો છે.'' પણ મનોરથને ક્યાં બ્રેક હોય છે ? નથી એ સારું જ છે; તેથી તો આજે એમની ઉંમર અને પુસ્તકોની સંખ્યા લગભગ એકસરખી છે.

આજે ઈશ્વરભાઈ વયમાં વધ્યા છે, પરંતુ હજી શૈશવ એમનો સાથ છોડવા માગતું નથી. તેઓ શિષ્ટાચારની પરવા કર્યા વિના ખડખડાટ હસે છે. ખુશ થાય તો ભેટી પડે છે. વિનમ્રતા પ્રદર્શિત કરે છે; ને સામેવાળાની રેખા મોટી બનાવે છે. વડીલોને પાયલાગણ કરે છે. સહુને માન આપે છે; તેથી પોતે પણ માન પામે છે. આહારવિહારમાં ખૂબ નિયમિત અને ચુસ્ત છે. પરોઢિયે પ્રાણાયામ કરે છે, ને સંધ્યાટાણે ટહેલવા નીકળી પડે છે. ઉંમર કળવા દેતા નથી. શિક્ષણ અને સાહિત્ય, શૈશવ અને પ્રૌઢતા, સંકોચ અને મોકળાશનો વિરલ સમન્વય એટલે ઈશ્વર પરમાર !

**તુલસીભાઈ પટેલ**
૧, ઉદયનગર સોસાયટી,
પ્રશાંત સિનેમા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨.
મો. ૯૯૯૮૦૮૯૫૩૩

# સફળતાના દશ મંત્રો

**અઝીમ પ્રેમજી; સારાનુવાદ : અરુણા જાડેજા**

ચેતનવંતા હોવું એના બે અવિભાજ્ય અંગો છે - પરિવર્તન અને નિશ્ચતતા. આ વાત સાવ સાચી. તોય આજે આ બે બાબતનો બેફામ રીતે જે ફેલાવો થયો છે તે વાત ભયંકર છે. ભલભલા વેપારીઓનાં વહાણ મધદરિયે અટવાયાં છે. વેપાર-ધંધામાં બાંધેલા બધા જ અડસટ્ટા ખોટા ઠરી રહ્યા છે. વેપારની વાત જવા દો, આખાય માનવ અસ્તિત્વનું ગણિત જ અવળું ઠરી રહ્યું છે. અને એમાંય સૌથી ખરાબ સમાચાર તો એ છે કે, આવનારા ઝંઝાવાતનો વેગ કાંઈ વધુ ઉગ્ર રૂપ ધારણ કરવાનો છે. જમાનો ભારે કપરો છે, તેથી હે સજ્જનો, આવી વાસ્તવિકતાનો સામનો કરનારા મારા બે-ચાર અનુભવો આપ સમક્ષ રજૂ કરવાનો છું. વિપ્રો કંપનીના તજ્જ્ઞોએ પોતે અજમાવીને સિદ્ધ કરેલાં નિરીક્ષણો છે જે તમોને પણ ઉપયોગી થશે એવી હું આશા રાખું છું.

(૧) પરિવર્તન અને અનિશ્ચિતતા જે આપણી આજની વાસ્તવિકતા છે તેની સામે માથું નમાવો. અણસાર આપીને આસ્તેકથી આવનારા તાંડવનો કાળ તો પાછળ રહી ગયો છે. અણધાર્યા તૂટી પડનારા મુશળધાર વરસાદનો જમાનો આવ્યો છે. તમારી સંવેદનશીલતાને એવી તે સૂક્ષ્મ કરો કે હવાની ગંધમાં થઈ રહેલા ફેરફારનીય તેથી નોંધ લઈ શકો. આ ફેરફાર તમે જેટલી ઝડપે તાગી શકશો તેટલી વધુ મુદત તમને તમારી ઉપાયયોજના માટે મળી શકશે.

(૨) આવનારું તાંડવ તો આવવાનું જ છે એ વાત તમે એટલી હદે ધારી લો કે તમારે એટલું જ જાણવાનું બાકી રાખવાનું છે કે આ તાંડવની દિશા કઈ હશે ? એ દિશાની ખબર પડતાંવેંત જ તમારાં હલેસાં એ તરફ મારી શકો છો. તમારે કોઈ ભળતી જ દિશા તરફ અચાનક જવું પડશે એ સાચું પણ ડૂબી મરવા કરતાં તો એ કેટલાંય ગણું સારું ને ? અને ધારો કે તમે આ વંટોળિયાને જોઈ નથી શકતા તો જરૂર જાણજો કે ક્યાંક કાંઈ ધોખો છે અને ફેરફાર ન થવો એ તમારો મતિભ્રમ જ છે.

(૩) પરિવર્તન અને અનિશ્ચિતતા ઘાતક જ હોય છે એવું નથી. કેટલીક આફતો નોતરવાલાયક પણ હોઈ શકે છે એ વાત ભૂલશો નહીં. આ આફતનું તેડામાં રૂપાંતર કઈ રીતે કરવું એની રૂપરેખા દોરો, એવા તો સાબદા રહો કે આફત જ લાજી મરે. વિપદા ટાણે કઈ વસ્તુઓ વધારે ખપે છે, કઈ વસ્તુના ભાવ ગગડે છે એ નોંધી રાખો અને એના ફાયદા ઉઠાવનારું ગણિત માંડો; પછી ભલે ને તમારા વારસાગત ધંધાને તાળું મારીને નવો ધંધો કેમ ના ખોલવો પડે ! ધંધો કયો એ મહત્ત્વનું નથી, એમાંથી થનારું ઉત્પાદન મહત્ત્વનું છે. કાપડનો ધંધો નીચે બેસી રહ્યો છે તો જોડાના ધંધામાં ઘૂસો, એમાં તમને નફો વધુ થશે.

(૪) તમારી પરંપરા અને ઘરેડ જે તમારા પગની બેડી ન બને એનું ધ્યાન રાખો. બદલાતી પરિસ્થિતિમાં એ જૂની ઘરેડ કામ લાગતી નથી. એને બદલો, નવી ઘરેડથી હેવાયા થાવ. શરૂઆતમાં તકલીફ પડશે પણ જેમ જેમ નવા નવા લાભ થતા જશે તેમ તેમ આ નવું 'રૂટીન' તમને મીઠું લાગવા માંડશે. જૂની વાતોના ગુલામ થવું એટલે વ્યસની થવું. અકળાશો નહીં, સ્વસ્થ થાવ. ઘરેડ/'રૂટીન'માં ફેરફાર કરવાની જાણે પ્રેક્ટિસ જ માંડો. પછી જુઓ હસતાં-રમતાં હલેસાં મારતાં મારતાં તમે કેવા કિનારે પહોંચીને બધાંને આશ્ચર્યચક્તિ કરી દો છો.

(૫) અજાણી વાતોની બીક લાગે એ સાવ સ્વાભાવિક છે પણ એના લીધે ઢીલાઢફ થઈ જવાય એ વાત શરમજનક છે. જે ગભરાતો નથી એ શૂરવીર નથી, પણ જે અકળાયા વગર ભયનો સામનો કરે છે એ જ સાચો શૂર છે. ભય એ દવા છે, ઝેર નથી. ભયના ટોનિકથી તાજામાજા થાઓ.

(૬) ઘર ધસી પડવાની તૈયારી હોય ત્યારે ટેકા લગાડીને એને બચાવવાની જે પરંપરા છે તેને બદલો. ઘર તો એવી જગ્યા છે જેને સતત ધરખમ કરતાં જવાનું છે. કમ્પ્યૂટર જેવાં અતિ આધુનિક યંત્રોનું તંત્ર શીખો, છેક સુધી વિદ્યાર્થી બની રહો. એક વરસમાં જે માણસ કાંઈ શીખ્યો નથી તેવા માણસને અભણ કહેવામાં શો વાંધો ? સાક્ષરતા એટલે એક વાર આવી અને ટકી ગઈ એવું આજે નથી. રોજેરોજ નવું નવું શું સાંપડી રહ્યું છે એના પર દૂરબીન તાકીને સાવધ રહીએ એવી આગવી નજર તમારે કેળવવી પડશે. ધંધામાં ઉપયોગી એવાં ભાવી અસ્ત્રોની ઓળખાણ તમારે તમારી કંપનીના દરેકે દરેક કર્મચારીને કરાવવી જોઈએ જેથી એ અસ્ત્રોનો મારો થાય તોપણ કોઈ બેબાકળું નહીં બને.

(૭) જેમની વૃત્તિ સતત કાંઈ ને કાંઈ જાણવાની છે, જેઓ પરિવર્તનને આવકારે છે, જીવનની અનિશ્ચિતતાને જેઓ સ્વીકારે છે તેવા લોકોના સહવાસમાં તમે રહો. જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં તમારાથી જે જે કાંઈ થતું હોય એ કરતા રહો. જે લોકો સારું જીવન તો નહીં પણ એક અમથું જીવવાનું પણ ટાળતા હોય છે એવા લોકોને તમે જ ટાળો. નિરાશા એ તો ભયંકર ચેપી રોગ છે. એ રોગના મૂળનો નાશ કરો. આનંદી અને આશાવાદી માણસો પારસમણિ જેવા હોય છે જે આપણને કાંતિમાન કરી દે છે. જન્મારો લીધો છે તો સારી રીતે જીવી બતાવવાનો છે. મેં તો અમથો જન્મ લીધો એવા વિચારોમાં રાચશો નહીં. જીવનની અર્થહીનતા બતાવવામાં કોઈ અક્કલ વાપરવી પડતી નથી. અક્કલની જરૂર તો પડે છે, જીવનના અનોખા ને સોનેરી રંગો બતાવવામાં. આપણે જન્મ લીધો તે પહેલાં જગત હતું તેથીય અધિક સુંદર, સુખદાયી અને પ્રગતિશીલ જગત આપણા મૃત્યુ પછી આપણે મૂકતા જઈએ એવું કરી છૂટવાનું છે. ચક્રવર્તી થવાનું છે. બીજાને હરાવ્યા વિના પોતાની જાતને ઉત્તરોત્તર વિજયી બનાવવાની છે.

(૮) તમારી પોતાની જાતને સન્માન આપો. હારવું એ કાંઈ અપમાનજનક નથી, પરંતુ લડાઈની તૈયારી ન કરવી, લડાઈમાંથી ભાગી છૂટવું, ખંડિયા થવાની તૈયારી બતાવવી એ અપમાનજનક છે. હારજીત આપણા હાથમાં હોય કે ન હોય પણ જીતની પૂર્વતૈયારી કરવી એ તો આપણા જ હાથમાં હોય છે અને કેટલું બળ સમેટીને આપણે એ તૈયારી કરીએ છીએ એના પર આપણી ઇજ્જત-આબરૂનો સવાલ છે. પરાજય તો ક્ષણભંગુર છે. સનાતન તો છે વિજયની ઘોડદોડ.

એક નાનકડી વાત કહેવાનો મોહ હું ટાળી શકતો નથી : એક ખેડૂતનો બળદ અજાણતાં જ કૂવામાં પડી જાય છે. એના ભાંભરવાનો અવાજ સાંભળતાં જ ખેડૂત ત્યાં દોડી જાય છે. કપાળ કૂટે છે અને આકાશ તરફ જોઈને પોતાના નસીબને કોસે છે. પછી જ્યારે બળદનો કણસાટ ઓછો થાય છે ત્યારે મનમાં ને મનમાં કહે છે, ''આમેય આ બળદ ઘરડો તો થયો જ હતો અને કૂવોય સુકાઈ ગયો છે તો એને ત્યાં જ પૂરી નાખવો સારો.'' એમ વિચારીને એ પેલા કૂવામાં માટી નાખવાનું શરૂ કરે છે. ''આ શું થઈ રહ્યું છે ?'' એનું ભાન જ્યારે પેલા બળદને થાય છે ત્યારે એ કંપી ઊઠે છે. ખેડૂતની કૃતઘ્નતાથી હબકાઈ જાય છે. પણ પછી એક નિશ્ચય સાથે પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ થાય છે. જેમ જેમ એના પર માટી પડતી જાય છે તેમ તેમ એ માટી ઝાટકતો જાય છે. હવે માટીના થરથી જેમ જેમ કૂવો ભરાતો જાય છે તેમ તેમ આ બળદ ઉપર આવવા લાગે છે. છેલ્લે જ્યારે કૂવો પૂરેપૂરો ભરાઈ રહે છે ત્યારે એ બળદ કૂદકો મારીને બહાર આવે છે.

જીવન જીવવાની જીદ બુલંદ હોય તો કબરમાંથીય બહાર આવી શકાય છે. ભલે ને કમનસીબીના કેટલાક થર પર થર આપણા પર નંખાતા જાય; આપણે એને ઝાટકીને એના પર સવાર થઈ શકીએ છીએ. એવો તે કયો કૂવો છે કે જેમાંથી આપણે બહાર આવી શકતા નથી ? પછી ભલે ને લોકો આપણને પૂરવા માટે ટાંપીને કેમ ન બેઠા હોય ?

(૯) વિજય એટલે જે છે તેને ટકાવી રાખવું એ નહીં. સતત ચાલતી રહેતી પ્રગતિનો કોઈ પર્યાય નથી. પ્રગતિ એટલે જ સંસ્કૃતિ. આપણી સંસ્કૃતિએ આજે ખાબોચિયાનું જે સ્વરૂપ ધારણ કર્યું છે તે આપણા અલ્પસંતોષીપણાને લીધે; ચાલશે, ફાવશેની, ભાગી છૂટવાની વૃત્તિને કારણે; 'જૂનું એટલું સોનું' એ માનવાની વૃત્તિને લીધે.

*અનુસંધાન પૃ. ૨૯*

# દિલ સે..

પ્રિ. કેશુભાઈ પટેલ

યુનિવર્સિટીના બીજા વર્ષના ગુજરાતીના પેપર્સ તપાસતો હતો. આમ તો દરેક અધ્યાપકને આ કામ માથાકૂટવાળું અને કંટાળાજનક લાગે છે. એટલે કેટલાક શિક્ષકો તો ઉપલક દૃષ્ટિએ પેપર જોઈ આડી-ઊભી લીટી દોરી ગુણ મૂકી દે છે. આ કામ કંટાળા ભરેલું છે. પણ હું હંમેશાં એમ વિચારતો કે એક વિદ્યાર્થીએ વર્ષભર નિષ્ઠાપૂર્વક કરેલા અભ્યાસની આપણે ચકાસણી કરીએ છીએ એટલે આપણાથી વેઠ ઉતારાય જ નહિ. પણ ઉત્તરવહીમાં ક્યારેક સામા પક્ષે – પરીક્ષાર્થી પક્ષે પણ વેઠ ઊતરતી જોવા મળે છે. એને ખબર છે કે 'સર' ક્યાં બધું વાંચવાના છે ? પ્રશ્ન હતો કવિવર નાનાલાલના 'વીરની વિદાય' પર. કવિશ્રીનું આ વિખ્યાત ગીત છે – 'મારા કેસરભીના કંથ હો, સિધાવોજી રણવાટ' આ પહેલી પંક્તિ પણ પેલા વિદ્યાર્થીએ વાંચેલી નહિ. મૂળ કાવ્યને સ્પર્શ્યા વગર વીર શબ્દને પકડી એમ લખેલું કે અહીં એક બહેનડી ભાઈને-વીરને વિદાય આપે છે. અને પછી તો જે અસંબંદ્ધ છબરડા વાળેલા એ વાંચી હસતો જ રહ્યો. પરીક્ષકને ઉલ્લું બનાવી વટભેર પાસ થનારા અને બી. એ./એમ. એ.ની ડિગ્રી લેનારાની સંખ્યા કદાચ પેલા નિષ્ઠાથી મહેનત કરનારા કરતાં વધારે હશે.

વેઠ વાળવાની આવી અફલાતૂન તરકીબો શોધવામાં ગુજરાતના વિદ્યાર્થી યુવાનો પાછા પડે તેમ નથી. પરંતુ આવા ડિગ્રીધારી, જેમની પાસે બીજું તો ઠીક, પણ પોતાના વિષયની તલસ્પર્શી માહિતી પણ હોતી નથી. અને આવા ખોખાં જેવા વિદ્યાર્થી ઇન્ટરવ્યૂમાં કેવો દેખાવ કરે તે સમજી શકાય છે. આવા બેકારો લાગવગ તથા ક્યારેક સરકારને દોષી ઠેરવે છે અને મીડિયા દ્વારા પણ આટલા હજારો શિક્ષિત બેકારોને થાળે પાડવામાં નિષ્ફળ થયેલી સરકાર પર માછલાં ધોવાય છે.

આવા યુવાનો/વિદ્યાર્થીઓ દિલ દઈને પૂરી નિષ્ઠાથી ભણતા નથી. બાપના પૈસા બગાડે છે પણ તેનાથી વધારે તો યુવાનના વ્યક્તિત્વના ઘડતર કાળનાં મહામૂલાં ચાર વર્ષો વેડફી નાખે છે, એ મારે મન અત્યંત સોચનીય બાબત છે.

નવા શૈક્ષણિક વર્ષે શરૂઆતમાં હું પ્રથમ વર્ષના બી. એ. – બી. કોમ.ના વિદ્યાર્થીઓને મળવા ને વાર્તાલાપ માટે જવાનો સિલસિલો રાખતો. આ નવાસવા કૉલેજમાં દાખલ થયેલા (કૉલેજની હવા ન લાગે તેટલો વખત) વિદ્યાર્થીઓને પૂછતો, 'તમારે જીવનમાં સફળ થવું છે ? કશુંક સરસ કરી બતાવવું છે ? તો તમારી નોટબુકના પહેલા પાને લખી રાખો – 'એક સાદી સરળ વાત – કે – મારે જે કંઈ કામ કરવાનાં છે તેમાં દિલ દઈને, પૂરી નિષ્ઠા રેડી સારામાં સારું કામ થાય તેમ કરીશ અને કદી કામમાં વેઠ નહિ વાળું.' આ નોટમાં જ નહિ, તમારા હૈયામાં પણ લખી રાખજો. જો કરેંગે બસ દિલ સે કરેંગે. ને દિલસે કરવું એટલે શું ? એને માટે એક મઝાની રોમૅન્ટિક વાર્તા તેમને કહેતો :

એક વાર સવારમાં અકબર બાદશાહ એમના ઝરૂખામાં ઊભેલા – ત્યાં સામેથી એક બંકો ઘોડેસ્વાર ઘોડાને ખેલાવતો યુવાન જોયો. ફાંકડો ઘોડો એવો જ ફાંકડો ઘોડેસ્વાર યુવાન. મૂછના આછા વાળ, ગોરો વાન, તેજસ્વી પ્રભા ને એને શોભતો માથે ફેંટો – એ ફેંટો જોઈ બાદશાહ ખુશખુશાલ થઈ ગયો. માશાઅલ્લાહ – અને એક સિપાઈને હુકમ કરી તાબડતોબ પેલા યુવાનને બોલાવ્યો. યુવાન કૂર્નિશ બજાવી ઊભો રહ્યો. દોસ્ત, હું તારા ફેંટાના રંગ પર આફરીન થયો છું. મારે આવા જ રંગનો ફેંટો જોઈએ. જહાંપનાહ, આ તો એક રંગરેજ બાઈએ મફતમાં રંગી આપ્યો છે. પણ હું તો રંગરેજ બાઈ જે માગે તે આપવા તૈયાર છું. રંગરેજ બાઈ આવી. એણે કહ્યું : 'બેઅદબી માફ. પણ એ ફેંટા જેવો ફરીથી બીજો

રંગી નહિ જ શકાય.' પણ કેમ ? પેલી બાઈ થોડી શરમાઈ, પછી નતમસ્તકે બોલી. – 'જહાંપનાહ ! એ ફેંટામાં બેવડો રંગ બેઠો છે. – એક તો ખરો પણ બીજો આ નાચીજના દિલનો રંગ એમાં બેઠો છે. ને એ રંગ તો કોઈ એક માટે જ હોય મારા દાતાર.'

આમ આ પ્રેમનો, નિષ્ઠાનો અને દિલનો રંગ તમને ચડે તો સફળતા તમારા પગ ચૂમતી આવે – આવે જ.

યુવાન દોસ્તો, તમે મને એક કૉલેજના ખમતીધર પ્રિન્સિપાલ તરીકે અને સારા વક્તા તરીકે ઓળખો છો ! પરંતુ તમને ખબર નહીં હોય કે મારી યુવાનીના પ્રથમ ચરણમાં કેલિકો મિલમાં કેમિકલની દુર્ગંધ મારતા બ્લીચીંગ ડિપાર્ટમેન્ટમાં મેં ત્રણ વર્ષ રાત પાળીમાં મજૂરી કૂટી છે અને એ રીતે મારું ભણતર ચાલું રાખ્યું છે. મજૂર તરીકે કે શિક્ષક તરીકે ક્યારેય પણ મેં મારા કામમાં દૂર્લક્ષ સેવ્યું નથી કે વેઠ વાળી નથી. અને એકે એક ક્ષણ મેં પૂરા દિલ દઈને જુદી જુદી પ્રવૃત્તિઓમાં વિતાવી છે. પ્રગતિની વાત છોડો. પણ મને નિષ્ઠાપૂર્વક દિલસે કામ કરવાની જે મઝા આવી છે એનાથી મને શું મળ્યું એના કરતાં મારું જીવતર સાર્થક થયું એનો સંતોષતો મને મળ્યો જ છે.

**૪૦-અ ઉત્સવ બંગલોઝ**
સુખાપરા – મહેસાણા.
મો. નં. ૦૯૮૨૪૬૭૯૯૬૩

---

*પૃ. ૨૭નું અનુસંધાન*

મારું ભાષણ પૂરું કરતાં પહેલાં મારે તમને હજી એક વાત કહેવી છે. ફ્લેમિંગો નામનો એક ખેડૂત છે. ખેતરમાં એ વૈતરાં કરતો હતો ત્યારે પોતાના કૂતરાને ભૂંકતો એ સાંભળે છે. એ તે દિશામાં જાય છે. ત્યાં શિયાળે એક બાળકને પકડેલું હોય છે. ખેડૂત પોતાના પાવડાના ઘા મારીને શિયાળ પાસેથી પેલા બાળકને છોડાવે છે. બીજે દિવસે એ ખેડૂતની ઝૂંપડી પાસે એક પૈસાદાર માણસની ઘોડાગાડી આવીને ઊભી રહે છે. એ બગીમાંથી ઊતરેલો ઉમરાવ પેલા ખેડૂતને કહે છે કે, હે દયાળુ માણસ, તારો ઉપકાર ફેડવાની એક તક મને આપ. કાલે તેં તારા દીકરાને બચાવ્યો છે, આજે તારો દીકરો તું મને આપ. હું તેને ભણાવીશ. એ જો તારા દયાળુ લોહીથી સીંચાયેલો હશે તો ભણીગણીને જ્યારે એ મોટો માણસ થશે ત્યારે એની દયા-માયાથી આ દુનિયા પવિત્ર થશે.

થોડા વર્ષો પછી એ છોકરો સેંટ મેરીની મેડિકલ કૉલેજમાંથી ડૉક્ટર બનીને બહાર પડે છે. એ જ પેલા સર એલેક્ઝાન્ડર ફ્લેમિંગો જેમણે પેનિસિલિનની શોધ કરી અને કરોડો દુખિયા જીવોને બચાવ્યા. પેલો ઉમરાવ પણ એ પેનિસિલિનને લીધે બચી ગયો. એ ઉમરાવ કોણ હતો ? એ હતા રેડોલ્ફ ચર્ચિલ, વિન્સ્ટન ચર્ચિલના પિતાજી, જેમણે બીજું વિશ્વયુદ્ધ જીત્યું હતું. તમારા કર્તવ્ય અને દાતૃત્વના સમન્વયથી આ દેશને અને દુનિયાને નંદનવન સમી કરો. દુનિયા જોડો, તોડો નહીં.

**અરુણા જાડેજા**
(એ-૧, સરગમ ફ્લૅટ્સ, સરદાર પટેલ સ્ટેડિયમ,
ઈશ્વરભુવન રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪)
('નવચેતન', મે ૨૦૧૫ પૃ. ૨૩-૨૫માંથી સાભાર)

# તર્ક અને ક્રાંતિનો સમય

**પ્રહ્લાદભાઈ છ. પટેલ**
પૂર્વ અધ્યક્ષ - પ્રાધ્યાપક, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

સામાન્યત : પ્રબોધનને (Enlightenment) તર્કવાદનો યુગ અથવા વિશ્વસનીયતાનો યુગ કહે છે. બૌદ્ધિક, દાર્શનિક અને સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે અને અંતિમ સત્યની શોધ માટે માણસની તર્કશક્તિ સંદર્ભે ૧૮મી સદીનો સમય પ્રચંડ આશાવાદનો હતો. નિકોલસ કોપરનિક્સ, ગેલિલિયો ગેલિલિ અને આઈઝેક ન્યૂટન જેવા વૈજ્ઞાનિક ક્રાંતિ પરત્વેના મહાન વિચારકોએ પ્રકૃતિનાં રહસ્યો જાણવા માટે માર્ગ પ્રશસ્ત કર્યો. ૧૮મી સદીના ઉષાકાળે સમગ્ર વિશ્વને જાણી શકાશે તેમ લાગ્યું.

ખેડૂતો ખેતી કરતા હતા, આયાઓ (નર્સો) તેમની ફરજ બજાવતી હતી, દુકાનદારો તેમનો માલ વેચતા હતા. મજૂરો મજૂરી કરતા હતા. આ બધાને વિશ્વની પ્રકૃતિ કે કેન્દ્રમાં માણસના સ્થાન વિશે વિચારવાનો ભાગ્યે જ સમય મળતો હતો, પણ આ બધાને એટલું તો લાગતું હતું કે સમય બદલાઈ રહ્યો છે. બધાને કંઈ ગમતું ન હતું, કંઈ સમજાતું ન હતું, પણ બધાએ બદલાવની પરિસ્થિતિનો સ્વીકાર કરી લીધો હતો. સદીના અંતે બધાના જીવનને કોઈ ને કોઈ રીતે સ્પર્શતું તો હતું જ. ૧૮મી સદીની ત્રણ મહાન ક્રાંતિઓનું અમેરિકન ક્રાંતિ, ફ્રેન્ચ ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિની બધાને એવી તો અસર થઈ કે બધાનો દૃષ્ટિકોણ બદલાયો હતો. આ અસરથી જે દુનિયામાં આપણે રહીએ છીએ તેને વ્યાખ્યાયિત કરવામાં મદદ મળી.

પરિવર્તનના કેન્દ્રમાં ન્યૂટન અને તેમનું Principia Mathematica, ગુરુત્વાકર્ષણનો નિયમ, નિયમો રહેલા છે. ન્યૂટને બતાવ્યું કે પ્રકૃતિ નિયમોથી સંચાલિત છે. પ્રકૃતિમાં કોઈ સ્વચ્છંદતા કે આગાહી કરી ન શકાય તેવું કોઈ બળ જણાયું નથી. તેને બદલે પ્રકૃતિનું સંચાલન નિયમોથી થાય છે. અને સદાય માટે તે નિયમોને વશ રહે છે. ૧૮મી સદીના વિચારકોએ પ્રકૃતિના નિયમોના અસ્તિત્વને ખુલ્લું કર્યું, જે કંઈક રીતે ઘડિયાળની કાર્યવિધિ જેવું હતું. તેથી તેમને વિશ્વયંત્ર જેવું જણાય. તે ઉપરથી તારણ કાઢ્યું કે વિશ્વયંત્ર જાણે તેજ રીતે કાર્ય કરે છે. કોઈ કુશળ કારીગરે ઘડિયાળને અંદરથી જોયું નથી, કે તેના કાર્યને પણ જોયું નથી, વિવિધ ઘટકો ને તેમની કાર્યવાહી જોઈ નથી. પણ સામાન્ય બુદ્ધિના ઉપયોગથી અને સમજથી વિચારી શકાય કે તે યંત્ર (વિશ્વ) કેવી રીતે કાર્ય કરતું હશે.

કોપરનિક્સ, ટાયકો બ્રાહે, કેપ્લર અને ગેલિલિયોના કાર્ય ઉપરથી ન્યૂટને વૈજ્ઞાનિક પદ્ધતિની શક્તિ ઉપર અંતિમ સાબિતી આપી. આ નવીન અભિગમથી ભિન્ન-ભિન્ન પરિણામોનું પૂર આવ્યું. ૧૭મી સદીના વિજ્ઞાનીઓએ વિકૃત માન્યતાઓને બાજુ પર ધકેલી દીધી, એટલું જ નહીં પણ નવીનતા આણી. અંગ્રેજ શરીરવિજ્ઞાની (Physiologist) વિલિયમ હાર્વેર્સ માનવશરીરની આંતરિક રચના સમજાવી, તે માટે નવી પદ્ધતિ અખત્યાર કરી. ૧૮મી સદીના વિચારકો અવલોકન અને અર્થઘટનની વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવા લાગ્યા, જેનાથી મુશ્કેલ સવાલોના જવાબો મેળવી શકાયા.

નવા પ્રબોધનમાં ધર્મના દૃષ્ટિકોણને અવકાશ હતો ? આ સવાલ ન્યૂટનને ખૂબ સતાવતો હતો. ધર્મ સમર્પિત ન્યૂટને કદાપિ ઈશ્વરની માન્યતા છોડી નથી. તેને લાગતું હતું કે સૌર પ્રણાલીને સુંદર અને ચોક્કસ રીતે કાર્ય કરતી રાખવા ઈશ્વરને માથું મારવાની જરૂર લાગી નથી. ઘડિયાળની ચોક્સાઈથી કાર્ય કરતું આ ઈશ્વરની શક્તિની મહાનતા અને મહત્ત્વને નિર્દેશિત કરે છે. ૧૮મી સદીમાં જ્યારે ગાણિતિક રીતે વિશ્લેષણ થયું ત્યારે ઈશ્વરની સર્જક તરીકે કોઈ જરૂરિયાત જણાઈ નથી. આ દૃષ્ટિકોણથી વિશ્વની રચના કરી છે, સાથે સાથે પ્રકૃતિના

નિયમોની પણ રચના કરી, પછીથી ઈશ્વરે સમગ્ર મંત્રને તેની જાત ઉપર છોડી દીધું છે, ત્યાર બાદ ઈશ્વરને ક્યારેય ક્યાંય માથું મારવાની જરૂર પડી નથી. તે છતાં, કેટલાક આધાર સાથે, લોકોને લાગ્યું છે કે, ઘડિયાળની જેમ કાર્ય કરતા આ વિશ્વની રચના માટે ઈશ્વરની જરૂર ખરી ? ન્યૂટનને આની પરેશાની હતી. કેટલાક પ્રબોધન ચિંતકો નાસ્તિક બન્યા, જેમણે ઈશ્વરના અસ્તિત્વને નકારી કાઢ્યું. તેમાં ફ્રાન્સનું જૂથ મોખરે હતું, જે ધાર્મિક ખરું પણ માણસના નૈતિક વિચારો પર આધારિત હતું. તેમાં વૉલ્ટેર, ડિડેરોટ અને મૉન્ટેસ્ક્યુનો સમાવેશ થાય છે. પણ મોટા ભાગના વિચારકો આસ્તિક રહ્યા હતા જેમણે પરંપરાગત ચમત્કારો પ્રત્યેનું ધાર્મિક શિક્ષણ ચાલુ રાખ્યું. ન્યૂટનની ધર્મ અને દર્શનની દેણગી એ કેટલાક મૂળભૂત મુદ્દાઓ ઉપર શંકાને સ્થાન આપ્યું.

તેનાથી સામાજિક સંરચના અને મૂલ્યો પરત્વે નવા પ્રશ્નો ઉપસ્થિત થયા. વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું હતું કે કુદરત માટે 'પ્રકૃતિના નિયમો' હતા. તેમાં મુદ્દો એ હતો કે શું તેવા પ્રકૃતિના નિયમો નૈતિક, સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓનું સંચાલન કરતા હોય ખરા ? જો તેવું જ હોય તો ઘણા માનતા થયા કે બૌદ્ધિક વિચારોના પ્રયોજનથી તેવા નિયમો શોધી શકાય, જે માનવતાને ઉપકારક બને. ઇમ્મેન્યુઅલ કાન્ટ (જેમણે Enlightenment શબ્દ ઘડી કાઢ્યો), ડેવિડ હ્યુમ, ગોટફ્રાઈડ વિલ્હેલ્મ લીબનીઝ, ફ્રાન્કોઈસ મેરી આરૂત (વૉલ્ટેટ) જીન-જેક્સ રૂસો અને અન્યોએ વિજ્ઞાનથી ઊભા થયેલા સંદર્ભમાં માણસનું સ્થાન શોધવા પ્રયાસો કર્યા. વૉલ્ટેટે તો ન્યૂટનના અંતિમ સંસ્કારોની વિધિમાં હાજરી આપી હતી અને તે તો વૈજ્ઞાનિક-સામાજિક-રાજકીય દષ્ટિના ચૅમ્પિયન બન્યા. ફ્રેન્ચ પત્રકાર ડેનીસ ડિડેરોટસે એન્સાઈક્લોપિડિયાના ૨૮ ગ્રંથોનું નિરીક્ષણ કર્યું હતું, જેનાથી સામાન્ય પ્રજા માટે વિજ્ઞાન અને દર્શનના નવા વિચારો આગળ ધર્યા. ફ્રાન્સમાં ઘણી મહિલાઓએ વિજ્ઞાનની પ્રગતિમાં સક્રિય ભાગ ભજવ્યો છે, જેમ કે એમીલી-ડુ-એટેલેટ (Emild du chatelet) જેણે ન્યૂટનના કાર્યોને લેટિનમાંથી ફ્રેન્ચમાં અનુવાદિત કર્યા, જેનું પુષ્કળ વિતરણ થયું, પરિણામે અસર પણ થઈ.

પશ્ચિમના જગતની સીમા-સરહદો પર, પ્રબોધન નવા નવા ચિંતનથી, આતશબાજીની જેમ સર્વત્ર ફેલાઈ ગયું, આટલાન્ટિકની પાર, અમેરિકન કૉલોનીમાં. તેનાથી રાજકીય નેતાઓ થોમસ જેફરસન, થોમસ બેઈન, વિજ્ઞાની - રાજપુરુષ - લેખક બેન્જામિન ફ્રાંકલીન જેવા ગવર્નમેન્ટના ઘડવૈયાનાં માનસ પ્રજ્વલિત થયાં. ૧૮મી સદીમાં જેફરસન અને બીજા બૌદ્ધિક વાચકો ઉપર અંગ્રેજ દાર્શનિક જ્હૉન લોકેની (Locke) (૧૬૩૨-૧૭૦૪) ઘેરી અસર હતી. તેના લેખ "An Essays Cencernig Human Understanding (૧૬૪૦)"માં જાહેર કર્યું હતું કે ઈશ્વરસર્જિત કેટલાક પ્રકૃતિના નિયમો છે જે માણસની સુખાકારી અને કલ્યાણની ખાતરી આપે છે. આ બધામાં જીવનનો અધિકાર સ્વાતંત્ર્ય અને મિલકત સર્વોપરી છે. લોકેની દલીલ હતી કે જ્યારે માણસ કુદરતમાં મુક્ત રીતે જીવતો હતો, ત્યારે કોઈ પણ પ્રતિબંધ કે બંધન ન હતાં. બળિયાના બે ભાગ ન્યાયે શાંતિનું અસ્તિત્વ જોખમાતું હતું અને નબળા વર્ગના લોકોને ઘણું સહન કરવું પડતું હતું. આવા નિર્બળ અને નિરાધાર વર્ગના રક્ષણ માટે ઈશ્વરના નિયમો ભોગવવા, તેમ જ સુખાકારી માટે ખાસ શ્વેતપત્ર સાથે શાસકોની પસંદગી કરવા લાગ્યા. શાસક અને શાસિત વર્ગે નિયમોનું પાલન કરવું તેમ જ નિયમોનું સન્માન કરવા પ્રતિબદ્ધ થયા. જો શાસક આ પવિત્ર નિયમોનો ભંગ કરે તો, લોકે સલાહ આપતાં કહે છે કે, શાસકને તાબે નહીં થવાનો તેમનો અધિકાર છે. જરૂર લાગે તો શાસકને ફગાવી દેવામાં આવે.

ઇંગ્લૅન્ડમાં કુદરતી રીતે જ માનવ અધિકારોનો ૧૭મી સદીમાં સારો વિકાસ થયો હતો. જ્યારે રાજાની એકહથ્થુ સત્તાનો અતિરેક થયો ત્યારે સંસદ રાજા સામે સંઘર્ષ કરીને ઊખેડી નાખી શકે છે. ૧૬૨૮માં સંસદે રાજા ચાર્લ્સ-Iને અધિકારોની અરજી ઉપર હસ્તાક્ષર કરવા બળજબરીથી ફરજ પાડી હતી. તેમાં ખાસ તો કોઈ વ્યક્તિને સ્પષ્ટ કારણ આવ્યા સિવાય કેદ કરી શકાય નહીં. ચાર્લ્સના જુલ્મી શાસનથી ત્રસ્ત પ્રજાએ ૧૬૪૨માં નાગરિક (civil) વિગ્રહ શરૂ કર્યો. પ્યુરિટન જનરલ ઓલીવર ક્રોમવેલના નેતૃત્વ હેઠળ, સંસદે રાજાને પદભ્રષ્ટ કરી દીધો હતો. પણ ૧૬૫૮માં ક્રોમવેલના અવસાનથી વિગ્રહ લકવાગ્રસ્ત બન્યો. ૧૬૬૦માં સંસદે,

દેહાંતદંડ દીધેલ રાજાના દીકરા - ચાર્લ્સ-IIને રાજા તરીકે આમંત્રિત કર્યો. ૧૬૮૮માં સંસદે ફરીથી અંકુશ હાથમાં લીધો. કીર્તિવંત ક્રાંતિ તરીકે જાણીતી ચળવળમાં, રાજાની પ્રોટેસ્ટંટ દીકરી મેરી અને તેના પતિને મુગટ પહેરાવ્યો. ૧૬૮૯માં લૉકેર્સ Essay પ્રગટ કર્યો, જેને સંસદે ''English Bill of Rights'' તરીકે ઓળખાવ્યો. ઇંગ્લૅન્ડની આ બધી ઘટનાઓ જ્યારે વૈજ્ઞાનિક ક્રાંતિ સાથે સંયોજાઈ ત્યારે પશ્ચિમી જગતની સરકાર ઉપર ભારે અસર થઈ હતી. બ્રિટનમાં કાયદાના શાસન (Rule of Law)થી સંસદીય સરકાર સ્થાપિત કરવામાં આવી ત્યારે તેમાં રાજાનો ન્યૂનતમ હસ્તક્ષેપ રચી વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર ભાર મૂકવામાં આવ્યો.

૧૮મી સદીમાં ઘણા ફ્રેન્ચ વિજ્ઞાનીઓ અંગ્રેજી સરકારની પ્રશંસા કરતા હતા. માનવીય સરકારનું દર્શન, શિક્ષણ અને સમજનો વિકાસ સાધવા માટે મથામણ કરી. તે વિચારકોએ સમયની સપાટી ઉપર બૌદ્ધિક વાતાવરણ માટે જબરદસ્ત નિશાનીઓ આપી હતી. તેમણે ફ્રાન્સમાં સુધારાને પ્રોત્સાહન આપ્યું. રાજાશાહીના અતિરેક સામે પ્રતિકાર કર્યો. જેમને પ્રાથમિકતા અપાતી હતી તેવા ઉમરાવોનો વિરોધ કર્યો. આવા ઉમરાવો જે કર ભરી શકતા હતા તે જાણે કે તેમનો જન્મસિદ્ધ હક હોય તેમ, ઊંચા હોદ્દાઓ ઉપર બેસી જતા હતા. ત્યાં ફ્રાન્સમાં કેથોલિક ચર્ચના દાર્શનિકો જે કર ભરતા ન હતા અને પુસ્તકોની ચકાસણી (Censor) કરવાનો હક ધરાવતા હતા. પ્રકાશનોને મર્યાદિત કરતા હતા.''Galilio's Dialogue on the two chife systems of the world'' બાબતે આવું બન્યું હતું.

ડી' મૉન્ટેસ્ક્યુ - જે ઉમરાવ હતા અને જેમને અધિકારો મળ્યા હતા, તેમણે વ્યક્તિને મળવાપાત્ર અધિકારોની જાતિ સૂત્રબદ્ધ કરી. તેમણે સત્તાને ત્રણ ભાગમાં વિભાજિત કરી - કાયદા ઘડનાર (Legislative), વહીવટી તંત્ર (Executive) અને ન્યાયિક તંત્ર (Judiciary)ને સત્તાઓ ક્ષેત્ર મુજબ સોંપવામાં આવી. કોઈ એક એકમને નિરપેક્ષ સત્તા ન મળવી જોઈએ.

તે સમય વિચારોથી સમૃદ્ધ હતો. દાર્શનિકો-ડેનિસ ડિકોરાટે અને જીન્સ ડી' એમ્બર્ટ સંપૂર્ણ રીતે વિજ્ઞાન અને ટૅક્નોલૉજીની માહિતી એકત્રિત કરી પ્રગટ કરી હતી, જેને તેમણે એન્સાઈક્લોપીડિયા તરીકે ઓળખાવ્યું. તેમાં વોલ્ટેર અને મોન્ટેસ્ક્યુનો પણ ફાળો ખરો. પ્રથમ ગ્રંથ ૧૭૫૧માં પ્રગટ થયો, પણ ફ્રેન્ચ સરકારે અને ચર્ચે તેના ઉપર પ્રતિબંધ મૂક્યો, કારણ કે તે બળવાને પ્રોત્સાહિત કરે તેવો હતો. તે છતાં ૧૭૭૨ સુધી પ્રકાશન ચાલુ રહ્યું અને ડઝન ગ્રંથો પ્રસિદ્ધ થયા.

લૉકેના મતને દાર્શનિકોએ ટેકો આપ્યો કે માણસ જન્મથી સારો કે ખરાબ હોતો નથી. બાળમાનસ કોરી સ્લેટ જેવું છે, તેના ઉપર કંઈ પણ લખી શકાય છે. લૉકેએ જણાવ્યું કે જે લોકો સારા કે નરસા છે તેનો શિક્ષણનો પ્રભાવ છે. આ ખ્યાલ પ્રજામાં જોરદાર રીતે જન્મ્યો અને કહેવામાં આવ્યું કે માણસને માત્ર જન્મથી કોઈ વિશિષ્ટતા મળતી નથી. માણસ જે કંઈ છે તે શિક્ષણ થકી છે. આથી સારા અને સત્ત્વશાળી શિક્ષણથી સારા માણસો તૈયાર થાય છે.

દરિયાની પેલી પાર, જેફરસન તથા કેટલાક લોકોએ આ ખ્યાલ અપનાવ્યો. બ્રિટિશ શાસનથી મુક્ત થવા માટે અમેરિકન સંસ્થાઓએ આ ખ્યાલનો અસરકારક ઉપયોગ કર્યો. ''The American Declaration of Indipendence'' લૉકેના વિચારોનો પ્રતિઘોષ હતો, પરિણામે ૧૭૭૬માં અમેરિકન ક્રાંતિ થઈ.

ફ્રાન્સ તો પ્રબોધનના ચિંતકો અને વિજ્ઞાનીઓનો ઝમેલો હતો. પણ પરિવર્તન મોડેથી આવ્યું. તે પરિવર્તન હિંસક અને લોહિયાળ હતું. આમ તો પરિવર્તનનો સમય પતી ગયો હતો, તેથી ફ્રાન્સ બહુ રાહ જોઈ શકે તેમ ન હતું. તે સમયે અંગ્રેજો અને અમેરિકનો માનવ-અધિકારોના લાભ માગી રહ્યા હતા. જ્યારે ફ્રાન્સના લોકો જુનવાણી તંત્ર તળે કચડાયેલા હતા અને મજૂરી કરતા હતા. વિશિષ્ટ વર્ગ મલાઈ ખાતો હતો. જ્યારે બધું પ્રગટ થયું ત્યારે ફ્રાન્સનો મધ્યમ વર્ગ વધુ મજબૂત બન્યો. તે સમયે ઉમરાવો વધુ સત્તા માટે દબાણ કરી રહ્યા હતા અને ફ્રાન્સ આર્થિક મંદીમાં ફસડાઈ પડ્યું. રાજા લૂઈ XIVમો ૧૭૧૫માં ગુજરી ગયો, જેણે ખૂબ જ ખોટા ખર્ચા કર્યા હતા, વૈભવી જીવન જીવવા તિજોરી ખાલી કરી હતી. પરિણામે દેશ દેવામાં ડૂબ્યો. આથી ૧૭૮૯માં જૂનથી સરકારની રૂખ બદલવા માટે પ્રજાએ રણશિંગુ ફૂંક્યું. અને National Assembly જેવી વિધાયક સંસ્થા શરૂ કરી.

૧૭૮૯ના જૂનમાં બેસ્ટાઈલ સામે પેરિસવાસીઓ એકઠા થયા. રાજા સામે અત્યાચાર શરૂ કર્યો. ઉશ્કેરાયેલા ટોળાએ જેલ ઉપર હુમલો કર્યો અને કમાન્ડર તથા કેટલાક ગાર્ડ્સને મારી નાખ્યા. ક્રાંતિ (બળવો)ની શરૂઆત થઈ. તે બે વર્ષ માટે લોહિયાળ બન્યો. લૂઈ XVIને ૧૭૫૪ના જાન્યુઆરીમાં ગિલોટિનથી મારી નાખ્યો, તે સાથે ૨૦,૦૦૦થી વધુ, કદાચ બમણા, લોકો માર્યા ગયા. જ્યારે ૧૭૯૫માં તેનો અંત આવ્યો ત્યારે ફ્રાન્સનું નવું, પ્રબોધનના નવા ખ્યાલો આધારિત, બંધારણ તૈયાર કરવામાં આવ્યું. જેમાં વ્યક્તિના અધિકારોને ખાતરી અપાઈ હતી. નેપોલિયન બોનાપાર્ટ ૧૭૯૯માં સત્તા ઉપર આવ્યો. તેણે નવું કાયદાતંત્ર - The Code Napole'an - તૈયાર કર્યું.

તે દરમિયાન ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ અને યંત્રોએ આર્થિક સમાજનો ચહેરો બદલી નાખ્યો. ઔદ્યોગિક ક્રાંતિ લગભગ ૧૭૫૦-૬૦ના દશકામાં ગ્રેટ બ્રિટનથી શરૂ થઈ. તેમાં કૃષિ-ક્ષેત્રે નાટ્યાત્મક પરિવર્તન આવ્યું. ૧૭૦૧માં જેથ્રો ટુલ નામના નાગરિકે યાંત્રિક 'Seeder' શોધી કાઢ્યું, જેનાથી અનાજનું ઉત્પાદન મબલખ થયું... ગ્રેટ બ્રિટન અનાજની નિકાસ કરવાની સ્થિતિમાં આવી ગયું.

સુતરાઉ કાપડનો ઉદ્યોગ વણકરો અને કાંતવાવાળા ઉપર આધારિત હતો. તે ઉદ્યોગ ઘરે જ ચાલતો હતો. શોધોથી તેમાં પરિવર્તન આવ્યું. ૧૭૩૩ જ્હૉન કાય (Kay) ઊડતી તકલી (Shntille)ની શોધ કરી. આ શોધથી વણાટમાં ગતિ આવી. ૧૭૬૦ના દાયકામાં જેમ્સ હરગ્રીવ્ઝે કતાઈ જેની (Spinning Jenny) શોધી. પણ આ બધા માનવ-સંચાલિત યંત્રો હતાં. ૧૭૬૯માં રિચર્ડ આર્કરાદરે સ્પિનીંગ યંત્રો માટે જલશક્તિનો ઉપયોગ કર્યો. ૧૭૮૫માં એડમન્ડ કાર્ટરાઈટે જળશક્તિથી ચાલતી લુમ (Loom) શોધી તેનાથી કાંતવાવાળા અને વણવાવાળાઓને ઘણી સુવિધા પ્રાપ્ત થઈ. ૧૭૯૩માં અમેરિકન શોધક એલી વ્હીટલીર્સ રૂમાંથી કપાસિયા આપોઆપ છૂટા પડી જાય તેવી સુતરાઈ Ginની શોધ કરી. તે પછી ૧૭૬૯માં જેમ્સ વૉટ વરાળયંત્રનો વિકાસ કર્યો. ઇંગ્લૅન્ડમાં કોલસો અને લોખંડ વિપુલ પ્રમાણમાં પ્રાપ્તવ્ય હતાં, જેથી શક્તિનાં સંસાધનો સસ્તામાં ઉપલબ્ધ થયાં.

આ બધું હોવા છતાં તેની સામાજિક અસરો સારી ન હતી. ફેક્ટરીના માલિકો મજૂરોને લાંબો સમય સુધી રોકી રાખી શોષણ કરતા અને ઘણું કામ આપતા. કામ કરવાની પરિસ્થિતિ અરુચિકર અને અસલામત હતી. મજૂરોનાં બાળકોને તેમની સાથે રાખવા પડતાં હતાં, કેટલીક વખત બાળકો પાસે પણ મજૂરી કરાવાતી હતી. મજૂરોને કોઈ પણ જાતની સ્વતંત્રતા ન હતી. દિવસનો મોટો ભાગ અપ્રીતિકર વાતાવરણમાં પસાર કરવો પડતો હતો. ઉદ્યોગોને કારણે શહેર ઘાંઘાટિયું અને ગંદું બની રહેતું પણ સુધારા ક્રમશઃ આવવા લાગ્યા, કારણ કે લોકોને નવી ટૅકનોલૉજીના ઉપયોગની જાણકારી થવા લાગી, જીવનશૈલી સુધરવા લાગી.

મોટા ભાગના ઇતિહાસવિદોના મત મુજબ પ્રબોધનનો હેતુ ૧૭૭૬ (અમેરિકન ક્રાંતિનું વર્ષ)થી ૧૭૮૬ (બેસ્ટાઈલના પતન અને ફ્રેન્ચ ક્રાંતિની શરૂઆતનો સમય) વચ્ચે આવ્યો. બૌદ્ધિક અને વૈજ્ઞાનિક દર્શનથી પ્રબોધનની અસરો ઘસાવા લાગી. બધા લોકોએ તર્કનો સિદ્ધાંત અંગીકાર કર્યો ન હતો. જીન-જેમ્સ રૂસો તેમાંના એક હતા. તેમને વિજ્ઞાનની નવી ટૅકનોલૉજી બરાબર ન લાગી. તેમાં કશોક ભય ડોકિયાં કરતો હતો. તેમને જણાયું કે પ્રબોધનને લાગણી અને ઊર્મિ સાથે સાંકળવા જોઈએ. બીજા હતા જર્મનીના લેખક અને દાર્શનિક જ્હૉન વુલ્ફગેંગ ફોનમેટે (Von Goethe) જેમને મતે વિજ્ઞાન અને પ્રકૃતિના સંબંધો તૂટતા લાગ્યા. વિજ્ઞાન પ્રકૃતિને વિખેરે છે. તેથી સૌંદર્ય અને અધ્યાત્મનાં મૂલ્યોનો હ્રાસ થાય છે. ગેટે અને બીજા જર્મનોએ સ્વચ્છંદતાવાદી અને Holistic દૃષ્ટિકોણ અપનાવ્યો. ઇંગ્લૅન્ડ અને ફ્રાંસમાં તે વધુ ચાલ્યો. બીજાને ધર્મ ભયમાં મુકાતો લાગ્યો. આથી તેઓ બાઈબલ અને પરંપરાગત શિક્ષણ તરફ પાછા વળવા લાગ્યા. આ બધાં ક્ષેત્રે હકારાત્મક વલણો વધતા લોકો સરકારથી ઉદ્યોગ ભણી અને મનોવિજ્ઞાનથી શિક્ષણના દર્શન સુધી વળ્યા.

(૨/એ, અમીકુંજ સોસાયટી, નારણપુરા પોસ્ટ
ઓફિસ પાછળ, નારણપુરા, અમદાવાદ-૧૩.
ફોન : ૦૭૯-૨૭૬૮૦૦૦૮)

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**મારી આનંદયાત્રા** : ડૉ. ભગવાનદાસ પટેલ, પ્રકાશક : અમદાવાદ, ગૂર્જર,, ૨૦૧૪, ૮, ૩૨૪ પૃ. કિં. રૂ. ૩૦૦

કહેવાય છે કે આદિ કવિ વાલ્મીકિએ તમસા તટે થયેલ ક્રૌંચવધ જોઈને માદાપક્ષીનો કરુણ ચિત્કાર સાંભળતાં વેદનાથી દ્રવિત થઈ જતાં તેમના મુખમાંથી **"मा निषाद प्रतिष्ठां त्वमगम : शाश्वतीः समाः"** ... ઉદ્‌ગાર સરી પડ્યો, જે આદિમહાકાવ્ય 'રામાયણ'ના સર્જનનું નિમિત્ત બન્યો, તેમ આપણા શિક્ષક ભગવાનદાસે ભીલ યુવક-યુવતીઓનાં લોક ગીતો સાંભળતાં તેની કાવ્યતત્ત્વથી ભરપૂર એકાદ પ્રેમગીતની પંક્તિ ''માંય પરણાવી દૂરા દેસ, ઝળૂકો મેલી દેઝે'લા, એણે ઝળૂકે ન ઝળૂકે પાસી આવું'લા ?'' અર્થાત્ ''હે પ્રિયતમ, મને દૂર દેશ પરણાવી દીધી, પરંતુ ત્યાં ફાવતું નથી. તું દર્પણ મૂકી દેજે, તેના પરાવર્તિત કિરણે હું તારી પાસે પાછી આવીશ''નો મર્મ પામી જતાં અભિભૂત થઈ ગયા અને આદિવાસીઓની કંઠસ્થ પરંપરામાં સચવાયેલ ભીલી ભાષા-સાહિત્ય તથા આદિવાસી સમાજની જાણકારી માટે પોતાની જાતને ખૂંપાવી - ઢબૂરાવી દીધી. પરિણામસ્વરૂપે સાહિત્યજગતને તેમની પાસેથી ભીલી ભાષાનાં ઉત્તમોત્તમ ગીતો, ગીતકથાઓ, કથાગીતો, લોકાખ્યાનો, લોકમહાકાવ્યો, લોકવિદ્યા વગેરે તથા સંશોધનગ્રંથો વગેરેનો ૫૦થી અધિક ગ્રંથોનો મહામૂલો ખજાનો સુલભ થઈ શક્યો છે, જેમાં 'લીલા મોરિયા', 'ફૂલરાંની લાડી', 'ડુંગરી ભીલોનો ગુજરાંનો અરેલો', 'તોળી રાણીની વારતા', 'ભીલ લોકમહાકાવ્ય', 'રાઠોર વાસી', 'રામ-સીતમાની વારતા', 'ભીલોનું ભારથ', તથા સંશોધનગ્રંથ 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. સમીક્ષિત કૃતિના સર્જન પાછળ પ્રસ્તુત લેખક કૃત 'મારી લોકયાત્રા' (૨૦૦૬)ના સર્જન બાદ આપણા પ્રથિતયશ સર્જક શ્રી રઘુવીર ચૌધરીનું સૂચન ''ભગવાનદાસ, હજી પણ તમારા ચિત્તમાં બાકી રહેલા જીવનના ઘણા-બધા, પ્રસંગો અકબંધ પડ્યા હશે, પ્રકાશમાં લાવો'' પણ કંઈક અંશે જવાબદાર છે. લેખકના જ શબ્દોમાં : ''ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકારનું આ વિધાન ચિત્ત-સાગરના તળિયે પહોંચ્યું અને ડૂબેલા પ્રસંગ – ઘટનાઓનો સ્મરણ – ડુંગર ડોલાયમાન થવા લાગ્યો. પ્રસંગો બંડ પોકારીને કહેવા લાગ્યા... અને, મારા જીવનના મોટા ભાગે આનંદ આપનારા પ્રસંગો શબ્દરૂપ ધારણ કરવા લાગ્યા. મારા જીવનના આ ચૈતસિક પ્રસંગો પુસ્તકરૂપે.''

''મારી લોકયાત્રા''માં સર્જક ભગવાનદાસે 'લોક'ને ઉકેલવા જતાં થયેલા અનુભવોની આનંદકથા વર્ણવી છે. અર્થાત્ લેખકે આદિવાસી – ભીલી કંઠસ્થ સાહિત્યની શોધ માટે જાનના જોખમે આદરેલ લોકયાત્રાઓ અને તેના પરિણામે થયેલ અનુભવોને સ-રસ રીતે અક્ષરબદ્ધ કર્યા છે. સરળ હૃદયના ભગવાનદાસને આદિવાસીઓએ પોતાના પેટના જણ્યા દીકરાથી અધિક ગણીને પોતાનું હૈયું ખોલીને પોતાની પાસે જે કંઈ હતું તે સર્વસ્વ આપી દીધું અને આ કઈ રીતે શક્ય બની શક્યું તે તથા લેખક પણ આદિવાસીઓના સ્વજન – પોતીકા કઈ રીતે બન્યા વગેરેની રસિક અને સંવેદનશીલ ગાથા અહીં વર્ણવામાં આવી છે, જે આ ક્ષેત્રના ભાવિ સંશોધકો માટે ભોમિયાની ગરજ સારે તેવી દસ્તાવેજી છે. આ 'આત્મકથા' સ્વરૂપની કૃતિ હોવા છતાં અનિવાર્ય ઉપસ્થિતિને બાદ કરતાં 'સ્વ'ની કથાને વિગલિત કરી દેવામાં આવી છે. લોકસાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન હસુ યાજ્ઞિકના શબ્દોમાં ''અહીં લેખક સમજપૂર્વકની હેતુનિષ્ઠાને પૂર્ણ સંયમ – તાટસ્થ્યથી વળગી રહ્યા છે'' જ્યારે, 'મારી આનંદયાત્રા'માં અહીં ગંભીર ભગવાનદાસ નહીં, પરંતુ બાબુ (બાળપણનું નામ) પૂર્ણ આનંદરૂપે પ્રગટ્યો છે.''

'મારી આનંદયાત્રા'માં લેખકનાં કાયમી અને કામચલાઉ નિવાસસ્થળોના આધારે નામાભિધાનિત કરેલ અને જે તે કાળખંડને આવરી લેતાં કાળક્રમાનુસાર ૬ પ્રકરણો : ૧. વતન જામળા મધ્યે, ૨. તલોદ મધ્યે, ૩. ઈડર મધ્યે, ૪. અમદાવાદ મધ્યે, ૫. ખેડબ્રહ્મા મધ્યે અને ૬. પુનઃ અમદાવાદ મધ્યે અને આ બધાં પ્રકરણોમાં સળંગ ૮૯ પ્રસંગો / ઘટનાઓ વર્ણવેલ છે.

આ આત્મવૃત્તાન્તના લેખનનો પ્રારંભ આયુષ્યના સડસઠમા વર્ષે ગણેશચતુર્થી (તા. ૧-૯-૨૦૧૧)ના દિવસે પ્રાથમિક શિક્ષણ દરમ્યાનના ગુરુ મહાશંકર જોશીસાહેબનું નામ સ્મરણ કરીને કર્યો છે. મા સાથે ખેતરે જતાં ભાદરવા માસમાં અડપોદરા ગામમાં ભરાતા ઝાલાજીના મેળાની વારતા મા કહે છે. પોતાના ગામના શૂરવીર ઝાલાજીએ મોગલો દ્વારા હરી જવાતી ગામની ગાયોના ધણના સમાચાર સાંભળતાં જ ઊડતા ઘોડે વારે ચડી ગાયો તો પાછી વાળી અને પોતે કઈ રીતે વીરગતિ પામ્યો તેની વીરરસથી ભરપૂર કથા છે. અહીં મેળે જવા હરખઘેલા ગ્રામજનો, ચોમાસુ પાકોથી ઊભરાતાં ખેતરો, મેળામાં મેળવેલ બાળસહજ આનંદ, વંટાળિયાને કારણે બાબુનું વિખૂટા પડી જવું અને ગુરુજીનું મિલન થવું વગેરે વર્ણવેલ છે. ત્યાર બાદ મિત્રો સાથેની બાળસહજ ચેષ્ટાઓ, પ્રાથમિક માધ્યમિક શિક્ષણ અને હિંમતનગરના છાત્રાવાસનાં સંસ્મરણો વર્ણવ્યા બાદ પોતાના વડવાઓ અને પરિવાર તથા અરવલ્લીના ડુંગરાના અંકમાં વસેલા વનરાજિથી શોભતા પોતાના વતન જામળા સંબંધી ભાવ-સભર સંસ્મરણો વર્ણવ્યાં છે. ગોવાકાકાના મુખે પોતાના વડવાઓનાં પરાક્રમોની વીરરસથી ભરપૂર વાર્તાઓ ઉદા. તરીકે ગામમાં મુખી બનવા માટે પટેલો - રાજપૂતો વચ્ચે ચડાસાચડસી વચ્ચે એકાદ વખતે હિંમતભાઈ પટેલ હિંમત દાખવી મુખીપણાને વરેલા તેમને રાજપૂત યુવકે છેતરીને મોતને ઘાટ ઉતારેલા અને આ પછી પત્નીના મહેણાના મારેલા તેમના દીકરા વસ્તાભાઈ પટેલે જૈન મંદિરમાં ભરાયેલા દરબારમાં રાજપૂત યુવકનું માથું ઉતારી, 'અહિંસક ઋષભદેવને માથું ચડાવી, મારતે ઘોડે બહારવટે ચડ્યા.' સમયાન્તરે બહારવટાથી તારાજ થયેલી બંને કોમે સમાધાન કર્યું. પણ અમારા વડવાઓએ, 'અમારા વંશમાં હવેથી કોઈ મુખી નહીં બને'નું પ્રણ લીધું, જે આજદિન સુધી અકબંધ છે.'' વળી, ''શિકોતરી માતાનો ભૂવો બિજોલ રબારી ભારે માથાભેર. ઊભા પાકમાં બકરાં – ગાયો ચારવા મૂકે. એક દિ' કોસ હાંકતા અમારા ખેમાભાભાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો. કાળઝાળ થઈ બિજોલના હાથમાંથી કડિયાળી ડાંગ ખેંચી લઈ મકાઈના ડોડાની જેમ બિજોલને કૂટતાં કૂટતાં કહેતા જાય, 'વાટમાં અઘવું ને ડોળા કાઢવા એ વળી શ્યાંનો ન્યા ! લે લાડવો લેતો જા. તનં તો હરગ ન મળે. નરકમાં બેઠો બેઠો લાડવા ખાજે.'... ખૂનના સમાચાર સાંભળી ઈડરથી આવેલા ફોજદારને પણ રોકડું પરખાવતાં કહ્યું કે, ''ગાળ બોલ્યો તો મારનો ભૂસ્યો નહીં રહે. બિજોલ તો ઊભા પાક ભેળતો. રીતે રીતે તપાસ કર, નકર બિજોલ વાંહય તું યે જે.'' સમય પારખું ફોજદાર બિજોલની વિરુદ્ધ પંચક્યાસ કરી ચાલતો થયો હતો વગેરે અનેકવિધ પ્રસંગો, તત્કાલીન સમયમાં પ્રચલિત ધાર્મિક માન્યતાઓ અને અંધવિશ્વાસ, સામાજિક રીતરિવાજ, રાજકારણ, કૃષક સમાજ, આઝાદી પૂર્વે ઠાકરો અને જમીનદારોની જોહુકમી વગેરેની અનેકવિધ દસ્તાવેજી માહિતી કથારસ જાળવી રાખવામાં ઉપકારક બનવા ઉપરાંત આત્મકથાને રસિક અને જીવંત બનાવી મૂકે છે.

આ ગ્રંથની એક આગવી વિશેષતા એ છે કે લેખકે પ્રસંગોપાત્ત પોતાના ગુરુજનો – પ્રાથમિકથી પીએચ. ડી. કક્ષા સુધીના અને સારસ્વતોનાં દોરેલાં શબ્દચિત્રો અને તેમના પ્રતિ વિનમ્રભાવે વ્યક્ત કરેલ ઋણસ્વીકાર. પ્રાથમિક શાળાના આચાર્ય મહાશંકર જોશી સાહેબ કે જેમના વ્યક્તિત્વમાં લેખક વશિષ્ટ અને સાંદીપનિનાં દર્શન કરે છે. આ એક એવા વત્સલ આચાર્ય છે કે જેમણે અડપોદરના ઝાલાજીના મેળામાં વિખૂટા પડી ગયેલા બાબુને ખભે ઊંચકીને ઘરે લાવેલા. આભારવશ બનેલા બાપા સૂડલો ભરીને ઘઉં આપવા ગયા તે જોતાં જ રુદ્રનું રૂપ ધરી બોલી ઊઠ્યા, ''કુબાભાઈ, તમે મારી આવી કદર કરી ? બાબુ તમારો જ દીકરો છે ? હું તેનો શિક્ષક છું. ગુરુ-શિષ્ય નાતે બાબુ મારો પણ દીકરો છે ! ઘઉં પાછા લઈ જાઓ !'' પ્રાથમિક શાળાના અન્ય એક શિક્ષક અંબાદાન ગઢવીની અધ્યાપન શૈલીથી પણ લેખક પ્રભાવિત છે. હિંમત હાઈસ્કૂલના શિક્ષક વલીભાઈને

ઓલિયાનો માણસ ગણાવીને નોંધ્યું છે : ''તેમનું ગામ પરબડા, વર્ગમાં આવે ત્યારે તેમના ગામના નામની જેમ મોઢે જ્ઞાનની પરબ બેસતી... અભ્યાસક્રમને ગાંઠે નહીં. બહારનું વધારે ભણાવે... સાહેબ માધ્યમિક શાળાના ગ્રંથાલયમાં પણ લઈ જાવ.'' અનુસ્નાતક શિક્ષણ દરમિયાનના ગુરુવર્યો આચાર્યશ્રી હરિહર શુક્લ, ભોળાભાઈ પટેલ અને મહાવીરસિંહ ચૌહાણનાં શબ્દચિત્રો તો તેમની વિદ્વત્તા અને અધ્યાપનકળાનું જીવંત સ્વરૂપ વાચક સમક્ષ ખડું કરી દે છે : ''હરિહર શુક્લસાહેબ હાથમાં 'સૂરસાગર' લઈ નંદ-યશોદાનું સામટું વાત્સલ્ય વરસાવતા વર્ગમાં પ્રવેશતા. સૂરસાગર ખોલતાં જ વ્રજની શેરીમાં વૃષભાનુની કન્યા રમવા ઊતરતી... તેમનો શબ્દ બ્રહ્મ બની જતો. મહાવિદ્યાલયનો ઘંટ વાગતો ત્યારે અમે ભાવસમાધિમાંથી જાગ્રત થતા.... અમે મળતા ત્યારે અદકેરા સ્નેહે બંનેના હૃદયતંતુ ઝણઝણી ઉઠતા. અત્યારે હરિ, હરના સાંનિધ્યમાં કૈલાસવાસી થયા છે... બીજા તાસમાં ભોળાભાઈ પટેલ સંસ્કૃત સાહિત્ય લઈને આવતા. 'મૃચ્છકટિક' ઉઘાડતાં જ વર્ગના રંગમંચ પર માટીની ગાડી ફરવા લાગતી... એટલામાં તો ભર ઉનાળે વર્ગમાં ચોમાસું બેસતું. 'મેઘ', વિરહી યક્ષનો 'દૂત' બની, ભારતયાત્રા કરતો કરતો સાંત્વના આપવા યક્ષિણી ભણી ઉપડતો. જોતજોતામાં રવીન્દ્રનાથ હાથમાં 'સેકાલ' લઈને પ્રગટતા... આમ શુદ્રકની માટીની ગાડીમાં 'મેઘદૂત' લઈ કાલિદાસ વિરાજતા. 'સેકાલ' લઈ ગઈકાલના રવીન્દ્રનાથ પણ બેસતા. કોઈ કોઈ વાર દાન્તે સાથે 'પેરેડાઈઝ લોસ્ટ' લઈને પ્રજ્ઞાચક્ષુ વિદેશી મિલ્ટન પણ બેસતા. વર્ગમાં ફરતી માટીની ગાડી બહાર નીકળી દેશમાં આવતી દેશનો રંગમંચ વળોટી પરદેશ પહોંચતી... ત્રીજી સ્મૃતિ ચિત્તમાં ઊગે છે મહાવીરસિંહ ચૌહાણ સાહેબની. જાયસીનું પદ્માવત ભણાવતાં શૃંગાર, વીર, કરુણ અને શાન્તરસ સાક્ષાત થતા. માનસસરની લ્હેરોમાંથી કુમળાદેહી સૌંદર્યશાલિની પદ્માવતી પ્રગટતી... વળી ચૌહાણ સાહેબ પાસે કબીર ભણીને – ભાદરવામાં પિતૃઓનાં શ્રાદ્ધ સંદર્ભે ગુરુ રામાનંદ – કબીર સંવાદનું હાર્દ પામી જતાં તે જ દિવસે કાકાનું શ્રાદ્ધ કરવા સિદ્ધપુર જતાં કાયટિયા બ્રાહ્મણોની રીતરસમોથી ક્ષુબ્ધ થઈ જતાં ફૂલ સમેત જળમાં ઝંપલાવવું'' આ ઉપરાંત કવિતા લખવાના શોખથી પ્રેરાઈને સ્નેહરશ્મિ અને પોતાના વતનના કવિ ઉમાશંકરની મુલાકાતોમાં અનુક્રમે વાત્સલ્યસભર અને ખાટાં-મીઠાં સંસ્મરણો તથા શિક્ષક તરીકે કારકિર્દી દરમિયાનના વત્સલ વડલા જેવા આચાર્યશ્રીઓ સર્વશ્રી નર્મદાશંકર ત્રિવેદી, રવીન્દ્ર દિવેટિયા, બાલકૃષ્ણ જોશી વગેરે સાથેનાં સ્નેહ સંભારણાં પ્રેરક અને દ્રષ્ટવ્ય બની રહે છે. વધુમાં, ખેડબ્રહ્માની કે. ટી. હાઈસ્કૂલ અને કૉલેજમાં આચાર્યશ્રી ઉજમભાઈ પટેલ, દીપકભાઈ રાવલ વગેરેના સહયોગથી યોજાતા સાહિત્યિક પરિસંવાદમાં ગુજરાતના શીર્ષસ્થ વિદ્વાનોની સાથે લેખકની ઉપસ્થિતિ, મહેમાનોની ઉપસ્થિતિથી ઊભરાતું રહેતું લેખકનું ઘર, વાલ્મીકિ રામાયણ અને ભીલોની 'રૉમ-સીતમાની વારતા' વચ્ચેનો તાત્ત્વિક ભેદ સમજવા માટે વિદેશથી ગ્રે. ડી. એલેસનું લેખકના ખેડબ્રહ્મા નિવાસસ્થાને આગમન અને લેખક દ્વારા વાલ્મીકિ રામાયણ પિતૃસત્તાક અથવા પુરુષપ્રધાન અને ભીલી રામાયણ માતૃસત્તાક જીવનદર્શનમાંથી આર્વિભાવ પામી હોવાથી તદ્‌નુસાર સ્ત્રીપાત્રોનું સર્જન હોવા સંબંધી સમજણ આપવી અને એલેસ દ્વારા પરમ સંતોષ અનુભવવો વગેરે સંબંધી સંસ્મરણો ખેડબ્રહ્માનું સાહિત્યિક પર્યાવરણ અને લેખકની સક્રિય ભાગીદારીનાં પર્યાય બની રહે છે.

માધ્યમિક શિક્ષક તરીકેની કારકિર્દી દરમિયાન વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવેલા 'ઉદયપુર' અને ઉત્તર ભારતની યાત્રા'ના પ્રવાસો તથા ૧૯૮૪ અને ૧૯૮૭ના 'વિશ્વ લોકનૃત્ય સમારોહ' અને 'દક્ષિણ કોરિયાની સાંસ્કૃતિક યાત્રા' (૨૦૧૦)નાં સંસ્મરણો વાચકને ઘેર બેઠાં ગંગાદર્શન' કરાવે તેવાં સ-રસ છે. લેખકની ધારદાર નિરીક્ષણ શક્તિનાં પણ અહીં દર્શન થાય છે. આ બધાં વર્ણનો સ્વતંત્ર લલિતનિબંધો – સાંસ્કૃતિક પ્રવાસવર્ણનો બની મ્હોરી રહ્યાં છે. અહીં નોંધવું રહ્યું કે આ ગ્રંથનાં બધાં જ પ્રકરણો સ્વતંત્ર લલિતનિબંધ સમાન છે. બૌદ્ધિક અને માર્મિક વ્યંગ અને હાસ્યનાં અમી છાંટણાં ઠેર ઠેર જોવા મળે છે. આ સંબંધી એકાદ ઉદાહરણ પર્યાપ્ત થઈ પડશે : ખેડબ્રહ્માની શાળામાં ''દેહાંતદંડ'' મોકકૉર્ટની ભજવણીમાં રામ ઉપરના વિવિધ આરોપો માન્ય રાખીને ન્યાયાધિશે

(લેખકે) રામને દેહાંતદંડની સજા ફટકારતાં ઠગાયેલા હનુમાને 'રૉમલે મને છેતર્યો' બોલતા હૂપ કરતા કૉર્ટની બહાર છલંગીને નીકળ્યા ત્યાં તો અમારા કેળવણી મંડળના પ્રમુખ શિવશંકર જોશી સાક્ષાત હનુમાન બની દાંતિયાં કરતા મારી પાસે ધસ્યા. તમે ભગવાન રામનું ગૌરવ લેપ્યું છે. હિંદુ ધર્મનું અપમાન કર્યું છે. તમને તાત્કાલિક અસરથી છૂટા કેમ નહીં કરવા ?'' આચાર્યશ્રીની દરમિયાનગીરીથી આ મામલો પરાણે થાળે પડેલો અહીં સાબરકાંઠાની બોલી તથા ભીલીભાષાનો કરવામાં આવેલો પ્રસંગોપાત્તનો પ્રયોગ પ્રભાવક વાતાવરણ ખડું કરવામાં અસરકારક ભૂમિકા અદા કરે છે, જે દ્રષ્ટવ્ય બની રહે છે.

ગ્રથાન્તેનાં ત્રણ પરિશિષ્ટો લેખકના વ્યક્તિત્વ અને પ્રદાનને પામવા – સમજવા માટે ખૂબ જ ઉપરકાર નીવડે છે. આ પૈકીનાં પ્રથમ બે તો લેખકના આત્મવૃત્તાંતનો અંતરંગ હિસ્સો જ છે. પ્રથમ પરિશિષ્ટ : સાક્ષર સ્નેહીઓ પ્રથમ દષ્ટિએ - માં ભીલી સાહિત્ય શોધ - સંપાદન - પ્રકાશન યાત્રા દરમિયાન સર્વશ્રી હસુ યાજ્ઞિક, હરિવલ્લભ ભાયાણી, મકરંદ દવે, ઉપેન્દ્ર ત્રિવેદી, નીલા શાહ, બળવંત જાની, ગણેશ દેવી વગેરે ૨૫ જેટલા સહૃદયી – સાક્ષરોના સંપર્કમાં આવવાનું થતાં તેમનાં વ્યક્તિત્વ તથા ગુણરાશીને ઉજાગર કરવાની સાથે લેખક તેમની સાથે કયા પ્રસંગથી સંપર્કમાં આવ્યા અને આ સૌએ લેખક ઉપર વરસાવેલ અમીવર્ષાનાં સ્નિગ્ધ – સ્નેહ સંભારણાં ભાવિભોર હૈયે અને ઋણસ્વીકારની ભાવના સાથે રજૂ કર્યાં છે. ઉપેન્દ્ર ત્રિવેદી વિશેનું શબ્દચિત્ર : ''નાટકનો આ નરદમ જીવ પ્રથમ પરિચયે જ મંત્રીપણાને એક તરફ મૂકી પૃથ્વીવલ્લભ બની 'મધરામેધ'ની જેમ ગાજેલો. આમેય પૃથ્વીવલ્લભ સામે મંત્રીપદ શી વિસાતમાં ? પછી તો એમના આવાસ અને સચિવાલયની કેબિનમાં અમારી ગોષ્ઠિઓ જામતી... (કલેશ્વરીના મેળામાં) ઉપેન્દ્રભાઈ કાળુના વેશે અને હું ગ્રામજન બની મહાલતાં મહાલતાં ખુદ મેળો બની ગયેલા !'' – દષ્ટવ્ય બની રહે છે. પરિશિષ્ટ-૨ : આદિવાસી મૌખિક સાહિત્યનાં પોખણાં – માં લેખકને દેશ – વિદેશમાંથી મળેલ માન-સન્માનો, એવૉર્ડ્સ ઉદા. તરીકે 'ટાગોર લિટરેચર એવૉર્ડ', 'ભાષા સમ્માન', 'શ્રી ઝવેરચંદ મેઘાણી એવૉર્ડ', 'ભીલી ભાષા - સાહિત્ય સન્માન' વગેરે સમારોહોનાં ભાવસભર વર્ણનો, યુરોપ અને દક્ષિણ કોરિયાની સાંસ્કૃતિકયાત્રાઓનું વર્ણન અને આ સાથે આ બધાં માન-સન્માનો પાછળના પ્રમુખ આધારસ્તંભ સમાન માહિતીદાતાઓ પૈકી પાંચમહુડાના રાજાકાકા, જીવાકાકા અને લેખકને સતનો સૈયો ગણનાર અને લગ્ન ગીત-કથાઓની ખાણ સમાન પંથાલ ગામનાં હરમાંઆઈ સાથેનાં સંસ્મરણો અને હૃદયોદ્‌ગારો ગ્રંથસ્થ કર્યાં છે. હરમાંઆઈના ભાવસબળ શબ્દો : 'માર પૉસ સૈયા હેં નં પૉણ બત્તા પાપીલા હેં. માર પાપમાંહી પેદા થા હેં. એક થું હેં ઝો માર ધરમનો દીકરો હેં ને માર મન સતનો સૈયો હેં. ખેર વો આવે ન આઈ ! આઈ ! કરતો માર કને બેહેં. થું આવે એતણ વૈઈરો વાઝેંન વરસારામા લીલું ખૉર ખલ્લાટા મારે એંમ મારો હરદો પૉણ ખુસ્સીહો ખલ્લાટા મારે ! થેં કઉં એતણ મેં પરું ગીત ગાધું. નકર પરું ગાતીસ નહીં ને !'' (પૃ., ૩૧૭)માં માહિતીદાતા અને લેખક વચ્ચે ધરમની મા-દીકરાના સંબંધનાં અંતરંગ દર્શન થાય છે. આવું વિરલ માન મેળવવાનું શ્રેય લેખકનાં તપઃ પૂત સાધના અને અણીશુદ્ધ ચારિત્ર્યને જાય છે, જે આ ક્ષેત્રના સંશોધકો માટે ઉદાહરણસ્વરૂપ બની રહે છે. અંતિમ પરિશિષ્ટમાં ડૉ. હસુ યાજ્ઞિક દ્વારા લેખકનાં જીવન અને કાર્યને મૂલવતો અધ્યાપકીય નિષ્ઠા સાથેનો સ-રસ આલેખ સંલગ્ન છે.

પ્રસ્તુત ગ્રંથનું સાદ્યંત વાચન કરતાં તેના લેખકના વ્યક્તિત્વની કેટલીક નોંધપાત્ર ખાસિયતો ઊપસી આવે છે, જેમ કે ૧. પોતાના ગુરુજનો અને સાક્ષર - સ્નેહીજનો પ્રતિ અનન્ય આદરભાવ, ૨. વિદ્યાના કોરા ઉપાસક ન બની રહેતાં માહિતીદાતા આદિવાસી સમાજ પ્રતિ સ્વજન સમાન પ્રેમભાવના અને પોતાને આ સમાજનો અંતરંગ હિસ્સો સમજીને તેમના કલ્યાણ અર્થે પ્રયત્નશીલ બની રહેવું, ૩. વિષયવસ્તુની રજૂઆતમાં બાલસહજ નિખાલસતા અને સચ્ચાઈ, ૪. સરળ, સંવેદનશીલ અને પરહિતપરાયણ સ્વભાવ, ૫. અધ્યયનશીલ પ્રકૃતિ અને વિષયનું તલસ્પર્શી જ્ઞાન ૬. બૌદ્ધિક અને માર્મિક વ્યંગથી સભર પોતીકું ભાષાસામર્થ્ય અને સૌષ્ઠવશીલ અભિવ્યક્તિકળા, ૭. લાઘવતા, ૮. રસનિર્વહણની નૈસર્ગિક ક્ષમતા વગેરે.

સમગ્રતયા સહૃદયી સર્જકે ગીતામંત્ર "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन"... ને આત્મસાત કરીને આદિવાસીઓની કંઠસ્થ પરંપરામાં સચવાયેલ અને પ્રાયઃ અજ્ઞાત રહેલ ભીલી લોકસાહિત્યને પ્રકાશમાં આણવા નિજાનંદથી વેઠેલ સંઘર્ષો અને તેના પરિણામે મેળવેલ આદિવાસી સમાજ અને સંસ્કૃતિનું જ્ઞાન તથા દેશ-પરદેશની સાંસ્કૃતિકયાત્રાઓ ઉપરાંત સાબરકાંઠાના પાટીદાર સમાજો અને શિક્ષણ, માધ્યમિક શિક્ષણ પર્યાવરણ, ગ્રામીણ સમાજ અને લોકસંસ્કૃતિ, પોતાના શ્રદ્ધેય ગુરુજનો અને સાક્ષર – સ્નેહીજનોનાં ગુણાનુરાગી સુરેખ રેખાચિત્રો વગેરેને ''માણ્યું તેનું સ્મરણ કરવું એ છે જિંદગીનું લ્હાણું'' અને વિશુદ્ધભાવથી પ્રાણથી સિંચિત હૃદયોદ્‌ગાર વ્યક્ત કરતો સાંસ્કૃતિક દસ્તાવેજી ગ્રંથ એટલે 'મારી આનંદયાત્રા' કે જે લેખકની સાથે સાથે તેના વાચકની પણ સત્ત્વશીલ આનંદયાત્રા બની રહે છે. આ ગ્રંથ ગુજરાતી આત્મકથા સાહિત્યના નભોમંડળમાં એક તેજસ્વી નક્ષત્ર સમાન દીપી ઊઠે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

*

**Pre-Modern Kutchi Navigation Techniques and Voyages** : Transcribed and edited by Ashok B. Rajeshirke. New Delhi : National Museum; Vadodara (Gujarat) : Darshak Itihas Nidhi, 2014. Xiii, 944 Art Paper. (29x22.5 cm. Weight : 4 kg.) ISBN : 81-85832-28-5 / Rs. 765.00

હસ્તપ્રતોની પ્રાપ્તિની દૃષ્ટિએ ભારત વિશ્વના દેશોમાં સૌથી અધિક સમૃદ્ધ દેશ છે. એક અંદાજ અનુસાર ભારતમાં પ્રાચીન – મધ્યયુગમાં લખાયેલ હસ્તપ્રતોની સંખ્યા ૫૦ લાખથી અધિક છે, જે પ્રાયઃ પ્રાચ્યવિદ્યા સંસ્થાઓ, જૈન જ્ઞાનભંડારો, મ્યુઝિમ્સ, ખાનગી સંગ્રહો, ધાર્મિક સંસ્થાનો, ગ્રંથાલયો વગેરેમાં સંગૃહીત છે. આ બધી હસ્તપ્રતો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને આધુનિક ભારતીય ભાષાઓમાં અને વિવિધ લિપિઓ જેમ કે દેવનાગરી, શારદા, બાંગ્લા, ઉડિયા, તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ, ગ્રંથ વગેરેમાં અને તે પ્રાયઃ ભોજપત્ર, તાડપત્ર, કાગળ, કાપડ વગેરે માધ્યમો ઉપર લખવામાં આવેલી છે. પ્રાચીન ભારતની સાંસ્કૃતિક ધરોહરને જાળવી રહેલ આ હસ્તપતો જ્ઞાન-વિજ્ઞાનના અનેકવિધ વિષયો જેમ કે સાહિત્ય, ધર્મ-દર્શન, સમાજવિદ્યા, ઇતિહાસ, લલિતકળાઓ, જ્યોતિષ, ખગોળ, ગણિત, રસાયણ, વૈદક વગેરે સંબંધી છે. આ પૈકીની ઘણી મહત્ત્વપૂર્ણ કૃતિઓ અપ્રગટ છે.

હસ્તપ્રત સ્વરૂપમાં સચવાયેલ, પ્રાયઃ અજ્ઞાત અને અપ્રગટ કૃતિઓ પૈકીની એક અણમોલ અને અલભ્ય (Rere) કૃતિ કે જેના માટે માત્ર ગુજરાત અને ગુજરાતી ભાષા – કચ્છી ભાષા / બોલી જ નહીં પરંતુ સમગ્ર દેશ અને વહાણવિદ્યા સાથે સંકળાયેલ જ્ઞાનજગત ગર્વ લઈ શકે તેવી Indiginious કૃતિ છે. **'માલમની પોથીઓ'**. પ્રસ્તુત ગ્રંથમાં આઠ પોથીઓની પ્રતિકૃતિઓ – Fac-simile, મૂળ પાઠનું દેવનાગરીમાં લિપ્યંતર અને વિદ્વત્ત પ્રસ્તાવના સમાવિષ્ટ છે. કાગળ ઉપર લખવામાં આવેલ આ બધી પોથીઓ નેશનલ મ્યુઝિયમ, નવી દિલ્હી (મેન્યુસ્ક્રિપ્ટ નંબર ૮૨.૨૬૩થી ૨૬૯ અને ૨૭૧)માં સંગૃહીત છે. આ પોથીઓ મ્યુઝિયમ દ્વારા હરીલાલ રંગીલદાસ માંકડ પાસેથી કેટલાક દશક પૂર્વે મેળવવામાં આવી હતી, જેનો લેખન સમય સંવત ૧૭૨૧થી ૧૯૬૨ અર્થાત્ ઈ. સ. ૧૬૬૫થી ૧૯૦૬ છે. શ્રી હસમુખ શાહના મતાનુસાર આ પ્રકારની હાથપોથીઓ આજે પણ ભુજ અને માંડવીના બજારોમાં મળી રહે છે, પરંતુ તે બધી પ્રાયઃ ૧૯-૨૦મી સદીની છે, જ્યારે પ્રકાશન માટે પસંદ કરવામાં આવેલી આ પોથીઓ પ્રાચીનતમ જ્ઞાત પોથીઓ છે. ગુજરાતીઓ સદીઓથી – હડપ્પન સંસ્કૃતિ કાળથી – દરિયાઈ માર્ગે આફ્રિકા, દક્ષિણ પૂર્વ એશિયા વગેરે દેશો સાથે વેપાર ખેડતા આવ્યા છે, જે ઐતિહાસિક સાધનોથી પ્રમાણિત છે. આ ઉપરાંત આ સંબંધી કાલ્પનિક કથાઓ 'કથાસરિત્સાગર', 'વસુદેવહિંડી' વગેરે જેવા સાહિત્યિક ગ્રંથોમાં પણ સચવાયેલી જોવા મળે છે. પરંતુ આ બધાં પ્રમાણોને વળોટી જાય તેવું ઠોસ પ્રમાણ એટલે આપણા કચ્છી માલમો (અરબી : મુઅલિમ્મ) એ સદીઓથી જાત અનુભવોના આધારે વહાણવિદ્યા – નાવિકવિદ્યા ક્ષેત્રે મેળવેલ વ્યાપક, ગહન અને અધિકૃત જ્ઞાનને નિરૂપિત કરતી 'માલમની પોથીઓ'. વહાણવિદ્યામાં આધુનિક ટેક્નોલોજીનો

વિનિયોગ કરવામાં આવ્યો તે પૂર્વે કચ્છી વહાણખેડુઓ પરંપરાગત વહાણોથી આ પોથીઓ અનુસાર દરિયો ખેડતા. પરંપરાગત ટેક્નિક અનુસાર છેલ્લું વહાણ ઈ. સ. ૧૯૬૦ના અરસામાં નાંગરવામાં આવ્યું હતું. સદીઓથી ચાલી આવતી આ પરંપરાગત વહાણ વિદ્યાની જાણતલ પેઢીનો પ્રાયઃ અસ્ત થઈ ગયો છે.

આ પોથીઓનો કર્તા કોણ ? આ એક પ્રશ્ન છે. કારણ કે અહીં પેઢીઓથી ઉદ્યમી નાવિક સમાજની મૌખિક પરંપરામાં સચવાયેલ જ્ઞાનને લિપિબદ્ધ કરવામાં આવ્યું છે, તેથી કોઈ એક કર્તાનું કર્તૃત્વ હોવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. આમ છતાં આ પૈકીની એક માત્ર પોથી નં. ૮૨/૨૬૫ના ફકરા ક્રમાંક [૦૧.૧૩૧] : ''સંવત ૧૯૫૨ માસ XXXને વાર મગરેના રોજ ૩૧૩નું લેખી છે તે માલમ પરધાન પોરવારા આગલથી સાભરીને તે બંદર મસકત મા ઉતારી મા વસરામ ફરાણી એ ઉતારી છે'' (પૃ. ૨૫૭)ના ઉલ્લેખ અનુસાર આ પોથીના સંગ્રાહક – Compilerનું શ્રેય માલમ વસરામ ફરાણીને શિરે જાય છે. બાકીની એક પણ પોથીમાં સંગ્રાહક કે લહિયાના નામનો ઉલ્લેખ જોવા મળતો નથી. ક્વચિત્ કોની પોથીના આધારે ઉતારો કરવામાં આવ્યો છે તેવી નોંધો જોવા મળે છે. ઉદા. તરીકે પોથી નં. ૮૨/૨૬૪ના ફકરા નં. [૦૧/૮૪]માં ઉલ્લેખ છે કે 'માલમ વીસેરામ હરદાસાણીની પોથીનો ઉતારો છે.' (પૃ. ૧૦૯), પોથી નં. ૮૨/૨૬૬ના ફકરા [૦૧.૧૬૩]માં ઉલ્લેખ છે કે ''માલમ કેસવ જીવાણીના પોથીનો ઉતારો'' (પૃ. ૨૭૯) વગેરે. આ વિધાનો ઉપરથી પ્રતિફલિત થાય છે કે આ બધી પોથીઓ અગાઉની પોથીઓના ઉતારા – નકલો છે, જ્યારે વિભાગ-૨ની પોથીઓને સંપાદક ડૉ. રાજેશિખરે મૂળ પોથીઓ તરીકેની ગણના કરે છે.

ભારતીય હસ્તપ્રત લેખન પરંપરા અનુસાર સામાન્યતઃ ગ્રંથનો પ્રારંભ ઈષ્ટદેવના સ્મરણ કે ૐ, શ્રી૧ા ઇત્યાદિ શુભ સંકેતોથી કરવામાં આવે છે, તેમ અહીં ગ્રંથારંભે નહીં, પરંતુ કેટલાક ફોલિયોનો પ્રારંભ શ્રી૧ા, શ્રી ગણેશાએ નમા શ્રી રણછોડજી સત છે વગેરેની નોંધથી જોવા મળે છે. આ ઉપરાંત દરિયાઈ સફર દરમિયાન પોતે જે કંઈ કાર્યવાહી કરે છે તે પોતાના ઈષ્ટદેવની સાક્ષીએ કરે છે – ઈશ્વર જાણે છે તે ભાવ સાથે કરે છે. તેવી નોંધો પ્રસંગોપાત્ત મળે છે ઉદા. તરીકે પીર ઉસદાદ જાણે છે, પીર ખધરીઆત જાણે છે તે સત છે, પીર કાજી મામદ જાણે છે. (૦૨.૦૨, ૫૪૮ પૃ.), રતનાગર સાગર પોચારસે ને શ્રી ભગવાન સત છે (પૃ. ૬૮૮) વળી, જે વારે લેખન કરીએ તે વારે ઉદા. તરીકે આતવાર હોઅ તવારે રવુ કરી લીખીએ ! સોમવાર હોએ તવારે સાથે કરી લખી એ... (૦૧.૫૩, પૃ. ૭૮). આ ઉપરાંત હસ્તપ્રતોમાં જેમ ક્વચિત્ લહિયાઓની ખાસિયતો વર્ણવવાની પ્રથા જોવા મળે છે, તેમ અહીં પણ કુશળ માલમ કોને કહેવાય તે પણ દર્શાવવામાં આવેલ છે ઉદા. તરીકે માલમની ચતુરાઈની છે માલમ તેજે ઉસદાદ ને માને, માલમ તેજે વાણ જારવીને ખેડે... માલમ તે જો આટલા વંચન પારે સહી સાચો ૧ ધણી જાણે છે (૦૧.૬૩, પૃ. ૭૮)

અહીં આ આઠ પોથીઓને ત્રણ વિભાગોમાં વિભાજિત કરવામાં આવી છે. પ્રથમ વિભાગમાં સમાવિષ્ટ ક્રમાંક ૮૨/૨૬૩થી ૨૬૬ સુધીની પોથીઓમાં કચ્છી માલમો દ્વારા અપનાવવામાં આવતી વહાણવિદ્યાની પ્રક્રિયા, ખગોળીય ચાર્ટ, નક્ષત્ર કાઢવાની રીત (પૃ. ૨૬૩). નોટિકલ કોઠાઓ, આકૃતિઓ, નકશા, હવામાન, પવનો અને મોજાં, મહાસાગર અને બંદરો, બંદર અને વહાણ વચ્ચેનું અંતર સૂર્ય મધ્યાહને હોય ત્યારે કાંસાની થાળીમાં સમુદ્રનું પાણી ભરીને તેમાં પ્રતિબિંબિત થતો કાળો, પીળો, સફેદ, લીલો અને લાલ રંગના આધારે સમુદ્ર અને બંદર વચ્ચેનું અંતર નક્કી કરવું (૦૧.૫૨ પૃ. ૭૩). પાણીનું ઊંડાણ, જળચર પ્રાણીઓ અને પક્ષીઓનું આવાગમન અને ભાવિ સંકેત તથા દરિયાઈ માર્ગે આવતાં ભયજનક સ્થાનોના અવરોધોને કઈ રીતે સરળતાથી પાર કરવા તથા દરિયાઈ દેવતાની પૂજાવિધિ સંબંધી માર્ગદર્શન વગેરે સૈદ્ધાંતિક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી, કચ્છી ખલાસીઓએ દરિયામાં વિવિધ જગ્યાએ મોરેજા પ્રકારના સાપની ઉપસ્થિતિ આધારિત વહાણવિદ્યા સંદર્ભે હાંસલ કરેલ પોતાની આગવી ટેક્નિક સંબંધી ઘણી વિગતો પોથીઓમાં વર્ણવવામાં આવી છે. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ કે અલગ અલગ ૧૬ પક્ષીઓ જેમ કે તેતર, પોપટ, કબૂતર, કલક, મોર, બુલબુલ વગેરે કોઈ એક સમયે બોલે

તો તે શું સંકેત સૂચવે છે તે પ્રત્યેકનાં ૧૦-૧૦ અર્થઘટનો પોથીઓમાં નોંધેલ છે. ઉદા. તરીકે તેતર : બાપારે વારુ થાશે ઘણો લાભ છે વેપાર કરજો, પોપટ : દસમન સુવઢ જે દસમન હારસે તારો બોલ ઉપર થાસે ચંતા મ કરીસ તાદુર : ખરીદ મ કરીસ તુને જીઆત છે જોઈ કરજે તુને વારુ નથી, બાજ : એ માણસ સુપ્રીત મ કરીસ એ માણસ વારુ નથી ખોટું છે વગેરે (પૃ. ૫૬-૪૭). દ્વિતીય વિભાગમાં પોથી ક્રમાંક ૮૨/૨૬૭, ૨૬૯ અને ૨૭૧માં ૩૭ વાસ્તવિક દરિયાઈ સફરોના અહેવાલો છે, ઉદા તરીકે ગાલી – કલકત્તા – માલદીવ્સ – કોલંબો – માલદીવ્સ – કોલંબો, માંડવી – માલદીવ્સ, કલકત્તા – મસ્તક – મુંબઈ, ઝાંઝીબાર – લામુ – મુંબઈ, પોર્ટબેટ – ઓખા, રંગૂન – નિકોબાર, મોઝામ્બિક – ઝાંઝીબાર, માંડવી – મોમ્બાસા, એડન – ઝાંઝીબાર વગેરે. કે જે ભાવિ નાવિકો માટે ભોમિયાની ગરજ સારે છે. આ પોથીઓ વહાણની લોગબૂકો છે, કે જેમાં વહાણ કયા બંદરેથી ક્યારે ઊપડ્યું તેની નોંધ પ્રાય : વિક્રમ સંવત કે ક્વચિત્ વિક્રમ સંવત ઉપરાંત હિજરી સંવત અને ઈસવીસન અનુસાર કે જેમાં વર્ષ, માસ, દિન સાથે કરવામાં આવી છે, તેમ જ વહાણ કોની માલિકીનું છે, વહાણનું માપ, હવામાન, મુસાફરી દરમિયાન ભારે પવન અને મોજાંના કારણે વહાણને થંભાવી દેવામાં આવ્યું હોય તેની વિગત, પાણીની ઊંડાઈ વગેરે વિગતો નોંધવામાં આવી છે. પરંતુ જે તે પ્રવાસમાં મુખ્ય માલમ કોણ હતું કે આ પોથી કોણે લખી તે સંબંધી કોઈ નોંધ જોવા મળતી નથી. વિભાગ-૩ (પોથી ક્રમાંક ૮૨/૨૬૮)માં અંદાજિત ૧૫૦૦ કચ્છી માલમો અને મુકાદમોની યાદી છે. આ યાદીઓ સંવત ૧૯૪૬, ૧૯૫૮ અને ૧૯૬૦માં કરવામાં આવેલી છે.

પ્રસ્તુત પોથીઓને જ્ઞાનજગત સમક્ષ ઉજાગર કરવામાં સંપાદક – લિપ્યંતર કર્તા ડૉ. રાજેશિખરેની કર્મઠ ધ્યેયસાધનાનાં પદે પદે દર્શન થાય છે. સંપાદકે મોડી લિપિથી પ્રભાવિત ગુજરાતી લિપિનું અને જૂની ગુજરાતી ભાષા – કચ્છી ભાષા / બોલીનું પર્યાપ્ત જ્ઞાન અર્જિત કરવા ઉપરાંત પોથીઓમાં વપરાયેલા કેટલાક શબ્દો અને પદોની સંદિગ્ધતા દૂર કરવા કચ્છ અને સૌરાષ્ટ્રનાં કેટલાંક બંદરો જેમ કે માંડવી, સલાયા, ઘોઘા વગેરેની એકાધિક મુલાકાતો લઈ ત્યાંના વયોવૃદ્ધ માલમોને રૂબરૂમાં પણ મળ્યા છે. વળી, આ પોથીઓનાં ઘણાં પાનાં ગુમ થયેલાં હોવાથી ભાવિ સંશોધકો પાઠનો ચોકસાઈપૂર્વક સંદર્ભ આપી શકે તે હેતુથી મૂળ ફોલિયો / પાન નંબરના સ્થાને મોટા કૌંસમાં ફકરા ક્રમાંક આપ્યા છે. આ રીતે પ્રથમ વિભાગની ચાર પોથીઓને સળંગ ૧/૦૧થી ૧૭૧, બીજા વિભાગનાં ૦૨/૧થી ૩૭ અને ત્રીજા વિભાગને ૦૩/૧થી ૦૬ ફકરા ક્રમાંક આપ્યા છે. લિપ્યંતર દરમિયાન જે ફોલિયો પાન નંબર ગૂમ છે. (ઉદા. ત., Ten follios are missing...p. ૩૪) અથવા પાઠ અધૂરો (ઉદા. ત., Incomplete p. ૫૩), કોઈ પાઠ અવાચ્ય હોય તો XXX ચિહ્નથી, ખાલી જગ્યા હોય તો (Some part is blank), સંદિગ્ધ જણાતાં પદોની સાથે કૌંસમાં આધુનિક ગુજરાતી કે અંગ્રેજી શબ્દપ્રયોગ વગેરે બાબતોની કાળજીપૂર્વક નોંધો સંપાદકની પાઠ સંપાદનકળામાં પ્રવીણતા અને ચોકસાઈનાં દ્યોતક છે. આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથની 'પ્રસ્તાવના' આ વિષય ક્ષેત્રનો પૂર્ણતઃ સંશોધકીય અભિગમથી લખાયેલ વિદ્વત્ત મોનોગ્રાફ સમાન હોઈ ભાવિ સંશોધકો માટે દિશાસૂચક બની રહેશે. ગ્રંથાન્તેની પારિભાષિક શબ્દોની સમજૂતી શ્લાઘનીય છે. આ ઉપરાંત માંડવીમાં સ્થિત ૧૮મી સદીના પાંચ પાળિયાઓ અને દરિયાઈ દેવતા રત્નાકરસાગરનો ફોટોગ્રાફ આપવામાં આવેલ છે જે સંપાદકની ઐતિહાસિક દૃષ્ટિનાં પ્રતિકારક બની રહે છે. કચ્છી માલમોની વહાણવિદ્યા સંબંધી ડૉ. રાજેશિખરેનું મંતવ્ય : "Kutchi navigation techniques were either borrowed from others or were an integral part of a knowledge community which had developed and matured over the centuries. Navigational knowledge revealed in the pothis owed considerably to the special qualities of Kutchi malams, their temperament and bent of mind. ...Despite methodological dilemmas, the existence Pothis have tremendous potential for enhancing our knowledge regarding the traditional forms of navigation in the Indian Ocean, and providing significant date for

understanding the marine topography and climatic condition of the Indian ocean.'' આપણા માટે ગર્વરૂપ બની રહે છે.

ગુજરાતને ગૌરવ અપાવે તેવા ગુજરાતી Indiginious વહાણવિદ્યાને સૌ પ્રથમવાર દસ્તાવેજી સ્વરૂપે વિદ્યાજગત સમક્ષ ઉજાગર કરવાનું શ્રેય નૅશનલ મ્યુઝિયમ અને સવિશેષતઃ દર્શક ઇતિહાસ નિધિ અને તેના દૃષ્ટિવંત ચેરમેન સંસ્કૃતિપુરુષ હસમુખ શાહના શિરે જાય છે. આ નિધિ દ્વારા ગુજરાતના ઇતિહાસ અને ઇતિહાસવિદ્યા સંબંધી કેટલાંક ઉત્તમ પુસ્તકો આ પૂર્વે પ્રગટ કરવામાં આવ્યાં છે. પરંતુ આ પૈકી વિશેષ ઉલ્લેખનીય ઘટના એ કે આ નિધિ દ્વારા 'Gujarat and the Sea' વિશે ખરા અર્થમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસંવાદના ફળસ્વરૂપે આ જ શીર્ષક હેઠળ લતિકા વરદરાજન સંપાદિત ગ્રંથ (૨૦૧૧)નું પ્રકાશન. આ ગ્રંથને આવકારતાં લૉર્ડ ભીખુ પારેખના શબ્દો : ''A rich and long overdue collection of first class essays exploring several neglected areas of Gujarat's history and culture. I know no other collection that matches its range and depth'' અને જાણીતા શિક્ષણવિદ્ મૂસા રઝાના શબ્દો : ''I felt like Ibn Battuta travelling back in time. So much authentic information pacd in so few articles'' દૃષ્ટવ્ય બની રહે છે. પ્રતિભાસંપન્ન સર્જક, કેળવણીવિદ્ અને ઇતિહાસવિદ્ દર્શકની ઇતિહાસનિષ્ઠાને પ્રોજ્જ્વલિત કરે તેવા આ ગ્રંથો છે. નોંધ લેવી રહી કે ફાર્બસ ગુજરાતી સભા, ભો. જે. વિદ્યાભવન અને દર્શક ઇતિહાસ નિધિ ગુજરાતના ઇતિહાસનાં પ્રમાણભૂત અને વિદ્વત્ત ગ્રંથોના પ્રકાશનોથી ગુજરાતની અને સમગ્ર વિદ્યાજગતની મહતી સેવા કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે શ્રી હસમુખ શાહ સ્વયં પ્રબુદ્ધ સર્જક છે જેની પ્રતીતિ તેમના સંસ્મરણાત્મક ગ્રંથ 'દીઠું મેં' (૨૦૧૩)ના માધ્યમથી થાય છે. આ ગ્રંથ સમકાલીન ઇતિહાસ અને સમાજજીવનનો પ્રામાણિક ચિતાર આપતો દસ્તાવેજી ગ્રંથ હોવાની સાથે સાથે રસળતા ગુજરાતી ગદ્યનો ઉત્તમ નમૂનો પણ પૂરો પાડતો આસ્વાદ્ય ગ્રંથ છે.

**મણિભાઈ પ્રજાપતિ**

## ઉત્તમ વિવેચકો

આપણા વિવેચનસાહિત્યને સો વર્ષ થયાં. નવલરામનું થોડુંક વિવેચનકાર્ય બાદ રાખીએ, તો અત્યાર સુધીના ગુજરાતના ઉત્તમ વિવેચકો મારે મન ત્રણ છે : આનંદશંકર, બલવંતરાય અને રામનારાયણ. આમાંના પાછલા બે કવિઓ પણ છે. ગુજરાતી કવિતાની લખાવટ ઉપર બલવંતરાયની કવિતાનો પ્રભાવ એમના વિવેચન કરતાં પણ વધારે સૂક્ષ્મ અને સઘન છે. આનંદશંકર અને રામનારાયણભાઈનું એક સાથે સ્મરણ થાય છે એ તો એ કારણે કે શુદ્ધ કાવ્યપદાર્થમાં જ એમને રસ છે. કાવ્ય સિવાય કશાનો કક્કો એમને ખરો કરવાનો નથી. બલવંતરાયમાં કેટલીક વાર અતિઆગ્રહ વગેરેનો ભેળ વરતાશે. આનંદશંકર અને રામનારાયણભાઈનાં વિવેચન વખત જશે તેમ સુજ્ઞ અને સૂક્ષ્મદર્શી સાહિત્યસેવિઓ પર વધારે ને વધારે પકડ જમાવશે. ૨૦મી સદીના અંત સુધીમાં એમના જેવા એકબે વિવેચકો ઉમેરાય તો હું ઘણો સંતોષ માનીશ. કવિતાલેખકો, લખતી વેળા, બલવંતરાયની અસર નીચે ગમે તેટલા હોય, રામનારાયણભાઈ સૌ કવિતાલેખકોના અંતરાત્માના રખેવાળ સમા હતા જ.

**ઉમાશંકર જોશી**


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૫, અંક : ૩, મે-જૂન, ૨૦૧૫, સળંગ અંક : ૨૭**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

























મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરતાં તજજ્ઞશ્રીઓ : ૧. શ્રી વી. આર. એસ. કૌલગી, I.A.S., ૨. શ્રી સતીશ પટેલ, IAS, ૩. શ્રી ધવલ પટેલ, I.A.S., ૪. શ્રી કાર્તિકેય બુદ્ધભટ્ટી, I.A.S., ૫. શ્રી ધ્રુમન નિંબાલે, I.P.S., ૬. શ્રી મયુર પટેલ, I.P.S., ૭. શ્રી લીના પાટિલ, I.P.S., ૮. શ્રી ભૂમિકા પટેલ, I.R.S.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 5, Issue No. 3 May-June 2015
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગરના પ્રવેશોત્સવનું દૃશ્ય.

